પ્રકાશન
સ્વામી ગોવિંદ ચૈતન્ય,
જ્ઞાનોદય પ્રકાશન
૧૨૯, ડૉ એસ એસ. રાવ રોડ
લાલબાગ, મુંબઈ-૧૨

© જીવન જાગૃતિ કેન્દ્ર
૩૧, ઇઝરાયલ મોહલ્લો,
ભગવાન ભુવન, પહેલે માળે
મસ્જિદ બંદર, મુંબઈ-૯

મુદ્રક
એમ એમ પ્રજાપતિ
શ્રી ગણેશ-ગાયત્રી પ્રિન્ટરી
૨૧/બી, ડુંગરશીનગર
અમદાવાદ ૩૮૦૦૦૭

આવૃત્તિ પહેલી
સપ્ટેમ્બર ૧૯૭૩
કિંમત ૨ રૂપિયા

ધ્યાન : એક વૈજ્ઞાનિક દૃષ્ટિ

આ ગ્રંથમાળામાં પ્રગટ કરવા ધારેલાં રજનીશજીના ધ્યાન અંગેના વિશિષ્ટ સંકલનોનું આ પહેલું પુસ્તક છે. જૂદી જૂદી જગ્યાએથી વીણીને, તારવીને ખાસ ધ્યાનને લગતી સામગ્રી એકઠી કરીને, સાધનામાં સીધો જવા માંગનારને ઉપયોગી થવાય તેવા સંકલનો તૈયાર થઈને પ્રગટ થશે.

આ પુસ્તકમાં ધ્યાન અંગેના રજનીશજીના ચાર નાના પ્રવચનો લીધાં છે.

(૧) ધ્યાન-મંદિર
(૨) ધ્યાન : એક વૈજ્ઞાનિક દૃષ્ટિ
(૩) ધ્યાન — નિર્વિચારમાં લઈ જનારી એક પ્રક્રિયા
(૪) ધ્યાન — વ્યક્તિના રૂપાંતરણનું દ્વાર.

કિંમત માત્ર ૨ રૂપિયા

લખો :—
જ્ઞાનોદય પ્રકાશન
૧૨૯, ડૉ. એસ. એસ રાવ રોડ
લાલબાગ, મુંબઈ ૪૦૦૦૧૨

ભૂમિકા

આ પુસ્તકમાં રજનીશજીના મહાવીરવાણી નામના પ્રવચનો અગીયારમાં અને બારમાં પ્રવચનને આવરી લીધાં છે

અગીયારમા આ પ્રવચનમાં રજનીશજીએ મહાવીરના બીજા બારવ્રત જોઠારી અને ત્રીજા બારવ્રત પરિગ્રહપરિમાણની વાત કરી છે સામાન્ય રીતે ઉપભોગીના અર્થ [illegible] કરવું એવો થાય છે રજનીશજી કહે છે કે આ બરાબર નથી આપણને જે ભૂખ લાગે છે તે સાચી ભૂખ નથી તે આદતોથી નિર્મિત મનોવૃત્તિ ભૂખ છે અર્થાત્ જે અન્ન શરીરને પસંદ આવ્યું છે તે મેળવવા માટે જે આકસ્મિક આવેગ પ્રયત્ન દ્વારા સાચી ભૂખની જગ્યા પડે છે ઉપભોગી ત્યાર પછીનું પગલું છે અને આ અર્થ છે સાચી ભૂખ કરતાં બીજું આવું ભૂખ આવી જરૂર સીમામાં પહોંચે તે પહેલાં જ આવી સીમાની અંદર પ્રવેશવું અર્થાત્ મનનો નિયમ છે કે જ્યારે કોઈ વસ્તુ વ્યક્તિ અથવા સીમાને પહોંચે ત્યારે એ મર્યાદા બહાર નીકળી જાય છે [illegible] વ્યક્તિને એના સામર્થ્યની અંદર રોકી લીધી આને હું [illegible] કહીશ આ રજનીશજી કહે છે કે પ્રથમ વ્રતનિયમ માટે [illegible]

વ્યક્તિ [illegible] પર પરામર્શ રીત કરતાં [illegible] રીતે [illegible] એ સમજાતી છે [illegible] વ્યક્તિનું કેન્દ્ર છે [illegible] વ્યક્તિત્વ [illegible] કે [illegible] કેન્દ્ર [illegible] [illegible] [illegible]

સાક્ષી હોવાનું છે અને જો તેમ થાય તો વ્યર્થ કાર્યો આપોઆપ ઘટી જાય છે અને સાર્થક કાર્યો થવાના શરૂ થઈ જાય છે

બારમા પ્રવચનમા રજનીજીએ ચોથા બાહ્ય તપ : રસ-પરિત્યાગ અને પાંચમા બાહ્ય તપ : કાયા-કલેશને સમજાવ્યા છે. એમના મતે રસ-પરિત્યાગનો અર્થ આ સ્વાદ ન લેવો, પેલો સ્વાદ ન લેવો, એમ નથી. પહેલા તો એ જાણવું જરૂરી છે કે રસ કયા છે? રસ વસ્તુમા નથી, વસ્તુને ઉપભોગ કરવાવાળી ઇન્દ્રિયમા નથી કે ઇન્દ્રિયની સવેદનાને ઝીલવાવાળા મનમા પણ નથી. રસ એ મન અને ચેતનાનો જે જોડ છે ત્યા છે. કોઈ સ્વાદ એ વસ્તુ અને ખાનારની વચ્ચેનો સબધ છે. તેઓ કહે છે કે વસ્તુને છોડવાથી કે ઇન્દ્રિયને નષ્ટ કરવાથી કે એને સવેદન-હીન કરવાથી કે મનને સમજાવવા, દબાવવા કે ભૂલાવવાથી પણ રસ-પરિત્યાગ થતો નથી એ તો જ્યારે ચેતના અને મનની વચ્ચેનો સંબધ તૂટે ત્યારે જ થાય છે. એ રસ-પરિત્યાગની પ્રક્રિયા મન સાથેના તાદાત્મ્યને તોડવાની અને તે માટે મનના પ્રતિ સાક્ષી-ભાવની છે. પ્રત્યેક ઇન્દ્રિય અને વૃત્તિ પ્રત્યે દ્રષ્ટાભાવ ખીલવવાથી સહજ રીતે રસ-પરિત્યાગ થાય છે.

પાંચમાં બાહ્યતપ તરીકે કાયા કલેશને લીધુ છે. મહાવીરના બધાં તપમાં આના અર્થ વિશે સૌથી વધુ ગેરસમજ થઈ છે. કાયા-કલેશ એટલે દેહનુ દમન કરવુ કે કાયાને પીડવા એવો મહાવીરનો અર્થ નથી. મહાવીરનો કાયા-કલેશનો અર્થ છે શરીર દુ.ખ છે. જ્યારે સાધક ધ્યાનમાં ઊડો જાય છે, સાધનામા આગળ વધે છે, ત્યારે તેને આ વાતની પ્રતીતિ થાય છે. મહાવીર કહે છે કે દુઃખની જે પ્રતીતિ થાય છે તેનો સ્વીકાર કરો. દુ.ખમાથી વધવા માટેની જે જે કોશિશો થાય છે તે બધી ભવિષ્યના સ્વપ્નમા, સુખના ભ્રમમા લઈ જાય છે. કાયા-કલેશની સાધના દુ ખના સમગ્ર સ્વીકાર દ્વારા દુઃખમાંથી મુક્તિની છે. જ્યારે સાધક દુ:ખનો સ્વીકાર કરી લે છે, ત્યારે એની સાથે જ એ ઉપર ઊઠી જાય છે અને એના બધા દુ.ખ વિસર્જિત થઈ જાય છે.

ગોવિંદ ચૈતન્યના પ્રણામ

બાહ્ય તપ ઊણોદરી અને વૃત્તિ-સંક્ષેપ

પ્રવચનના મુખ્ય મુદ્દાઓ

(૧) બીજું બાહ્ય તપ — ઊણોદરી

(૨) આપણી ભૂખ સ્વાભાવિક ભૂખ નથી [illegible] નિર્ધારિત થયેલી ભૂખ હોય છે

(૩) જૈન દૃષ્ટિની સાધના — સ્વાભાવિક [illegible]

(૪) મુસ્લિમ નમાઝનું [illegible]

(૫) આરતીની પેઠે [illegible]

(૬) અનશનનો પ્રયોગ [illegible] ભૂખની [illegible] તોડીને આવી સ્વાભાવિક ભૂખને [illegible]

(૭) મનુષ્યમાં કામવાસના પણ પ્રાકૃતિક [illegible] દોષ છે

(૮) મનુષ્ય પ્રાકૃતિક વાસનાની ઉપર [illegible] અપ્રાકૃતિક વાસના દ્વારા [illegible]

(૯) અનશનથી વાસ્તવિક [illegible] દ્વારા

(૧૦) [illegible]

(૧૧) [illegible]

(૧૨) [illegible]

(૧૩) [illegible]

(૧૪) પ્રત્યેક ઇન્દ્રિય માટે ઊણોદરી જરૂરી છે, અનશન કરતા ઊણોદરી વધુ કઠણ

(૧૫) ત્રીજું બાહ્યતપ વૃત્તિ-સંક્ષેપ — એનો પરંપરાગત અર્થ સાચો નથી

(૧૬) એક કેન્દ્રના કાર્યને બીજા કેન્દ્ર દ્વારા કરવાને કારણે કોયડા-રૂપ બની ગયેલુ મનુષ્યનુ વ્યક્તિત્વ

(૧૭) બીજા કેન્દ્રોના કાર્યો બુદ્ધિ દ્વારા લેવાના કારણે ઘટી ગયેલી મનુષ્યની બુદ્ધિમત્તા

(૧૮) મનુષ્યની સરાસરી માનસિક ઉંમર તેર-ચૌદ વર્ષ

(૧૯) દુનિયાના થોડા બુદ્ધિમાનોને દૂર કરવામા આવે તો સામાન્ય માણસની માનસિક ઉંમર ઘણી ઓછી આવે

(૨૦) મનુષ્ય કરતા યંત્રો સારુ કામ કરી શકે છે — મનુષ્યના બેકાર થવાની સંભાવના

(૨૧) વૃત્તિ-સંક્ષેપનો અર્થ પ્રત્યેક ઇન્દ્રિયને તેના જ કેન્દ્ર પર કેન્દ્રિત કરવી

(૨૨) હિપ્પીઓના મુક્ત-ભોગના પ્રયોગનુ પરિણામ—કામવાસનાનો ચાલ્યો ગયેલો રસ

(૨૩) કોઈ પણ ચીજ ઢાકવાને કારણે અર્થ-પૂર્ણ — ખુલ્લો થવાથી અર્થ-હીન

(૨૪) અમેરિકામા ભોગ અર્થવિહીન થઈ જવાથી માદક અને નશીલી ચીજોમા ગોઠવાઈ રહેલી ઉત્તેજના

(૨૫) વૃત્તિ-સંક્ષેપના બે ફાયદા—પ્રત્યેક વૃત્તિ સમગ્રતામાં જીવવાથી વ્યર્થ થાય છે અને બીજુ બુદ્ધિ પરથી નકામા કામનો બોજો હટી જતા બુદ્ધિનુ ખરૂ કાર્ય, ધ્યાન દ્વારા બુદ્ધિમત્તાની ખિલવણીનુ, થવા પામે છે

(૨૬) બુદ્ધિનું કાર્ય કેવળ સાક્ષી હોવાનું—તેનાથી વ્યર્થ કાર્યો આપોઆપ છૂટી જાય છે અને સાર્થક કાર્યો થવાના શરૂ થઈ જાય છે

(૨૭) બિનજરૂરી પરિગ્રહની ઘેલછા

(૨૮) મોક્ષકથા—બે પ્રકારની વસ્તુની એક વસ્તુઓના પરિગ્રહ પર ભરોસો રાખવાથી દુઃખી થનારની અને બીજી પોતા પર ભરોસો રાખવાથી આનંદિત રહેનારની

(૨૯) વૃત્તિ સંક્ષેપનો અર્થ બધું છોડી નાખી જવું એવો નથી — તો તો વસ્તુઓનું મૂલ્ય કાયમ રહે

(૩૦) વૃત્તિ સંક્ષેપથી ભીતરમાં વૃત્તિઓ સંકોચાવાથી બહારનો પરિગ્રહ આપોઆપ ઓછો થતો જાય છે

(૩૧) મારે મુક્તિને વરવાની ઘડી ન મળતા મારેલું થતું નથી

(૩૨) તપમાં આનંદ—જ્યારે વૃત્તિ કેન્દ્ર પર સ્થિર થઈ જાય અને બુદ્ધિની સજાગતા હોય ત્યારે

(૩૩) વૃત્તિ સંક્ષેપથી બધી જ વૃત્તિની શક્તિ બુદ્ધિને મળતા પ્રકાશની ખિલવણી જેનાથી પરમ આનંદની અનુભૂતિ

(૧) બીજું બાહ્ય તપ — ઊણોદરી

મહાવીરે અનશન પછી બીજા બાહ્ય તપ તરીકે ઊણોદરીને રાખ્યુ છે. ઊણોદરીનો અર્થ છે—અપૂર્ણ ભોજન, અપૂર્ણ આહાર સાંભળીને જરૂર નવાઈ લાગશે કે અનશન પછી ઊણોદરીને મહાવીર શા માટે લાવ્યા! અનશનનો અર્થ છે નિરાહાર જો ઊણોદરીને કહેવી જ હતી, તો અનશનની પહેલાં કહેવી હતી કેમ કે સામાન્ય રીતે જે લોકો અનશનનો અભ્યાસ કરે છે, તેઓ પહેલા ઊણોદરીનો અભ્યાસ કરે છે તેઓ પહેલા આહારને ઓછો કરવાની કોશિશ કરે છે જ્યારે ઓછો આહાર સુગમ થઈ જાય છે, એનાથી ટેવાઈ જવાય છે, ત્યારે તેઓ અનશનનો પ્રયોગ કરે છે આ એકદમ ખોટું છે.

મહાવીરે જાણી જોઈને જ પહેલા અનશન કહ્યુ અને પછી ઊણોદરી કહી છે ઊણોદરીનો અભ્યાસ સહેલો છે. પરતુ એક વાર ઊણોદરીનો અભ્યાસ થઈ જાય, તો એ અભ્યાસની પછી અનશનનો કોઈ અર્થ, કોઈ ઉપયોગ નથી રહેતો હુ તમને પહેલા કહી ગયો છું કે અનશન જેટલુ આકસ્મિક હોય, જેટલુ અભ્યાસ-શૂન્ય હોય, જેટલુ પ્રયત્ન-રહિત હોય, જેટલુ અવ્યવસ્થિત અને અરાજક હોય એટલી જ ભીતરમા મોટી છલાંગ લાગી જાય છે ઊણોદરીને મહાવીરે બીજો નબર શા માટ આપ્યો છે તેનુ કારણ સમજી લેવુ જરૂરી છે,

(૨) આપણી ભૂખ સ્વાભાવિક ભૂખ નથી હોતી. પણ આદતોથી નિર્મિત થયેલી ભૂખ હોય છે

ઊણોદરી શબ્દનો માન એટલો જ અર્થ છે કે પેટ જેટલુ માગે છે તેટલુ જ આપવુ. પરતુ તમને એની ખબર નથી કે પેટ કેટલું માગે છે. ઘણુ કરીને એ જેટલુ માગે છે એ પેટ નથી માગતું, એ તમારી આદત માગે છે અને આદતમા અને સ્વભાવમા

જો કોઈ ફરક ન હોય તો વાત અત્યંત કપરી થઈ જાય રોજ જ્યારે તમને ભૂખ લાગે છે ત્યારે તમે એ ભ્રમમાં ન રહેશો કે ભૂખ લાગે છે સ્વાભાવિક ભૂખ તો થોડી મુશ્કેલીએ લાગે છે નિયમથી બંધાયેલી ભૂખ રોજ લાગે છે

જીવવિજ્ઞાની (biologist) કહે છે કે માણસની અંદર એક જૈવિક ઘડિયાળ (biological clock) છે માણસની અંદર એક આદતની ઘડિયાળ (habitual clock) પણ છે જીવવિજ્ઞાની જે ઘડિયાળની વાત કરે છે તે આપણી અંદર ગોઠવાયેલી છે પરંતુ એની ઉપર આપણી આદતની ઘડિયાળ છે જે આપણે આદતથી બનાવી લીધી છે

આ ધરતી પર એવા કરોડો છે કે જેઓ હજારો વર્ષથી દિવસમાં એક જ વાર ભોજન કરે છે ત્યારે એમને પહેલી વાર ખબર પડી કે એવા લોકો પણ છે કે જેઓ દિવસમાં બે વાર ભોજન કરે છે ત્યારે તેમને ઘણી નવાઈ લાગી તેમની સમજમાં જ આવ્યું નહિ કે દિવસમાં બે વાર ભોજન કરવાનું પ્રયોજન શું છે આ દુનિયા પર એવા કરોડો પણ છે કે જેઓ હજારો વર્ષથી દિવસમાં બે વાર ભોજન કરી રહ્યા છે એવા પણ છે કે જેઓ દિવસમાં ચાર વાર ભોજન પણ કરે છે આનો જૈવિક જગત સાથે કોઈ સંબંધ નથી આ આપણી આદતોની વાત છે આપણે આદતો બનાવી લઈએ છીએ પછી આદતો આપણો બીજો સ્વભાવ બની જાય છે અને આપણો પહેલો પ્રાથમિક સ્વભાવ સહજ સ્વભાવ આ તોની જગ્યાની નીચે દબાઈ જાય છે

(૩) જૈન ફકીરની સાધના — સ્વાભાવિક વૃત્તિ મુજબ જીવવાની

જૈન ફકીર મોક્ષગુપ્તને કોઈએ પૂછ્યું કે તમારી સાધના શું છે?

એણે કહ્યું કે યારે ભૂખ લાગે છે ત્યારે હું ખાઉં છું જ્યારે મને ઊંઘ આવે છે ત્યારે હું સૂઈ જાઉં છું અને જ્યારે

મારી ઊંઘ ઊડી જાય છે ત્યારે હુ જાગી જાઉ છું. એ માણસે કહ્યુ, આ પણ કોઈ સાધના છે? આ તો બધા કરે છે.

બોકોઝુએ કહ્યુ, એમ હોત તો તો ઘણુ સારુ ! તમે બધાં જો આ કરી લો તો આ પૃથ્વી પર એટલા બુદ્ધ થઈ જાય કે તેમની ગણતરી કરવી મુશ્કેલ થઈ જાય પણ તમે આ નથી કરતા જ્યારે તમને ભૂખ નથી લાગી હોતી, ત્યારે પણ તમે ખાઓ છો અને જ્યારે તમને ખરેખર ભૂખ લાગે છે, ત્યારે બની શકે કે તમે ન ખાતા હો જ્યારે તમને ઊંઘ નથી આવતી હોતી ત્યારે તમે સૂઈ જાઓ છો અને એવુ પણ થઈ શકે છે કે જ્યારે તમને ઊંઘ આવતી હોય ત્યારે તમે સૂતા ન હો અને જ્યારે તમારી ઊંઘ ઊડતી નથી હોતી, ત્યારે તમે એને ઉડાડી દો છો, પણ જ્યારે ઉડાડવી જોઈએ ત્યારે તમે સૂતેલા રહો છો

આ વિકૃતિ આપણી અંદર બે જાતની પ્રક્રિયાઓથી પેદા થાય છે એક તો પ્રકૃતિથી ઘડાયેલો આપણો સ્વભાવ અને પ્રકૃતિ હંમેશા સમતોલ છે પ્રકૃતિ જરૂર હોય એટલુ જ માગે છે બીજી બાજુ આદતોનો કોઈ અંત નથી આદતો અભ્યાસ છે અને અભ્યાસથી ગમે તેટલુ માગી શકાય છે

(૮) મુલ્લાં નસરુદ્દીન — ખાવાની હરીફાઈમાં

મે સાભળ્યું છે કે મુલ્લા નસરુદ્દીનના ગામમા એક હરીફાઈ થઈ કે કોણ સૌથી વધુ ભોજન કરી શકે છે મુલ્લાંએ બધા હરીફોને ઘણા પાછળ ધકેલી લીધા કોઈ વીસ રોટલીએ અટકી ગયો, તો કોઈ પચ્ચીસ રોટલીએ અટકયો, તો કોઈ ત્રીસ રોટલીએ અટકયો પછી લોકો ગભરાવા લાગ્યા કે મુલ્લા તો પચાસ રોટલી પર પહોંચી ગયો હતો લોકોએ કહ્યુ, મુલ્લા, હવે તો તમે જીતી ગયા છો હવે નાહક તમારી જાતને હેરાન ન કરો હવે બધ કરો

મુલ્લાએ કહ્યુ કે હુ એક જ શરતે અટકી શકુ કે મારે

ઘેર કોઈ ખબર ન પહોંચાડે નહિ તો મારી પત્ની મને સાંજે ખાવા નહિ આપે આ ખબર ઘર સુધી ન જાય કે હું પચાસ રોટલી ખાઈ ગયો નહિ તો મને સાંજના ભોજનના સાંધા પડશે

(૫) આદતોથી પેદા કરેલી વાસનાઓની કોઈ તૃપ્તિ નથી થતી

તમે આ પેટને અંદરની રીતે પણ ભરી શકો છો વિક્ષિપ્ત રીતે પણ ભરી શકો છો માત્ર પેટને જ નહિ અહીં ઉદર કેવળ રૂપકાત્મક છે આપણી પ્રત્યેક ઇન્દ્રિયનું ઉદર છે આપણી પ્રત્યેક ઇન્દ્રિયનું પેટ છે અને તમે પ્રત્યેક ઇન્દ્રિયના ઉદરને જરૂર કરતાં વધુ ભરી શકો છો

જોઈતાં જોવાની જરૂર નથી એવું આપણે જોઈએ છીએ જોઈતું સાંભળવાની જરૂર નથી એવું આપણે સાંભળીએ છીએ અને એનું પરિણામ ઘણું અદ્ભુત આવે છે એનું પરિણામ એ આવે છે કે આપણે જોઈતું વધુ સાંભળીએ છીએ એવી આપણી સાંભળવાની શક્તિ અને સંવેદનશીલતા ઓછી થઈ જાય છે એટલે તૃપ્તિ પણ નથી થતી અને જ્યારે તૃપ્તિ નથી થતી ત્યારે વિક્ષેપ પેદા થાય છે આપણે વિચારીએ છીએ કે હજુ વધુ જોઈએ તો તૃપ્તિ થશે હજુ વધુ ખાઈએ તો તૃપ્તિ થશે જોઈતું વધુ ખાઈએ છીએ એવું જ આપણી સ્વાભાવિક જે ભૂખ છે એ દબાય છે અને નાશ પામે છે (એ તૃપ્ત ફરી થઈ શકે છે) અને જ્યારે દબાઈ જાય છે નષ્ટ થઈ જાય છે વિસ્મૃત થઈ જાય છે ત્યારે તમારી આદતની ભૂખ વધતી જાય છે એ કયારેય પણ તૃપ્ત નથી થઈ શકતી એની અતૃપ્તિનો કોઈ અંત નથી

આપણે હંમેશા સાંભળીએ છીએ કે વાસનાઓનો કોઈ અંત નથી પરંતુ સાચી વાત એ છે કે સ્વભાવમાં જે કોઈ વાસનાઓ છે તે બધી કામની છે હા આદતથી આપણે જે વાસનાઓ પેદા કરીએ છીએ, એનો કોઈ અંત નથી એટલા માટે કોઈ જાનવરને

તમે બીમારીમા ખાવા માટે મનાવી નથી શકતા જે હોશિયાર જાનવર છે, તે સહેજ પણ બીમાર થાય તો ઊલટી કરશે જે પેટમા છે તેને બહાર ફેંકી દેશે તેઓ પ્રકૃતિથી જીવે છે માણસ આદતથી જીવે છે અને આદતથી જીવવાને કારણે આપણે પોતાને માટે પણ રોજ-રોજ અસ્વાભાવિક થતા જઈએ છીએ આ અસ્વાભાવિક થવાનુ એટલુ બધુ વધી જાય છે કે આપણને યાદ જ નથી રહેતું કે આપણી સ્વાભાવિક આકાક્ષાઓ શી છે

(૬) અનશનનો પ્રયોગ — ખોટી માનસિક ભૂખની વ્યવસ્થા તોડીને સાચી સ્વાભાવિક ભૂખને શોધવા માટે

બાયોલૉજિસ્ટ જે જૈવિક ઘડિયાળની વાત કરે છે, તે આપણી ભીતર છે પણ આપણે તેને સાભળીએ ત્યારેને ! એ આપણને બતાવે છે કે ક્યારે ભૂખ લાગી એ બતાવે છે કે ક્યારે સૂઈ જવાનુ છે, ક્યારે ઊઠવાનુ છે પરતુ આપણે એનુ સાંભળતા નથી આપણે એના પર આપણી વ્યવસ્થા લાદીએ છીએ

એટલા માટે ઊણોદરી વણી કઠણ છે કઠણ છે એ કારણે કે તમને પહેલેથી એ જ ખબર નથી કે સ્વાભાવિક ભૂખ કેટલી છે એટલા માટે પહેલા તો સ્વાભાવિક ભૂખ શોધવી પડશે એ કારણે અનશનને પહેલું રાખ્યુ છે અનશન તમારી સ્વાભાવિક ભૂખને શોધવામા મદદરૂપ થશે જ્યારે તમે બિલકુલ ભૂખ્યા રહેશો અને ભૂખ્યા રહેવાના સકલ્પ પર ચાલશો, ત્યારે તમે થોડા જ દિવસમા જાણશો કે આદતની ભૂખ તો ભુલાઈ ગઈ એ સાચી ભૂખ નહોતી. બે-ચાર દિવસ તો એ પોકારીને બરાબર સમયસર અવાજ કરશે, પછી બે-ચાર દિવસ જ્યારે તમે એનુ સાભળશો નહિ, ત્યારે એ શાત થઈ જશે અને ત્યારે તમારી ભીતરથી સ્વભાવિક ભૂખ અવાજ દેશે જ્યારે તમે એનુ નહિ સાભળો, ત્યારે તમારી અદરનુ યંત્ર રૂપાતરિત થશે અને તમે સ્વયને ઓળખવાના કામમાં લાગશો

તો પહેલા આદતની ભૂખ તૂટશે એ કોઈની ત્રણ દિવસમા

નથી બન્ય છે કોઈની બાર દિવસમાં નૂરી બન્ય છે એક બે દિવસ આપાપાળા થઈ શકે છે પછી સ્વાભાવિક ભૂખની વેદનાથી નૂરી અને મારે તમે બીજા દિવસ પર જશો પરંતુ અનશનમાં તમને ખબર પડી જશે કે ખોટો અવાજ કરો કરતો અને સાચો અવાજ કરો કરતો ખોટો અવાજ માનસિક હતો અર્થાત્ જ્યારે તમને ખોટી ભૂખ લાગશે ત્યારે મન કહેશે કે ભૂખ લાગી છે અને જ્યારે ખરી ભૂખ લાગશે ત્યારે આત્મા શરીરનું રોમરોમ પોકારશે કે ભૂખ લાગી છે એ ખોટી ભૂખ લાગી હોય – મન તમને રોજ ત્રણ ટાઈમ બાર વાગ્યે ભોજન કરતા હો તો બારમાં બાર વાગે ભૂખ લાગે પણ જો કોઈ પ્રસંગને એક કલાક આગળ પાછળ કરી દીધું હોય તો પ્રસંગમાં જ્યારે બાર વાગશે ત્યારે ભૂખ લાગશે તમને ખબર ન હોય કે હવે એક વાગ્યો છે અને જો પ્રસંગમાં બાર વાગવા હોય, તો મને એક વાગ્યા સુધી ખાવા વગર ભૂખ રહેશે કેમ કે તમારી એ ભૂખ માનસિક છે શારીરિક નથી એ ભૂખ બહારની પરિસ્થિતિ જોતી રહે છે બાર વાગ્યા કે લાગી જાય વગરે જો અનિયમિત જ વાગ્યા હોય પરંતુ પરિસ્થિતિમાં બાર વગાડી દઈએ, તો તરત તમારામાં ભૂખનો ભ્રમ પેદા થઈ જશે કેમ કે એ માનસિક ભૂખ છે ખોટી છે એ મનમાંથી આવે છે શરીરમાંથી નહિ. ત્રણ વાર દિવસના અનશનના માનસિક ભૂખની ખબર પડી જાય છે અને ખરી ભૂખ શરૂ થઈ જાય છે તમને પછી વાર લાગે છે કે શરીરમાંથી ભૂખનો પોકાર આવી ગયો છે આને આપણે બાહ્ય રીતે પણ જોઈ શકીએ છીએ

(૩) મનુષ્યમાં કામવાસના પણ પ્રાકૃતિક નથી હોતી, માનસિક હોય છે

મનુષ્યને બાદ કરતા બધાં પશુ અને પક્ષીઓની યૌન વ્યવસ્થા મુક્ત હોય છે એક ખાસ ઋતુમાં તેઓ યૌન પીડિત થાય છે કામાતુર થાય છે બાકી આખું વર્ષ નથી થતા ફક્ત માણસ જ

એક એવુ પ્રાણી છે કે જે આખુ વર્ષ કામપીડિત હોય છે આ કામપીડા માનસિક (mental) છે જો માણસ પણ સ્વાભાવિક હોત, તો તે પણ એક મર્યાદામા, એક સમયે જ કામાતુર થાત બાકીનો સમય એનામા કામાતુરતા ન હોત.

પરંતુ માણસે બધી સ્વાભાવિક વ્યવસ્થાઓની ઉપર માનસિક વ્યવસ્થાઓ ઠોકી બેસાડી છે બધી ચીજો પર એણે પોતાની વ્યવસ્થા અલગ રીતે કરી દીધી છે એ અલગ વ્યવસ્થા આપણા જીવનની વિકૃતિ અને આપણી વિક્ષિપ્તતા છે તમને ખબર નથી પડતી કે તમારામા કામવાસના જાગી છે તે સ્વાભાવિક, જૈવિક (biological) કે માનસિક (psychological) છે એ ખબર એટલા માટે નથી પડતી કે તમે જૈવિક કામવાસનાને ઓળખી જ નથી એ સ્વાભાવિક-પણે જાગે તે પહેલા જ માનસિક કામવાસના જાગી જાય છે નાના નાના બાળકો કે જેઓ ચૌદ વર્ષના થયા પછી જૈવિક અર્થમા પ્રૌઢ (biologically mature) થાય, કામવાસનાને યોગ્ય થાય, તેઓ ચૌદ વર્ષથી ઘણા પહેલા માનસિક વાસનાને યોગ્ય અને સમર્થ થઈ ગયા હોય છે

મે સાંભળ્યુ છે કે એક બુઢ્ઢી સ્ત્રી પોતાનાં પૌત્ર-પૌત્રીઓને લઈને મ્યુઝિયમમાં ગઈ ત્યા યુરોપમા બાળકોને સમજાવવાને માટે સ્ટોર્ક નામના પક્ષીની એક કથા છે જ્યારે ઘરમાં બાળક જન્મે છે, ત્યારે બાળકો મોટાઓને — વૃદ્ધોને પૂછે છે કે બાળક ક્યાથી આવ્યુ, તો મોટાઓ કહે છે કે આ સ્ટોર્ક પક્ષી લઈ આવ્યુ જ્યારે પેલા મ્યુઝિયમમા સ્ટોર્ક પક્ષીની પાસે એ બુઢ્ઢી ગઈ, તો પેલા બાળકોએ પૂછ્યુ કે આ કયુ પક્ષી છે ? બુઢ્ઢીએ કહ્યુ, આ એ જ પક્ષી છે કે જે બાળકોને લાવે છે પેલાં નાના નાના બાળકો એકબીજાની સામે જોઈને હસ્યા એક બાળકે પોતાની બાજુના બાળકને કહ્યુ કે આપણે આ અણસમજુ બુઢ્ઢીને ખરુ રહસ્ય બતાવીએ ? (May we tell the real secret,

to this poor old lady?) હજી સુધી આ બાપડીને ખબર નથી એ તો એમ માને છે કે સ્ટોર્ક પક્ષી દ્વારા બાળકો આવે છે

(૮) મનુષ્ય પ્રાકૃતિક વાસનાની ઉપર પણ ઊઠી શકે છે, યા તો અપ્રાકૃતિક વાસના દ્વારા નીચે પણ પડી શકે છે

ચારે બાજુનું વાતાવરણ ખૂબ નાના નાના બાળકોના મનમાં પણ માનસિક કામાતુરતાને જગાડી દે છે પછી એ માનસિક કામાતુરતા એમની ઉપર છવાઈ જાય છે અને જીવનભર તેમનો પીછો કરે છે એમને ખબર પણ નથી પડતી કે જે જૈવિક વાસના (biological urge) હતી તે ઊઠવા જ નથી પામી યા જ્યારે ઊઠી ત્યારે એની ખબર ન પડી અને ત્યારે એક અદ્ભુત ઘટના બને છે

એ અદ્ભુત ઘટના એ છે કે તેઓ કદાપિ તૃપ્ત નથી થવા પામતા કેમ કે માનસિક કામવાસના કદાપિ તૃપ્ત નથી થઈ શકતી શારીરિક કામવાસના તૃપ્ત થઈ જાય છે જે વાસ્તવિક છે તે તૃપ્ત થઈ શકે છે જે વાસ્તવિક નથી તે તૃપ્ત નથી થઈ શકતું સાચી ભૂખ તૃપ્ત થાય છે ખોટી ભૂખ તૃપ્ત નથી થઈ શકતી એટલા માટે વાસનાઓ તો તૃપ્ત થઈ શકે છે પરંતુ જે આપણી કેળવેલી કૃત્રિમ વાસનાઓ (cultivated desires) છે તે કદાપિ તૃપ્ત નથી થઈ શકતી

પશુપક્ષીઓ પણ વાસનાઓમાં જીવે છે પરંતુ તે આપણા જેવા તણાવ ગ્રસ્ત નથી એમનામાં કોઈ તણાવ દેખાતો નથી ગાયની આંખમાં ધારીને જુઓ એ નિર્વાસનાની દશાએ નથી પહોંચી કોઈ ઋષિ-મુનિ નથી થઈ ગઈ કોઈ તીર્થંકર નથી થઈ ગઈ પણ એની આંખમાં એ જ સરળતા છે કે જે કોઈ તીર્થંકરની આંખમાં દેખાય છે વાત શું છે? વાત એ છે કે એ વાસનામાં તો જીવી રહી છે પરંતુ તે છતાં એની વાસના પ્રાકૃતિક છે

પ્રાકૃતિક વાસના તણાવ નથી લાવતી પ્રાકૃતિક વાસના

ઉપર નથી લઈ જઈ શકતી, પણ તે નીચેયે નથી પાડતી ઉપર જવુ હોય તો પ્રાકૃતિક વાસનાથી ઉપર ઊઠવુ પડે છે પરતુ જો નીચે પડવુ હોય તો પ્રાકૃતિક વાસનાની ઉપર અપ્રાકૃતિક વાસનાને સ્થાપિત કરવાની હોય છે

(૯) અનશનથી વાસ્તવિક ભૂખ ઊઘડી ગયા પછી ઊણોદરીની શરૂઆત

તો મહાવીરે અનશનને પહેલુ લીધુ કે જેથી જૂઠી ભૂખ તૂટી જાય, સાચી ભૂખની ખબર પડે અને રૂવેરૂવુ પોકારવા લાગે

તમને તરસ લાગે છે એ જરૂરી નથી કે એ તરસ ખરી હોય, વાસ્તવિક હોય એમ બની શકે કે છાપામાં કોકાકોલાની જાહેરાત વાચીને લાગી હોય યા છાપામા 'લિવ્વા લિટલ હોટ' જોઈને લાગી હોય વૈજ્ઞાનિક, ખાસ કરીને, જાહેર ખબરની કળાનો નિષ્ણાત, બરાબર જાણે છે કે તમને જૂઠી તરસ પકડાવી શકાય છે અને તેઓ તમને જૂઠી તરસ જ પકડાવી રહ્યા છે આજે દુનિયામા જેટલી ચીજો વેચાઈ રહી છે, એની કશી જરૂર નથી આજે દુનિયાના લગભગ અડવોઅડધ ઉદ્યોગો એવી જરૂરિયાતોને પૂરા કરવામા લાગેલા છે કે જે સાચી રીતે જોતા જરૂરિયાત જ નથી પણ તે કૃત્રિમ રીતે પેદા કરી શકાય છે માણસને એમ માનતો કરી શકાય છે કે એ વસ્તુની એને જરૂર છે અને એક વખત એના મનમા એવો ખ્યાલ ઘૂસી જાય, તો એ એની જરૂરિયાત બની જાય છે

સાચી તરસની તો તમને ખબર જ નથી કલ્પના કરો કે તમે કોઈ રણમા ભૂલા પડી ગયા છો ક્યાંય પાણી નથી ત્યારે તમને જે તરસ લાગશે એ તમારા રૂવેરૂવાની તરસ હશે તમારા શરીરનો આણુ-આણુ પાણી માગશે એ તરસ માનસિક નહિ હોય, એ કોઈ છાપાની જાહેરાત વાચીને નહિ લાગી હોય.

તો અનશન તમારી અદરની સાચી ભૂખ ઉઘાડવામા મદદરૂપ

હશે અને જ્યારે સાચી ભૂખ ઊઘડી જાય ત્યારે મહાવીર કહે છે કે ઊણોદરીમાં આવો જ્યારે સાચી ભૂખ ઊઘડી જાય ત્યારે ભૂખ હોય તેથી ઓછું ખાવું જેટલી સાચી ભૂખ હોય એનાથી ઓછું ખાવું ખોટી ભૂખને તો પૂરી કરવી જ નહિ એ ખતરનાક છે સાચી ભૂખને પૂરી કરવામાં થોડી જગ્યા ખાલી રાખવી એ ખાલી રાખવાનું રહસ્ય શું હશે? અહીં મનુષ્યના મનના નિયમ સમજવા જ રહ્યા છે

(૧૦) મનનો નિયમ — એક સીમા સુધી કોઈપણ વાસના ઐચ્છિક, ત્યાર બાદ અનૈચ્છિક

આપણા મનના અવા નિયમ છે કે આપણે ક્યારે પણ કોઈ કામમાં લાગીએ છીએ યા કોઈ વાસનાની તૃપ્તિમાં યા કોઈ ભૂખની તૃપ્તિમાં લાગીએ છીએ ત્યારે એક મર્યાદા આપણે પાર કરીએ છીએ ત્યાં સુધી ભૂખ યા વાસના અનિચ્છક (voluntary) હોય છે એ મર્યાદા પછી તે અનૈચ્છિક (non-voluntary) થઈ જાય છે

જેમ કે આપણે પાણીને ગરમ કરીએ છીએ પાણી સો ડિગ્રી પર જઈને વરાળ બની જાય છે પરંતુ જો તમે ૯૯ ડિગ્રી પર અટકી જાઓ તો પાણી પાછું ઠંડું પાણી જ થઈ જશે અને જો તમે સો ડિગ્રી પછી અટકવા ઇચ્છો તો પાણી પાછું નહિ ફરે એ વરાળ બની ચૂકયું હશે એ એક ડિગ્રીનું અંતર એને પાછું ફરવા નહિ દે ત્યાં ક્યાંથી પાછા ફરી ન શકાય તેવું બિંદુ (no return point) આવી જાય છે સો ડિગ્રી પછી જો તમે અટકો તો પાણી વરાળ બની ચૂકયું હશે તમને પાણી રૂપે મળશે નહિ ત્યાં તમારા હાથ બહારની વાત થઈ ગઈ

યારે તમે ક્રોધના વિચારથી ભરાઓ છો ત્યારે પણ એક ડિગ્રી આવી જાય છે એની પહેલાં તમે રોકાઈ શકો છો એ ડિગ્રી પછી તમે રોકાઈ નહિ શકો કેમ કે તમારી અંદરનું ઐચ્છિક યંત્ર

(voluntary mechanism,) જ્યારે પોતાની વૃત્તિને અનૈચ્છિક યંત્ર(non-voluntary mechanism)ને સોંપી દે છે, ત્યાર પછી રોકવાની વાત તમારા હાથ બહાર જતી રહે છે. એના હાથમા ચાલ્યા ગયા પછી તમે એને રોકી શકતા નથી જો તમે ક્રોધને એક મર્યાદા પહેલા રોકી લેશો તો રોકાઈ જશે, પણ એ મર્યાદા વટાવી ગયા પછી તે રોકાઈ શકતો નથી એ પ્રગટ થઈને જ રહેશે જો તમે કામવાસનાને એક મર્યાદા પર રોકી લો તો ઠીક છે, નહિ તો એ મર્યાદાની બહાર, તમારા ઐચ્છિક યત્રની બહાર જતી રહેશે પછી તમે એને રોકી શકતા નથી પછી તમે વિક્ષિપ્તની માફક એને પૂરી કરીને જ રહેશો. પછી એને રોકવી મુશ્કેલ છે

(૧૧) ઊણોદરીનો અર્થ: ચરમ સીમાએ રોકાઈ જવુ

ઊણોદરીનો અર્થ છે કે કોઈ વાત ઐચ્છિક યંત્રના હાથમા જાય છે, ત્યારે એ સીમા પર જ રોકાઈ જવું. આનો અર્થ કેવળ એટલો જ નથી કે તમે રોજ ત્રણ રોટલી ખાતા હો, તો આજે તમે અઢી રોટલી ખાઈ લેશો તો ઊણોદરી થઈ જશે ના ઊણોદરીનો અર્થ છે — પોતાની ઇચ્છાની અદર રોકાઈ જવુ પોતાની શક્તિની અદર રોકાઈ જવુ કોઈ વાતને પોતાની શક્તિનો બહાર ન જવા દેવી કેમ કે પોતાની શક્તિ બહાર જતા જ તમે ગુલામ થઈ જાઓ છો પછી તમે માલિક નથી રહી જતા

પરતુ તમે ચરમ સીમાએ પહોચી જાઓ એવો પ્રયત્ન મન કરશે કોઈ પણ ચીજને એની ચરમ સીમા સુધી લઈ જાઓ એવો પ્રયત્ન તે કરશે કેમ કે મન જ્યા સુધી કોઈ ચીજ ચરમ સીમા સુધી પહોચી ન જાય, ત્યા સુધી એને તૃપ્તિ લાગતી નથી અને મજા એ છે કે ચરમ સીમાએ પહોચી ગયા બાદ વિષાદ (frustration) અને દુઃખ સિવાય કશુ હાથમા નથી આવતું તૃપ્તિ હાથમા નથી આવતી જો મન ભોજન વિશે વિચારવાનુ શરૂ કરશે, તો એ

એનાથી ખાઈ શકાય એટલું ખાશે હદ નહિ ગણે પછી દુખી થશે પરેશાન થશે અને પીડા ભોગવશે

મુલા નસરુદ્દીન એના જુદાપામા પોતાના ગામમા મોજિ રટ્રેટ થઈ ગયો પહેલો જે મુકદ્દમો એના હાથમા આવ્યો તે એક એવા માણસનો હતો કે જે લગભગ નગ્ન અડરવેર પહેરીને અદાલતમા આવીને ઊભો રહ્યો એણે કહ્યુ કે હુ લૂટાઈ ગયો છુ અને તમારા ગામની પાસે જ લૂટાઈ ગયો છુ

મુલ્લાએ કહ્યુ મારા ગામની પાસે જ લૂટાયા છો ? તમારુ શુ શુ લૂટાઈ ગયુ છે ?

તેણે બધી યાદી આપી મુલ્લાએ કહ્યુ કે તમે અડરવેર પહેર્યું છે એમ હુ જોઈ શકુ છુ

એણે કહ્યુ હા મે અડરવેર પહેરેલુ છે

મુલ્લાએ કહ્યુ મારી અદાલત તમારો કેસ લેવાનો ઇન્કાર કરે છે We never do anything half heartedly and partially અમારા ગામમા કોઈ માણસ અધૂરા મનથી અડધુ કામ નથી કરતો જો તમે અમારા ગામમા લૂટાઈ ગયા હોત તો પછી અડરવેર પણ કાઢી લેવામા આવ્યુ હોત તમને કોઈ બીજા માણસોએ લૂટી લીધા હશે એટલે તમારો કેસ લેવાનો હુ ઇન્કાર કરુ છુ આવુ અમારા ગામમા કદી થયુ નથી અમે જ્યારે કોઈ કામ કરીએ છીએ ત્યારે તે પૂરુ જ કરીએ છીએ

જે ગામમા–મંજીલોના જે ગામમા આપણે રહીએ છીએ ત્યા પણ આપણે પૂરુ કામ જ કરીએ છીએ ત્યા પણ આપણે ઇંચ–માત્ર પણ પહેલા પાછા નથી ફરતા અને ચરમ સીમાની પછી તો વિવાદ સિવાય બીજુ કશુ હાથમા નથી આવતુ પરતુ જેવા આપણે કોઈ વાસનામા વધવાનુ શરૂ કરીએ છીએ તેવી જ વાસના આપણને ખેંચવા લાગે છે અને જેટલા આપણે આગળ

વધીએ છીએ, એટલી એની ખેંચવાની શક્તિ વધતી જાય છે અને આપણે કમજોર થતા જઈએ છીએ.

મહાવીર કહે છે કે ચરમ સીમાએ પહોંચતા પહેલાં રોકાઈ જવુ એનો અર્થ એ છે કે જ્યારે કોઈને એટલો ક્રોધ આવી ગયો હોય કે એ હાથ ઉઠાવીને તમને મારવા લાગે, તો મહાવીર કહે છે કે જ્યારે હાથ નજીક પહોચી જાય, ત્યારે રોકાઈ જવું. પરંતુ એ વખતે રોકાવુ સૌથી કઠણ થશે એ વખતે મન કહેશે, હવે શેનુ રોકાવાનુ ?

(૧૨) ખલીફા અલીએ. ક્રોધ આવતાં જ, ચરમ સીમા પરથી ભાલો પાછો લેવો

મુસલમાન ખલીફા અલી વિશે એક ઘણો અદ્‌ભુત પ્રસંગ છે એ યુદ્ધના મેદાનમા લડી રહ્યો હતો વર્ષોથી એ યુદ્ધ ચાલી રહ્યુ હતું એ ક્ષણ આવી ગઈ કે જ્યારે તેણે પોતાના દુશ્મનને નીચે પાડી દીધો અને એની છાતી પર ચડી બેઠો એણે પોતાનો ભાલો ઉઠાવ્યો એની છાતીમા ભોકવા જતો હતો બસ, એક ક્ષણની વાર હતી કે ભાલો એની છાતીમા આરપાર પેસી જાત—એના એ દુશ્મનની છાતીમા કે જે વરસોથી હેરાન કરી રહ્યો હતો અને અલી આ ક્ષણની જ વાટ જોતો હતો પરતુ અલીએ જોવો એને મારવા ભાલો ઉઠાવ્યો, તેવો જ પેલો નીચે પડેલો દુશ્મન અલીના મો પર થૂકયો અલીએ પોતાના મો પર પડેલું થૂક લૂછી નાખ્યુ અને ભાલો પોતાના સ્થાને મૂકી દીધો અને પેલા માણસને કહ્યુ, હવે તમારી સાથે કાલે લડીશું

એ માણસે કહ્યુ. અલી, તમે આ તક ગુમાવો છો હું જો તમારી જગ્યાએ હોત, તો આવી તક હું ન ચૂકત તમે વરસોથી આ તકની પ્રતીક્ષા કરતા હતા હુ પણ એજ પ્રતીક્ષા કરતો હતો કે તમે નીચે હો અને હું ઉપર હોઉ જો તમારી જગ્યાએ

હું હોત તો આ ભાલો પાછો ફરી શકત નહિ તમે શા માટે મને જતો કરો છો?

અલીએ કહ્યું મને મહમદની આજ્ઞા છે કે હિંસા કરો તો પણ ક્રોધમાં ન કરશો સામાન્ય રીતે હિંસા કરશો જ નહિ પણ જો હિંસા કરો તો ક્રોધમાં ન કરશો અત્યાર સુધી હું શાંતિથી લડી રહ્યો હતો પરંતુ તું મારા પર થૂંક્યો એથી મારા મનમાં ક્રોધ આવ્યો હવે આપણે કાલે લડીશું અત્યાર સુધી હું શાંતિથી લડી રહ્યો હતો ક્રોધની કોઈ આગ નહોતી બધું બરાબર હતું તારી સાથેનો હિસાબ પતાવતો હતો નિકાલ કરવાનો હતો તે કરી રહ્યો હતો પરંતુ એમાં ક્રોધની જ્વાળા નહોતી હવે તે થૂંકીને ક્રોધની આગ પેદા કરી છે અને જો હું તને આ વખતે મારું તો એ મારવું વ્યક્તિગત અને આત્મઘાત પછી આ લડાઈ સિદ્ધાંતની ન રહે એટલા માટે હું તને નહિ મારું હવે કાલે લડીશું

પણ કાલે પછી એ લડાઈ થઈ નહિ કેમ કે એ માણસે અલીના પગ પકડી લીધા એણે કહ્યું વરસો પછી દુશ્મનની છાતી સુધી આવેલો ભાલો કોઈ કારણથી પાછો ખેંચી શકાય તેવો તો મને વિચાર પણ ન આવે અને હું થૂંક્યો હતો, તેવે વખતે તો કદી પાછો ફરી ન શકે લિનટ્ટ એવે વખતે તો વધુ જોરથી પેસી જાય

પરંતુ આવી ક્ષણમાં રોકી શકવું એ જ સાધના છે

(૧૩) ચરમ સીમાએવી મનને પાછું વાળવા માટેના પ્રયોગો — જેનાથી સંગૃહીત થતી શક્તિ

મનના નિયમ છે ઉણોદરીનો અર્થ છે જ્યાં મન સૌથી વધુ જોર કરતું હોય એ સીમાથી પાછું ફરવું રોજ રોજ પ્રયોગ કરીને પ્રત્યેક વ્યક્તિએ પોતાની ભીતર શોધી લેવું કે મન ક્યારે ખૂબ જોર કરે છે અને ક્યારે ઇચ્છાની બહાર વાત થઈ જાય છે પછી એવું નથી થતું કે તમે લાફો માર્યો પછી એવું થાય

છે કે જ્યારે તમે લાફો મારવા સિવાય રોકાઈ શકો તેમ નહોતા. બસ, એ જગ્યા પાછા ફરવાની છે ફરીથી ત્યાં પાછા ફરી જવાનું નામ છે — અપૂર્ણ પર અટકી જવું

ઊણોદરીનો અર્થ છે — ઉદર અપૂર્ણ રહી જાય, પૂરું ન ભરાય એટલા માટે જો તમે ચાર રોટલી ખાતા હો અને જો ત્રણ રોટલી ખાઈ લો તો એનાથી કાંઈ ઊણોદરી નહિ થઈ જાય પહેલાં વાસ્તવિક ભૂખ શોધી લો. પછી વાસ્તવિક ભૂખને શોધીને ભોજન કરવા બેસો એ કોઈ પણ ઇન્દ્રિયનું ભોજન હોય.

તમે ફિલ્મ જોવા ગયા હો ૯૦ ટકા ફિલ્મ તમે જોઈ લીધી હોય ત્યારે ખરો સમય આવે છે કે જ્યારે છોડવું ઘણુ મુશ્કેલ થઈ જાય છે. કેમ કે તમે ઉત્સુક હો છો કે અંત શુ છે લોકો નવલકથા વાચે છે, તો ઘણાખરા લોકો પહેલાં અંત વાચી લે છે કે અંત શું છે — મનની એટલી જિજ્ઞાસા હોય છે. નવલકથા વાંચી રહ્યા હો અને બે પાના બાકી રહી ગયા હોય — ડિટેક્ટિવ વાર્તા હોય અને હવે એ છેલ્લાં બે પાનામા જ બધુ રહસ્ય ખૂલવાનું હોય અને ત્યારે જો તમે રોકાઈ જાઓ, અટકી જાઓ તો તે ઊણોદરી છે મન ઘણા ધક્કા મારશે કે હવે તો જાણવાનો મોકો આવ્યો હતો. આટલી વાર તો આપણે કેવળ ભટકી રહ્યા હતા, હવે રહસ્ય ખૂલવાની તૈયારીમા હતુ. અને ત્યારે તમે રોકાઈ જાઓ અને ભૂલી જાઓ ફિલ્મ જોઈ રહ્યા છો, છેલ્લી ક્ષણ આવી ગઈ છે: હવે બધી ચીજો ચરમ સીમા (climax) પર પહોચશે અને બસ, તમે ઊઠી જાઓ. અને પાછા ફરીને યાદ પણ ન આવે કે અંત શુ થયો હશે કોઈને પૂછવા પણ ના જાઓ કે અંત શું થયો હશે એવા ચુપચાપ ઊઠીને ચાલ્યા આવો કે જાણે અંત આવી ગયો. તો તમારા મન પર નવા પ્રકારનો કાબૂ આવવો શરૂ થઈ જશે એક નવી શક્તિનો તમને અનુભવ થશે

તમારી બધી શક્તિ ઢીલી થાય છે તમારી શક્તિ ચારી જાય છે તમારી શક્તિ રોજ રોજ વ્યર્થ નાશ પામે છે એનું કારણ દરેક ચીજને પૂર્ણ પર લઈ જવાની કોશિશ કરવાની તમારા મનની આદતમાં રહેલું છે

મહાવીર કહે છે કે પૂર્ણ પર જરૂર જ નહિ એની એક ક્ષણ પહેલાં એક ડિગ્રી પહેલાં રોકાઈ જાઓ એનાથી તમારી શક્તિ જે પૂર્ણને ચરમને અડીને વીખરાય છે અને ખોવાય છે તે વીખરાશે નહિ ખોવાશે નહિ તમે ૯૯ ડિગ્રી પરથી પાછા ફરી જશો. વરાળ નહિ બની શકો તમારી શક્તિ ફરી સંગૃહીત થઈ જશે તમારા હાથમાં હશે અને તમે ધીરે ધીરે પોતાની શક્તિના માલિક થઈ જશો

(૧૯) પ્રત્યેક ઇન્દ્રિય માટે ઊણોદરી જરૂરી છે, અનશન કરતાં ઊણોદરી વધુ કઠણ

આનાં બધી બાજુથી પ્રયોગ કરી શકાય છે પ્રત્યેક ઇન્દ્રિયનું પોતાનું ઉદર છે પ્રત્યેક ઇન્દ્રિયનું પોતાનું પેટ છે અને પ્રત્યેક ઇન્દ્રિય પોતાની ભૂખ પૂરી કરવાની માગ કરે છે કાન કહે છે કે સંગીત સંભળાવો આંખ કહે છે કે સૌંદર્ય દેખાડો હાથ કહે છે કે કાંઈ સ્પર્શ કરાવો બધી ઇન્દ્રિયો માગ કરે છે કે અમને ભરો પ્રત્યેક ઇન્દ્રિયમાં સીમા પર રોકાઈ જવું

ધ્યાને રહે બિલકુલ રોકાઈ જવું સહેલું છે કોઈ નવલ કથાને બિલકુલ ન વાંચવી સહેલી છે ન વાંચો—વાત ખતમ થઈ ગઈ પરંતુ કોઈ નવલકથાને અંતની પહેલાં સુધી વાંચીને રોકાઈ જવું વધુ કઠણ છે એટલાં માટે ઊણોદરીને નજર સામે પર રાખી છે કોઈ ફિલ્મને ન જોવામાં એટલી મુશ્કેલી નથી પરંતુ કોઈ ફિલ્મને જોઈને એના અંત પહેલાં જ ઊઠી જવામાં વધુ મુશ્કેલી છે જોઈને પ્રેમ જ ન કરવો—એમાં વધુ અઘરું નથી પરંતુ પ્રેમ એની ચરમ સીમા પર પહોંચે, એની પહેલાં પાછા ફરવું

અત્યંત કઠણ છે એ વખતે તમે લાચાર થઈ જશો. તમે હતાશ (frustrate) થઈ જશો. એ વખતે તો એવું લાગશે કે બીજાને પૂરી થઈ જવા દો જે થઈ રહ્યું છે, એને પૂરું થઈ જવા દો એ વૃત્તિ પર સંયમ એ મનુષ્યની શક્તિઓને બચાવવાની અત્યંત વૈજ્ઞાનિક વ્યવસ્થા છે.

ઊણોદરી અનશનનો જ પ્રયોગ છે. પરંતુ થોડો કઠણ છે. સામાન્ય રીતે તમે સાંભળ્યું હશે અને સમજ્યા પણ હશો કે ઊણોદરી સરળ પ્રયોગ છે જેનાથી અનશન નથી બની શકતું એ ઊણોદરી કરે. હું તમને કહું છું, અનશન કરતા ઊણોદરી કઠણ પ્રયોગ છે જેનાથી અનશન થઈ શકે છે, તે જ ઊણોદરી કરી શકે છે

(૧૫) ત્રીજુ બાહ્ય તપ વૃત્તિસંક્ષેપ — એનો પરંપરાગત અર્થ સાચો નથી

મહાવીરનુ ત્રીજુ સૂત્ર છે — વૃત્તિસંક્ષેપ. વૃત્તિસંક્ષેપનો પરંપરાગત જે અર્થ લેવાય છે તે એ છે કે પોતાની વૃત્તિઓ અને વાસનાઓને સંકોચી લો. જો દસ કપડાંથી કામ ચાલી શકતું હોય તો અગિયારમું પાસે ન રાખવું. જો એક ટંક ભોજનથી કામ ચાલી શકે છે, તો બે ટંક ભોજન ન કરવુ — આવો સામાન્ય અર્થ છે પરતુ એ અર્થ કેન્દ્ર સાથે સંબંધિત ન હોઈને ફક્ત પરિધ સાથે સંબંધિત છે ના, મહાવીરનો અર્થ ઊંડો અને ભિન્ન છે આને થોડું ઊંડાણથી સમજવુ પડશે

વૃત્તિ-સંક્ષેપ એક પ્રક્રિયા છે. તમારી ભીતર પ્રત્યેક વૃત્તિનુ કેન્દ્ર છે જેમ કે કામવાસનાનું એક કેન્દ્ર છે, ભૂખનું એક કેન્દ્ર છે, પ્રેમનું એક કેન્દ્ર છે, બુદ્ધિનુ એક કેન્દ્ર છે. પરતુ સાધારણ રીતે આપણાં બધા કેન્દ્ર ગૂંચવાયેલા (confused) છે. કેમ કે આપણે એક કેન્દ્રનું કામ બીજા કેન્દ્ર પાસે લઈએ છીએ એને લીધે કામ પણ થતુ નથી અને કેન્દ્રની શક્તિ નષ્ટ થાય છે.

(૧૬) એક કેન્દ્રના કાર્યને બીજા કેન્દ્ર દ્વારા કરવાને માટે કોયલાકેપ બની લયેનું મનુષ્યનું વ્યક્તિત્વ

ગુર્જિયેફ ગતિ સંક્ષેપના પ્રયોગમાં પોતાની સાધનામાં ખૂબ આગળ વધ્યા હતા. એ કહેતા કે જ્યારે તમે પોતાના પ્રત્યેક કેન્દ્રને સ્પષ્ટ કરી લો અને કેન્દ્રનું કામ એને જ સોંપો. બીજા કેન્દ્ર દ્વારા એનું કામ ન કરો.

હવે દાખલા તરીકે કામવાસના કે પ્રજનિયા એનું પોતાનું એક કેન્દ્ર છે. પરંતુ તમે એ કેન્દ્રનું કામ મન પાસે લો છો તો કામવાસના (sex) મગજને લગતી (cerebral) થઈ જાય છે. મનમાં વિચારો રહે છે. ક્યારેક ક્યારેક તો એ એટલી મગજને લગતી થઈ જાય છે કે વાસ્તવિક કામવાસના એટલો રસ નથી દેતી જેટલો કામવાસનાનું ચિંતન રસ દે છે. આ ઘણી અજબ વાત છે. આ એવું જ થયું કે વાસ્તવિક ભોજન એટલો રસ નથી દેતું જેટલો ભોજનનું ચિંતન રસ આપે છે. આ એવું જ થયું કે જાણે પહાડ પર જવામાં એટલો રસ નથી આવતો જેટલો ઘર બેઠા પહાડ પર જવાના સંબંધમાં વિચારવામાં સપના જોવામાં મજા આવે છે.

અમસ્તામાં આપણે પ્રત્યેક કેન્દ્રને બીજા કેન્દ્ર પર સરકાવી (transfer કરી) દઈએ છીએ. આનાથી બે ખતરા થાય છે. એક ખતરો એ થાય છે કે જે કેન્દ્રનું કામ નથી એની પર એ આપણે કોઈ બીજું કામ નાખી દઈએ છીએ, તો એને એ પૂરી રીતે કરી શકતું નથી. જે એનું કામ જ નથી એને એ ક્યારેય નથી કરી શકતું. એટલા માટે હંમેશા અતૃપ્ત જ રહેશે. ક્યારેય તૃપ્ત થઈ જ નથી શકતું. ક્યારેય બુદ્ધિથી વિચારીને ભૂખ તૃપ્ત થઈ શકે છે? ક્યારેય કામવાસનાનું ચિંતન કામવાસનાને તૃપ્ત કરી શકે છે? કેવી રીતે કરશે? એ એ કેન્દ્રનું કામ જ નથી. આ તો એવું છે કે જેમ કોઈ માણસ માથા

વડે ચાલવાની કોશિશ કરે. ચાલવાનુ કામ પગનુ છે, અને એ માથાથી ચાલવાની કોશિશ કરશે તો એનાં બે દુષ્પરિણામ થશે

જે કેન્દ્ર પાસે તમે બીજા કેન્દ્રનું કામ લઈ રહ્યા છો, એને એ કરી શકતુ નથી બીજુ, એ જે કરી શકતુ હતુ, તે પણ કરી નહિ શકે, કેમ કે તમે એને એવા કામમા જોડો છો કે જ્યાં એની શક્તિ એ કામમાં વેડફાઈ જશે, તો જે એ કરી શકતુ હતુ, તે કરી નહિ શકે અને જે કેન્દ્ર પાસે તમે કામ છીનવી લીધુ છે, એની શક્તિ એકઠી થતી રહેશે એ ધીરે ધીરે વિક્ષિપ્ત થવા લાગશે. કેમ કે એની પાસે તમે કામ નથી લેતા તમે પૂરેપૂરા ગૂચવાડામા પડી જશો તમારું વ્યક્તિત્વ એક કોયડારૂપ થઈ જશે

(૧૭) બીજાં કેન્દ્રોનાં કાર્યો બુદ્ધિ દ્વારા લેવાના કારણે ઘટી ગયેલી મનુષ્યની બુદ્ધિમત્તા

ગુર્જિયેફ કહેતો હતો, પ્રત્યેક કેન્દ્ર એના કામ પૂરતું મર્યાદિત કરી દો મહાવીરના વૃત્તિ-સંક્ષેપનો આ જ અર્થ છે પ્રત્યેક વૃત્તિને એના કેન્દ્ર પર સંક્ષિપ્ત કરી દો એના કેન્દ્રની આસપાસ ફેલાવા ન દો, ભટકવા ન દો એનાથી વ્યક્તિમાં એક સુઘડતા આવે છે સ્પષ્ટતા આવે છે અને તમે કાઈ પણ કરવામા સમર્થ થઈ જાઓ છો.

આપણી બધી વૃત્તિઓ લગભગ બુદ્ધિની આસપાસ એકઠી થઈ જાય છે તેથી બુદ્ધિ જે કામને કરી શકતી હતી, તે કરવા નથી પામતી કેમ કે તમે એની પાસે બીજા કામ લઈ રહ્યા છો અને જે કામ તમે લઈ રહ્યા છો તે બુદ્ધિ નથી કરી શકતી કેમ કે એ એની પ્રકૃતિની બહાર છે, એ એનુ કામ નથી આ દુનિયામા આટલી બુદ્ધિહીનતા છે, એનુ કારણ એ નથી કે એટલા બુદ્ધિહીન માણસ પેદા થાય છે આ દુનિયામા આટલી જે મૂર્ખતા (stupidity) દેખાય છે, જે જડતા દેખાય છે, એનુ કારણ એ નથી કે એટલા બુદ્ધિહીન લોકો પેદા થાય છે એનું કારણ એટલુ જ છે કે બુદ્ધિ જે કામ કરી શકે છે, તે તમે લેતા નથી અને જે નથી કરી શકતી

તે કામ તમે એની પાસે લો છો એનાથી બુદ્ધિ ધીરે ધીરે મંદ થતી જાય છે

જરા વિચાર કરો દુનિયામાં કેટલા માણસ લંગડા છે, યા દુનિયામાં કેટલા લાલસ આંધળા છે યા દુનિયામાં કેટલા માણસ બહેરા છે જો દુનિયામાં મૂર્ખ પણ હોય તો એનું પ્રમાણ પણ એથી વધુ દોઈ શકતું નથી પરંતુ મૂર્ખ વધુ દેખાય છે બુદ્ધિ નામ માત્ર પણ દેખાતી નથી શું કારણ દોઈ શકે બુદ્ધિની આટલી ઉણપનું ? કારણ એટલું જ છે કે બુદ્ધિથી જે કામ તમારે લેવાનું હતું તે તમે લીધું નહિ જે નહોતું લેવાનું તે તમે લીધું આનાથી બુદ્ધિ ધીરે ધીરે જડ બની જાય છે

(૧૮) મનુષ્યની સરાસરી માનસિક ઉંમર તેર ચૌદ વર્ષ

માનસશાસ્ત્રીઓ કહે છે કે પ્રત્યેક વ્યક્તિ પ્રતિભા લઈને જન્મે છે અને પ્રત્યેક વ્યક્તિ જડ થઈને મરે છે બાળક પ્રતિભાશાળી જન્મે છે અને બુદ્ધિ પ્રતિભાહીન મરે છે થવું તો ઊલટું જોઈતું હતું કે જેટલી પ્રતિભા લઈને બાળક જન્મ્યું હતું તેમાં વધુ ઉમેરો થવો જોઈતો હતો અનુભવ એમાં વધુ રંગ જોડત જીવનની યાત્રા એને વધુ પ્રગાઢ કરત પણ આમ થતું નથી

[illegible] લા મહાયુદ્ધમાં લગભગ દસ લાખ સૈનિકોની બુદ્ધિનું માપ લેવામાં આવ્યું તો ખબર પડી કે એમની માનસિક ઉંમર સાડાતેર વર્ષ [illegible] કુલ સાડાતેર વર્ષ ! એમની ઉંમર શરીરથી કોઈની પચાસ વર્ષ હશે કોઈની ચાલીસ હશે કોઈની ત્રીસ હશે. પરંતુ માનસિક ઉંમર ફક્ત સાડાતેર વર્ષ ! અને ત્યારે ઘણી નવાઈભર્યો નિષ્કર્ષ અનુભવમાં આવ્યો કે શરીર તો વધતું જાય છે પણ બુદ્ધિ — માલૂમ પડે છે કે તેર ચૌદ વર્ષની આસપાસ રોકાઈ જાય [illegible] એની પછી વધતી નથી

(૧૯) દુનિયાના થોડા બુદ્ધિમાનોને દૂર કરવામાં આવે તો સામાન્ય માણસની માનસિક ઉંમર ઘણી ઓછી આવે.

પરતુ આ સરાસરી છે. આ સરાસરીમાં બુદ્ધિમાન પણ આવી જાય છે

આ સરાસરી એવી છે કે જો હિંદુસ્તાનમા સામાન્ય માણસની સરાસરી આવકની ગણતરી કરવામા આવે તો તેમાં બિરલા પણ હશે, દાલમિયા પણ હશે, સાહૂ પણ હશે બધાનો એમા સમાવેશ થયો હશે આ રીતે જે સરાસરી નીકળશે, એ સામાન્ય માણસની સરાસરી આવક નથી, કેમ કે એમા ધનપતિ પણ સમાઈ જતા હશે. જો આપણે ધનપતિઓને બાદ કરી દઈએ અને સામાન્ય માણસની સરાસરી આવક કાઢીએ તો તે ઘણી ઓછી જોવામાં આવશે ઘણી ઓછી થઈ જશે. નેહરુ અને લોહિયાની વચ્ચે પાર્લમેન્ટમા વરસો સુધી આ જ વિવાદ ચાલતો રહ્યો. કેમ કે નેહરુ જેટલી આવક બતાવતા હતા, તેનાથી લોહિયા ઘણી ઓછી બતાવતા હતા લોહિયા કહેતા હતા કે આ પાંચ-દસ માણસોને છોડી દો આ સરાસરી માણસો જ નથી એમનો શો હિસાબ રાખવો? બાકીનાનું વિચારો તો પછી બાકીના લોકોમાં તો નવા પૈસામા જ આવક રહી જાય છે

આ રીતે આ જે તેર, સાડાતેર વર્ષની ઉંમર છે, એમા આઇન્સ્ટાઈન પણ આવી જાય છે અને બર્ટ્રાન્ડ રસેલ પણ આવી જાય છે આ સરાસરી છે એ બધા બુદ્ધિના શિખરે પહોચનારા લોકો આમા આવી જાય છે. એનાથી બુદ્ધિહીનોની પાસે પણ સરાસરીમા થોડોક ભાગ આવી જાય છે આમા ટોચના લોકોને છોડી દો જો પૃથ્વી પર સો માણસોને છોડી દેવામા આવે તો કોઈ પણ યુગમા સામાન્ય માણસની પાસે બુદ્ધિનુ પ્રમાણ એટલુ

બધુ ઓછુ રહી જાય છે કે એની ગણતરી કરવાની કોઈ જરૂર નથી રહેતી એનાથી કશુ થતુ નથી

(૨૦) મનુષ્ય કરતા યંત્રો સારુ કામ કરી શકે છે — મનુષ્યના બેકાર થવાની સંભાવના

એનાથી ફકત એટલુ જ થાય છે કે તમે તમારા ઘરથી ઓફિસ જાઓ છો અને ઓફિસથી ઘેર આવો છો એનાથી એટલુ જ થાય છે કે ઓફિસમા તમે ચાલાકી શીખી જાઓ છો કે શુ શુ કરવાનુ છે એટલુ કરીને પાછા ફરી જાઓ છો ઘરમા પણ તમે ચાલાકી શીખી જાઓ છો કે શુ શુ મેળવવાનુ છે એટલુ મેળવીને તમે તમારુ કામ ચલાવી લો છો આ તો યંત્ર પણ કરી શકે છે અને તમારા કરતા વધુ સારી રીતે કરી શકે છે એટલા માટે જ્યા યંત્ર માણસ અને યંત્ર વચ્ચે હરીફાઈ થાય છે ત્યા ત્યા માણસ હારી જાય છે જ્યા પણ યંત્ર સાથે હરીફાઈ થઈ કે તમે યંત્રની સાથે તમે કયારેય જીતી શકતા નથી જે દિવસે જે ક્ષેત્રમા તમારી યંત્ર સાથે હરીફાઈ થાય છે એ દિવસે ત્યા તમે બેકાર થઈ જાઓ છો

હવે અમેરિકન વૈજ્ઞાનિકો કહે છે કે વીસ વર્ષમા માણસ માટે કોઈ કામ નહિ રહે કેમ કે યંત્રો બધા કામ વધુ સારી રીતે કરી શકે છે અને હવે એમની સામે સૌથી મોટો સવાલ એ છે કે વીસ વર્ષ પછી આપણે માણસનુ કરશુ શુ અને એની પાસેથી શુ કામ લઈશુ ? જો એ કામ વિનાનો થઈ જાય તો ઉપવાસ કરશે. એની પાસે કાંઈ ને કાંઈ કામ તો લેવુ જ પડશે એવુ થે બને કે જેવી રીતે ઘરમા બાળકો તોફાન મસ્તી કરતા હોય તો તેમને રમકડા આપીને કામમા વાળવામા આવે છે, તેમ માણસોને પણ એવા કામ સોંપવા પડે! બસ આવી રીતે કેટલાક રમકડા તમને આપવા પડશે, જેમા તમે ઘૂઘરો વગેરે વગાડતા રહો — તમારા એ

રમકડાં મોટા હશે, સાવ બાળક જેવાં નહિ હોય, કેમ કે એનાથી તો તમે નારાજ થશો

પરંતુ મનોવૈજ્ઞાનિકો કહે છે કે બાળકોનાં રમકડાંમાં અને મોટા માણસોના રમકડામા ફકત કિંમતનો તફાવત હોય છે, બીજો કોઈ તફાવત નથી હોતો. બાળકો ઢીંગલીઓથી રમતા હોય છે તમે એક સ્ત્રીથી રમતા હો છો જરા કિંમતનો ફેર હોય છે આ જરા મોટું રમકડું છે બાકી ખેલ તો એનો એ જ છે.

(૨૧) વૃત્તિ-સંક્ષેપ અર્થાત્ પ્રત્યેક ઇન્દ્રિયને તેના જ કેન્દ્ર પર કેન્દ્રિત કરવી

વૃત્તિ-સંક્ષેપ પર બે કારણોથી મહાવીરે ભાર મૂકયો છે. એક તો પ્રત્યેક કામને, પ્રત્યેક વૃત્તિને એના કેન્દ્ર પર કેન્દ્રિત (concentrate) કરી દેવાની છે આ પહેલી જરૂરિયાત એટલા માટે છે કે જે વૃત્તિ પોતાના કેન્દ્ર પર સંગ્રહીત થઈ જાય છે, કેન્દ્રિત થઈ જાય છે, એકાગ્ર થઈ જાય છે, એના તમને વાસ્તવિક અનુભવો મળવા શરૂ થઈ જાય છે અને વાસ્તવિક અનુભવથી મુક્ત થઈ જવું ઘણું સહેલું છે, કેમ કે વાસ્તવિક અનુભવ ઘણા દુઃખદ છે

સ્ત્રીની કલ્પનાથી મુક્ત થઈ જવુ ઘણુ મુશ્કેલ છે, પરંતુ સ્ત્રીથી મુક્ત થઈ જવુ સહેલુ છે ધનની કલ્પનાથી મુકત થઈ જવું ઘણું કઠણ છે, ધનના ઢગલાથી મુક્ત થઈ જવું ઘણુ સહેલુ છે કલ્પનાથી મુક્ત થવાનુ છે કેમ કે કલ્પના કયારેય હતાશ થતી નથી કલ્પના તો વહેતી ચાલી જાય છે. એનો કયાંય અંત જ નથી આવતો કયાંય એવુ નથી થતું કે જ્યા કલ્પના થાકી જાય, તૂટી જાય, હારી જાય વાસ્તવિકતાનો તો દરેક જગ્યાએ અંત આવી જાય છે દરેક ચીજ તૂટી જાય છે

જો પ્રત્યેક વૃત્તિ પોતાના કેન્દ્ર પર આવી જાય, તો એટલી સંભવ થઈ જાય છે કે તમને એના વાસ્તવિક, ખરેખરા (actual)

અનુભવ મળવા શ્રી થઈ જાય છે અને જેટલા વાસ્તવિક અનુભવ હોય છે તેટલો જ જલદી છૂટકારો થઈ જાય છે

(૨૨) હિપ્પીઓના મુક્ત ભોગના પ્રયોગનું પરિણામ — કામવાસનાનો ચાલ્યો ગયેલો રસ

અમેરિકામાં છેલ્લા દસ વરસમાં હિપ્પી બીટ્સ અને બીટનિકોને કારણે એક અદ્ભુત બનાવ બન્યો છે બનાવ એ છે કે પહેલી વાર હિપ્પીઓએ કામવાસનાને મુક્તભાવથી ભોગવવાનો પ્રયોગ કર્યો — બિલકુલ મુક્ત ભાવથી જેમણે આ પ્રયોગ દસ વર્ષ પહેલા કર્યો હતો એમણે વિચાર્યું હતું કે ઘણો આનંદ ઉપલબ્ધ થશે કેમ કે જેટલી સ્ત્રીઓ જોઈએ જેટલા પુરુષ જોઈએ જેટલા સંબંધ સાધવા હોય એટલા સંબંધ સાધવાની સ્વતંત્રતા છે ઉપરથી કોઈ અડચણ નથી કાનૂન નથી કોઈ અદાલત નથી સજાની કોઈ અડચણ નથી એ બે વ્યક્તિઓની અંગત સ્વતંત્રતા છે

પરંતુ દસ વર્ષમાં સૌથી વધુ નવાઈનો અનુભવ હિપ્પીઓને થયો તે એ કે કામવાસના બિલકુલ વ્યર્થ માલૂમ પડવા લાગી — અર્થ વગરની (meaningless) જેનો કોઈ અર્થ જ ન રહ્યો દસ હજાર વર્ષ સુધી પતિ પત્નીઓવાળી દુનિયામાં કામવાસના અર્થપૂર્ણ રહી પણ પતિ પત્નીનો સંબંધ છોડી દેવાથી દસ વર્ષમાં કામવાસના અર્થ વગરની થઈ જાય છે વાત શું છે?

હિપ્પીઓએ ઘણા પ્રકારના પ્રયોગો કર્યા અને બધા પ્રયોગો વ્યર્થ થઈ ગયા આઠ છોકરા અને આઠ છોકરીઓ લગ્ન કરી લેછે — જૂથ લગ્ન (group marriage) એક જૂથ બીજા જૂથ સાથે લગ્ન કરી રહ્યું છે એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે નહિ હવે આમાંથી જે જે પ્રકારે રાજી થશે જે રીતે રાજી હશે, તેમ રહેશે પતિનું જૂથ છે દસનું યા આઠનું અને પત્નીનું જૂથ છે આઠનું આ બંને જૂથ ભેગા થઈ ગયા હવે આ એક કુટુંબ

છે આમાં બધા પતિ છે, બધી પત્નીઓ છે જૂથકામવાસના (group sex)ના ઘણા ખરાબ અનુભવ થયા. હમણા હું આ બધા અનુભવોમાંથી પસાર થયેલી એક અનુભવી વ્યકિતનાં સંસ્મરણ વાંચી રહ્યો હતો. એણે લખ્યું છે કે જો કામવાસનાનો રસ પાછો લાવવો હોય, તો પેલી પતિ-પત્નીવાળી દુનિયા બહેતર છે

તમે વિચારતા હશો કે આ બધી અનીતિ ચાલી રહી છે પરંતુ તમે જાણીને નવાઈ પામશો કે જ્યારે કોઈ અનુભવ એના પૂરા રૂપમા મળે છે ત્યારે તમે એની બહાર થઈ જાઓ છો. અસલમા કામવાસનાનો રસ જાળવવા માટે કુટુંબ અને દામ્પત્ય અને વિવાહની વ્યવસ્થા છે

(૨૩) કોઈ પણ ચીજ ઢાંકવાને કારણે અર્થ-પૂર્ણ—ખુલ્લી થવાથી અર્થ-હીન

ધ્યાન રહે, જે દેશોમાં સ્ત્રીઓ બુરખા પહેરે છે, એ દેશોમા સ્ત્રીઓ જેટલી સુંદર લાગે છે એટલી જે દેશોમાં બુરખા પહેરતી નથી ત્યાં નથી લાગતી

નસરુદ્દીનના જ્યારે લગ્ન થયા અને પત્નીનો બુરખો જ્યારે એણે પહેલી વાર ઉઘાડ્યો ત્યારે એ ગભરાઈ ગયો કેમ કે એને એણે બુરખામા જોઈ હતી ઘણા સૌંદર્યની કલ્પના કરી હતી. અને જેવી રીતે બધા બુરખા ઉઘાડવાથી સૌંદર્ય વિદાય થઈ જાય છે, એવી જ રીતે એ વિદાય થઈ ગયુ એ ગભરાઈ ગયો

મુસલમાનોમા રિવાજ હોય છે કે પત્ની પતિના ઘેર આવીને પહેલી વખતે એને પૂછે છે કે તમે મને કોની કોની સામે બુરખો ઉઘાડવાની આજ્ઞા આપો છો

નસરુદ્દીને કહ્યું, "તું મારી સામે ના ઉઘાડતી બીજા બધાની સામે ભલે ઉઘાડ એટલુ ધ્યાન રાખજે કે હવે ફરી વાર મને દર્શન ન આપતી.

જે ચીજો ખૂટી જાય છે તે અર્થહીન થઈ જાય છે જે ચીજ ખૂટી જાય છે ઢાકેલી રહે છે, તે અર્થ પૂર્ણ થઈ જાય છે તમે શરીરના જે જે અંગો ઢાકી દીધાં છે એમને અર્થ આપ્યો છે ઢાકી ઢાકીને તમે એને અર્થ આપી રહ્યા છો તમે વિચારો છો કે તમે ઢાકીને બચાવી રહ્યા છો પરંતુ સત્ય એ છે કે ઢાકીને તમે અર્થ આપી રહ્યા છો (you are creating meaning) કોઈ પણ ચીજ ઢાકી દો અને એમાં અર્થ પેદા થઈ જાય છે કેમ કે કોઈ ચીજ ઢાકી દો તો આસપાસ બુદ્ધિઓની જે જમાત છે તે તેને ઉઘાડવા ઉત્સુક થઈ જાય છે ઉઘાડવાની કોશિશમાં અર્થ આવી જાય છે જેટલી ઉઘાડવાની કોશિશ આવે છે, એટલી ઢાકવાની કોશિશ આવે છે અને અર્થ વધતો જાય છે ચીજ સીધી અને સાદ ખૂલી જાય તો અર્થહીન થઈ જાય છે

(૨૪) અમેરિકામાં ભોગ અર્થવિહીન થઈ જવાથી માદક અને નશીલી ચીજોમાં ગોધાઈ રહેલી ઉત્તેજના

અમેરિકાએ પહેલી વાર એવો સમાજ પેદા કર્યો છે કે જે એક અર્થમાં ભોગ મુક્ત થઈ ગયો છે જેમને હવે એમાં અર્થ નથી દેખાતો પરંતુ ખાનાથી ખૂબ પરેશાની પેદા થઈ છે એટલા માટે હવે નવા અર્થ શોધવામાં આવી રહ્યા છે એલ એસ ડી મા મારિજુઆનામાં અને બીજા પ્રકારના નશામાં અર્થ શોધવામાં આવી રહ્યા છે કેમ કે હવે ભોગથી તો કોઈ તૃપ્તિ થતી નથી ભોગમાં કોઈ અર્થ જ નથી રહ્યો એ વાત નિશ્ચય થઈ ગઈ હવે એમને બીજી કોઈ નવી ઉત્તેજનાઓ (sensations) અને અનુભૂતિઓ જોઈએ છે

અમેરિકા વાળે લાખ ઉપાય કરે ડ્રગ્સ રોકી નહિ શકાય એલ એસ ડી ની કોઈ બજેરાત થતી નથી પરંતુ તે ઘરેઘેર પહોંચી રહી છે કોઈ બજેર ખબર નથી કોઈ છાપામાં ખબર નથી કે

તમે એલ. એસ ડી નું જરૂર સેવન કરો. પરંતુ એ ડ્રગ એકેએક યુનિવર્સિટીના કેમ્પસમા, એકએક વિદ્યાર્થીની પાસે પહોચી રહ્યુ છે. અમેરિકા સફળ નહિ થાય — ભલે વિરોધમાં કાયદા કરે, અદાલતમા મુકદ્દમા ચલાવે, સજાઓ કરે; એલ. એસ ડી ના પ્રચારને માટે જે સૌથી મોટો પુરોહિત ત્યા હતો — તિમોથી લિયરી એને આજીવન કેદની સજા આપવામા આવી પરંતુ આનાથી વાત અટકી નહિ

જ્યાં સુધી અમેરિકામા ભોગનો રસ પાછો સ્થાપિત કરવામા નહિ આવે, ત્યા સુધી ડ્રગ્ઝ રોકાઈ નહિ શકે. કેમ કે માણસ નિયમ વગર જીવી નથી શકતો પછી તમે કોઈ આત્માનો, પરમાત્માનો અર્થ પેદા કરો, કોઈ નવો અર્થ આપો, જેની શોધમા તે નીકળી પડે, કોઈ નવા શિખર તરફ લઈ જાઓ, કે જેના પર એ ચડી જાય

માણસની પાસે એક શિખર છે — સ ભોગનું. એની શોધમાં એ ભટકતો ફરે છે અને એ એટલુ સુરક્ષિત અને વ્યવસ્થિત છે કે એ ક્યારેય પણ અનુભવી નથી શકતો કે એ વ્યર્થ છે જો એની પત્ની વ્યર્થ થઈ જાય છે, તો બીજી પણ સ્ત્રીઓ છે કે જે સાર્થક બની રહે છે પડદા પર ફિલ્મની સ્ત્રીઓ સાર્થક બની રહે છે. કોઈને કોઈ તો છે કે જ્યા અર્થ બન્યો રહે છે અને એ અર્થની શોધમા એ લાગેલો રહે છે

(૨૫) વૃત્તિ-સંક્ષેપના બે ફાયદા — પ્રત્યેક વૃત્તિ સમગ્રતામાં જીવવાથી વ્યર્થ થાય છે અને બીજુ બુદ્ધિ પાસેથી નકામા કામનો બોજો હટી જતાં બુદ્ધિનું ખરુ કાર્ય, ધ્યાન દ્વારા બુદ્ધિમત્તાની ખિલવણીનુ થવા પામે છે.

મહાવીર, વૃત્તિ-સક્ષેપની વાત કરે છે એ મોટી વૈજ્ઞાનિક વાત છે. એનો એક અર્થ તો એ કે પ્રત્યેક વૃત્તિને એની પૂર્ણ

તીવ્રતામાં જીવી શકાશે અને જે વૃત્તિને તમે એની સમગ્રતામાં જીવો છો તે વ્યર્થ થઈ જાય છે અને આત્મદર્શનની પહેલા વૃત્તિઓનું વ્યર્થ થઈ જવું જરૂરી છે

બીજી વાત — સામાન્ય રીતે બધી વૃત્તિઓ મનને ઘેરી લે છે, કેમ કે તમે મનથી જ બધું કામ કરો છો. ભોજન પણ મનથી કરવું પડે છે સંભોગ પણ મનથી કરવો પડે છે કપડાં પણ મનથી પહેરવાં પડે છે કાર પણ મનથી ચલાવવી પડે છે ઑફિસે પણ મનથી જવાનું હોય છે બધાં કામ બુદ્ધિને ઘેરી લે છે એટલા માટે બુદ્ધિ નિર્બળ અને નિરીહ થઈ જાય છે કેમ કે એટલું કામ એના પર બહારથી લદાઈ જાય છે

મુલ્લા નસરુદ્દીનને એની પત્નીએ કહ્યું કે તમારા શેઠને કહો કે હવે થોડો પગાર વધારે ઘણા દિવસ થઈ ગયા — પગાર વધ્યો નથી મુલ્લાએ કહ્યું કહું તો છું પણ એ વાત ટાળી દે છે "

એની પત્નીએ કહ્યું તમે જઈને કહો કે તમારી મા બીમાર છે એનો ઇલાજ કરવાની જરૂર છે તમારા પિતાને લકવો થઈ ગયો છે એની સેવા કરવાની જરૂર છે તમારી સાસુ પણ તમારી સાથે રહે છે તમારે આટલા બાળકો છે એમના શિક્ષણનો સવાલ છે તમારી પાસે મકાન નથી તમારે મકાન બનાવવાનું છે આવી એણે મોટી એની યાદી બનાવી

બીજે દિવસે મુલ્લા ઑફિસમાંથી ખૂબ પ્રસન્ન ચહેરે પાછા ફર્યા પત્નીએ પૂછ્યું શું પગાર વધ્યો?

મુલ્લાએ કહ્યું, ના મારા શેઠે કહ્યું you have too much outside activities તમને બહારનું ઘણું કામ રહેતું લાગે છે તમે ઑફિસનું કામ ક્યારે કરશો? જ્યારે તમારા ઘરમાં આટલું બધું કામ છે ત્યારે તમે ઑફિસનું કામ ક્યારે કરશો! અને નોકરીમાંથી કમી કરીને રજા આપી દીધી

તો બુદ્ધિ ઉપર એટલું બધુ કામ છે કે બુદ્ધિ પોતાનું કામ કરશે ક્યારે? તમે એના પર બધી બાજુથી બોજો નાંખી દીધો છે એટલે એ પોતાનુ કામ ક્યારે કરી શકે? એટલા માટે તમે બુદ્ધિ મત્તાનું કોઈ કામ જીવનમા કરી શકતા નથી બુદ્ધિ પાસે તમે માત્ર સાધનનું કામ લો છો. ક્યારેક ધન કમાવાનુ કામ લો છો, ક્યારેક લગ્ન કરવાનુ, ક્યારેક રેડિયો સાભળવાનુ કામ કરો છો પરંતુ બુદ્ધિની બુદ્ધિમત્તાને વિકસવા દેતા નથી

બુદ્ધિનું પોતાનું કામ છે — ધ્યાન જ્યારે બુદ્ધિ પોતાનામાં રોકાય છે, પોતાનામા સ્થિર થાય છે, ત્યારે બુદ્ધિમત્તા (wisdom) આવે છે અને ત્યારે પહેલી વાર તમે જીવનને જુદી જ રીતે જોવા પામો છો — એક બુદ્ધિમાનની આંખોથી પરંતુ એ તક જ આવતી નથી. એની પાસે ઘણું વધારે કામ છે, એ એમા દબાઈ–દબાઈને નાશ પામે છે તમારી પાસે કામનુ જે શ્રેષ્ઠતમ બિંદુ છે તેની પાસેથી તમે નિકૃષ્ટ કામ લઈ રહ્યા છો તમારી પાસે જે શ્રેષ્ઠતમ શક્તિ છે, તેનાથી તમે ખોટું કામ લઈ રહ્યા છો જે કામ સોયથી કરી શકાતુ હતુ, તે કામ તમે તલવારથી કરી રહ્યા છો તલવારથી કરવાને કારણે સોયથી જે થઈ શકતું હતુ, તે પણ થવા નથી પામતુ. અને તલવાર જે કરી શકતી હતી તેનો તો કોઈ સવાલ નથી; કેમ કે એ સોયના કામમાં ગૂચવાયેલી છે

(૨૬) બુદ્ધિનું કાર્ય કેવળ સાક્ષી થવાનું — તેનાથી વ્યર્થ કાર્યો આપોઆપ છૂટી જાય છે અને સાર્થક કાર્યો થવાનાં શરૂ થઈ જાય છે.

વૃત્તિ-સંક્ષેપનો અર્થ છે — પ્રત્યેક વૃત્તિને એના પોતાના કેન્દ્ર પર મર્યાદિત રાખો સક્ષિપ્ત કરો ,એને ફેલાવા ન દો. ભૂખ લાગે તો પેટથી લાગવા દો, બુદ્ધિથી ન લાગવા દો બુદ્ધિને કહો કે તું ચૂપ રહે, કેટલા વાગ્યા છે એની ફિકર કરવી છોડ

પેટ ખબર આપશે કે ભૂખ લાગી છે ત્યારે અમે સામગ્રી લઈશું સૂવાનું કામ કરવાનું હોય તો બુદ્ધિને એ કામ કરવા ન દો ઊંઘ આવશે તો પોતાની મેળે જ ખબર પડશે શરીર ખબર આપશે ત્યારે સૂઈ જઈશું ઊંઘ તો ગી હશે તો પણ બુદ્ધિને કામ ન આપો કે એ ચેતાર્ય ભરીને રાખી દે જ્યારે ઊંઘ તૂટશે ત્યારે તૂટશે એને જાતે જ તૂટવા દો ઊંઘના તંત્રને પોતાનું કામ કરવા દો કામવાસનાના તંત્રને પોતાનું કામ કરવા દો શરીરના બધા કામ વિશિષ્ટ છે એમને પોત પોતાનામાં થવા દો એ બધાંને એકઠા ન કરો નહિ તો બધા વિખૂટ થઈ જશે અને પછી એમને સંભાળવા મુશ્કેલ થઈ જશે

બુદ્ધિનું કામ એટલું જ છે કે પ્રત્યેક કેન્દ્ર પોતાના કામને સમગ્રતાથી કરે કે જેથી એનું કામ કોઈ બીજા કેંદ્ર પર ફેલાય નહિ—બુદ્ધિ આટલું જુએ તો પર્યાપ્ત છે એટલાથી બુદ્ધિ નિયંતા થઈ જાય છે એ મધ્યમાં બેસી જાય છે અને માલિક થઈ જાય છે બધી ઇન્દ્રિયો પર એનું નિયંત્રણ થઈ જાય છે અને પ્રત્યેક ઇન્દ્રિય પોતાનું કામ કરે એ જ એની દૃષ્ટિ થઈ જાય છે

કોઈ ઇન્દ્રિય પોતાનું કામ કરે અને જેવી બુદ્ધિ એને જોવા પામે કે એ કામમાં એને રસ આવે છે કે નથી આવતો કે તરત જ જે વ્યર્થ કામ છે તે બંધ થવા શરૂ થઈ જાય છે અને જે સાર્થક કામ છે તે વધવા શરૂ થઈ જાય છે ઘણી શીઘ્રતાથી એ સમજ આવી જાય છે કે જ્યારે તમારા જીવનમાંથી વ્યર્થ દૂર થઈ જાય છે, દૂર કરવું નથી પડતું અને સાર્થક બની જાય છે બચાવવું નથી પડતું તમારા જીવનમાંથી કાંટા પડી જાય છે ફૂલ બની જાય છે આને માટે કંઈ કરવું પડતું નથી બુદ્ધિનું કેવળ જોવું જ પર્યાપ્ત છે એનું સાક્ષી થવું જ પર્યાપ્ત છે

સાક્ષી થવું એ જ બુદ્ધિનો સ્વભાવ છે એ જ એનું કામ છે બુદ્ધિ કોઈનું સાધન નથી એ સ્વયં સાધ્ય છે બધી ઇન્દ્રિય

પોતાના અનુભવ બુદ્ધિને આપે, પરતુ કોઈ ઇન્દ્રિય પોતાનુ કામ બુદ્ધિ દ્વારા ન લેવા પામે, એ વૃત્તિ-સક્ષેપનો અર્થ છે

નિશ્ચિત જ આનુ પરિણામ આવશે એનું પરિણામ એ આવશે કે જ્યારે પ્રત્યેક કેન્દ્ર પોતાનું કામ કરશે ત્યારે તમારા જીવનમા દેખાવ પૂરતો વિસ્તાર લાવનારા ઘણા કામો છૂટી જવા લાગશે. તમારા કોઈ જાતના પ્રયાસ વગર તે ન કોચાવાં શરૂ થઈ જશે તમારે ધનની દોડ છોડવી નહિ પડે તમે અચાનક જાણશો કે જે-જે વ્યર્થ હતુ તે છૂટી ગયું. તમારે મોટુ મકાન બનાવવાનુ પાગલપણુ છોડવુ નહિ પડે. તમને દેખાઈ જશે કે દેવડું મકાન તમારા માટે જરૂરી છે એથી વધારે તમને વ્યર્થ લાગવા માડશે તમારામા કપડાના ઢગલા ખડકવાનું પાગલપણું નહિ રહી જાય. પછી તમે ગણતરી કરીને મઝા નહિ માણો કે ત્રણ સો સાડી પૂરી થઈ ગઈ હવે ચારસો સાડી પૂરી થઈ ગઈ, હવે પાચસો સાડી પૂરી થઈ ગઈ તમારી બુદ્ધિ તમને કહેશે કે આ પાચસો સાડી પહેરશો ક્યારે ?

(૨૭) બિનજરૂરી પરિગ્રહનું પાગલપણું

મે સાભળ્યુ છે કે બે સેલ્સમેનો આપસમા વાત કરી રહ્યા હતા એક સેલ્સમેન મોટી વાતો કરી રહ્યો હતો કે મેં આજે કેટલુ વેચાણ કર્યું એક માણસ એક ટાઈ ખરીદવા આવ્યો હતો મે તેને ત્રણ ટાઈ વેચી દીધી. બીજાએ કહ્યુ, આ તો કાઈ નથી એક સ્ત્રી પોતાના મૃત પતિ માટે 'સૂટ' ખરીદવા આવી હતી મે એને બે સૂટ વેચી દીધા

પતિ મરી ગયો છે, એ સવાલ બાજુએ રહ્યો પતિને બીજી જોડ કપડાં પહેરવાનો મોકો ક્યારેય નહિ આવે, એ સવાલ પણ નથી પરતુ બીજી જોડી પણ ગમી એમાં મનને એક રસ છે.

આપણે પણ લગભગ આ જ કરી રહ્યા છીએ કોણ પહેરશે, ક્યારે પહેરશે એનો સવાલ નથી માત્રા જ પોતાની મેળે

મૂલ્યવાન થઈ જાય છે ઉપયોગનું જાણે કે કોઈ મહત્ત્વ નથી સંખ્યાનું જ મહત્ત્વ છે કેટલી મોટી સંખ્યા આપણે બનાવી શકીએ છીએ એનું મહત્ત્વ છે હું ઘણા ઘરોમાં જાઉં છું અને જોઉં છું કે કોઈ મોટાને ત્યાં સો સો જોડી જોડા રાખેલા હોય છે એના કરતાં તો બટેનર છે કે એ માણસ મોચી થઈ જાય ગણતરીની મળી હોતો રહેતે ગણતરી જ કરતી છે ને તો મોચી થઈ જાય, તો ગણવામાં મળી આવશે નહી નહી જોડીઓ રોજ આવતી રહેશે એથી એ વધુ તમિ મળશે હું પૂછું છું કે સો જોડીનું શું કરશો? ના, પણ સો જોડીની પ્રતિષ્ઠા છે જેની પાસે છે તેના મનમાં તો છે જ જેની પાસે નથી એ પીડિત છે કે મારી પાસે સો જોડી જોડા નથી અર્થાત્ મોચીગીરીમાં પણ હરીફાઈ છે પેરો મોચી આખ્યાથી વધુ મોચી થતો જાય છે આપણે પાછળ પડી રહ્યા છીએ આપણા સો જોડી જોડા ક્યારે થશે? અને ઘણીવાર એવું થાય છે કે સો જોડી જોડા એકઠા થઈ જાય છે પરંતુ એટલા જોડા એકઠા કરવા જતાં પગ જ ચાલવા માટે શક્ય નથી રહેતા અને સો પર પણ એ સંખ્યા અટકતી નથી

(૨૯) બોધકથા — બે પ્રકારની વ્યક્તિની, એક વસ્તુ એના પરિગ્રહ પર ભરોસો રાખવાથી દુઃખી થનારી અને બીજી પોતા પર ભરોસો રાખવાથી આનંદિત રહેનારી

તિબેટમાં એક જૂની કથા છે કે બે ભાઈઓ હતા તેમના પિતા મરી ગયા ત્યારે એની પાસે સો ઘોડા હતા ઘોડાનું જ કામ હતું —સવારીઓને લાવવા-લઈ જવાનું પિતાએ મરતી વખતે મોટા ભાઈને કહ્યું કે તું બુદ્ધિમાન છે અને નાનો તો હજી નાનો છે તું તારી મરજી મુજબ જેવો ભાગ પાડવા ઇચ્છે તેવો પાડી લેજે તો મોટા ભાઈએ ભાગલા કરી દીધા. એણે પોતે ૯૯ ઘોડા રાખ્યા અને નાના ભાઈને એક ઘોડો આપ્યો આસપાસના લોકો

થોડા ચોંકયા પણ. પડોશીઓ કહ્યું પણ ખરું કે તમે આ શું કરી રહ્યા છો ? તો મોટા ભાઈએ કહ્યું કે મામલો એવો છે કે આ હજુ નાનો છે, સમજણ ઓછી છે. નવ્વાણુ કેવી રીતે સંભાળી શકે ? એટલા માટે હુ નવ્વાણુ લઉ છું અને એક એને આપુ છુ.

નાનો ભાઈ થોડા દિવસોમા મોટો થઈ ગયો પરતુ એ એકથી જ ઘણો પ્રસન્ન હતો એકથી જ કામ ચાલ્યું જતુ હતું. એ પોતે જ કામ કરી લેતો હતો નોકર રાખવા પડતા ન હોતા અલગ વ્યવસ્થા કરવી પડતી નહોતી. એ પોતે જ સઈસનું કામ કરી લેતો હતો લોકોને યાત્રા કરાવી આવતો એનુ ગુજરાન નીકળી જતુ પરંતુ મોટો ભાઈ ઘણો પરેશાન હતો. નવ્વાણું ઘોડા હતા, નવ્વાણુ ઉપાધિઓ હતી. નોકર રાખવા પડતા હતા, તબેલો બનાવવો પડતો હતો. કયારેક કોઈ ઘોડો બીમાર થઈ જતો, કયારેક કઈક થઈ જતુ, કયારેક કોઈ ઘોડો ભાગી જતો, કયારેક કોઈ નોકર પાછો ફરતો નહિ. રાત થઈ જતી, વાર લાગી જતી, એ જાગતો રહેતો, ખૂબ પરેશાન હતો

એક દિવસ એણે આવીને નાના ભાઈ ને કહ્યું : "તને મારી એક વિનતી છે કે તારો જે એક ઘોડો છે, તે પણ મને આપી દે." એણે કહ્યું, "કેમ ?" તો મોટા ભાઈએ કહ્યુ કે "તારી પાસે એક જ ઘોડો છે નહિ રહે તો કાઈ વધુ નહિ ખોવાય મારી પાસે નવ્વાણુ છે જો મને એક વધુ મળી જાય તો સો થઈ જશે અને તારુ તો કાઈ ખાસ બગડશે નહિ, કેમ કે એક જ છે, હોવુ, ન હોવુ સરખુ છે પણ મારા માટે મોટો સવાલ છે કેમકે મારી પાસે નવ્વાણુ છે એક મળતા જ પૂરી સેન્ચ્યુરી થઈ જાય, પરા સો થઈ જાય તો મારી પ્રતિષ્ઠા અને ઇજ્જતનો સવાલ છે. આપણા પિતા પાસે સો ઘોડા હતા ઓછામા ઓછી બાપની ઇજ્જતનો પણ સવાલ આમા જોડાયેલો છે" નાના ભાઈએ કહ્યું, "તમે આ ઘોડો પણ લઈ જાઓ કેમ કે મારો અનુભવ છે કે નવ્વાણુ

યોગમાં પણ તમારી મોટી તકલીફમાં જોઉં છું તો હું વિચારું છું કે નવાવુમાં એક વર્ષે તો બને પરંતુ યોગીપણી તકલીફ તો થશે આ પણ તમે [illegible] જાઓ

એ નાનો એ દિવસથી એટલો જ્ઞાન માં આવી ગયો કે હવે એ પોતે જ પોતાનું કામ કરવા લાગ્યો અત્યાર સુધી તો એવું હતું કે કયારેક પોતે બીમાર પડી જતો કયારેક દવા લાવવી પડતી કયારેક પોતે જવા માટે રાજી નહોતો થતો કયારેક થાકીને બેસી જતો હતો ટૂંકમાં મુશ્કેલીઓ હતી એ પણ દૂર થઈ ગઈ અત્યાર સુધી તો પોતાની નોકરી કરતી પડતી હતી એની લાગણી પડતી હતી એ વાત પણ ખતમ થઈ ગઈ પોતાનો માલિક થઈ ગયો હવે એ પોતે જ મોજથી વહન કરી લેતો લોકોને ખબર પડ્યા પછી મેળાવી લેતો અને યાત્રા કરતો પરંતુ મોટો ઘણો પરેશાન થઈ ગયો એ બીમાર જ રહેવા લાગ્યો કેમ કે હવે ચિંતા હતી કે સોમાણી કયારેક ફોકટ ઓલ્યો ન થઈ જાય કોઈ મોટો મળી ન જાય કોઈ મોવાઈ ન જાય નહિ તો મોટી મુશ્કેલી થઈ જશે

એક નિમેષી સાધુ આ વાર્તા ઘણી વાર કહ્યા કરતો હતો એ કહેતો હતો કે બે બે જ પ્રકારના માણસ હોય છે એક તો એ કે જેઓ વસ્તુઓ પર ઓછો ભરોસો કરી લે છે કે એને કારણે જ પરેશાન થઈ જાય છે અને બીજા તેઓ કે જેઓ પોતાના પર જ ઓછા ભરોસાવાળી ઝરૂર હોય છે કે વસ્તુઓ એમને પરેશાન નથી કરી શકતી આ દુનિયા પર બે જ પ્રકારના લોકો છે પરંતુ બીજા પ્રકારના લોકો ઘણા ઓછા છે એટલે આનંદ [illegible] ઓછો છે પહેલી જાતના લોકો ઘણા છે એટલે દુઃખ ઘણું [illegible]

(૨૮) વૃત્તિ સંક્ષેપ એટલે બધું દાબીને બાકી જવું એવો અર્થ નથી — તે તો વસ્તુઓનું નૂતન કે વધુ [illegible] વૃત્તિ સંક્ષેપનો અર્થ સીધો એ નથી કે નરે પોતાના [illegible]

ગ્રહને ઓછો કરો જ્યારે તમારી વૃત્તિ ભીતરમા સંક્ષિપ્ત થઈ જાય છે, તો બહાર પરિગ્રહ ઓછો થઈ જાય છે

એનો અર્થ એ પણ નથી કે બધુ છોડીને ભાગી જાઓ, તો તમે બદલાઈ જશો જરાય જરૂરી નથી કેમ કે જો ચીજો છોડવાથી તમે બદલાઈ શકતા હો, તો ચીજો ઘણી કીમતી થઈ જાય છે જો ચીજો છોડવાથી જો હુ બદલાઈ જતો હોઉ તો ચીજો ઘણી કીમતી થઈ જાય છે અને જો ચીજો છોડવાથી મને મોક્ષ મળતો હોય, તો ઠીક છે, મોક્ષનો પણ સોદો થઈ જાય છે ચીજોની જ કિમત ચૂકવીને મોક્ષ મળી જાય છે. જો એક મકાન છોડી દેવાથી, એક પત્ની, એક બાળકને છોડી દેવાથી મને મોક્ષ મળી જાય છે, તો મોક્ષની કિમત કેટલી થઈ! એટલી જ કિમત થઈ, જેટલી મકાનની હોઈ શકે છે યા એક પત્નીની, યા એક બેટાની હોઈ શકે છે જો હું ચીજો છોડવાથી ત્યાગી થઈ જાઉ, તો ઠીક છે ચીજો છોડવાથી લોકો ત્યાગી થઈ જાય છે, ચીજો હોવાથી ભોગી થઈ છે પરતુ ચીજોનુ મૂલ્ય, એમની કિમત તો કાયમ રહે છે. પછી જેની પાસે ચીજ ન હોય એ ત્યાગી કેવી રીતે હશે? જેની પાસે છોડવા માટે મહેલ ન હોય, એ મહાત્યાગી કેવી રીતે હશે? ઘણુ મુશ્કેલ છે, પહેલા મહેલ હોવો જોઈએ

નસરુદ્દીનને કોઈએ પૂછ્યુ કે મોક્ષ પામવાનો માર્ગ શુ છે?

તો નસરુદ્દીને કહ્યુ કે, પહેલા પાપ કરો

તો એણે કહ્યુ, આ શું પાગલપણાની વાત કરો છો! તમે મોક્ષ પામવાનો રસ્તો બતાવી રહ્યા છો કે નરકે જવાનો?

નસરુદ્દીને કહ્યુ કે જો પાપ નહિ કરો, તો પશ્ચાત્તાપ કેવી રીતે કરશો? અને જો પશ્ચાત્તાપ નહિ કરો તો મોક્ષ કેવી રીતે પામશો? જો પાપ નહિ કરો તો ભગવાન તમારા પર દયા કેવી રીતે કરશે? અને એ જો દયા નહિ કરે તો એની દયા વગર કાઈ

થશે જ નહિ પરંતુ પાપ કરો પછી પશ્ચાત્તાપ કરો તો ભગવાન દયા કરશે અને તમારે સ્વર્ગનો રસ્તો ખુલ્લો અને તમે ભીતર પ્રવેશ કરી શકો તો જે જરૂરિયાતની ચીજ છે નસરુદ્દીને કહ્યું એ પાપ છે એના વગર કશું થઈ શકતું નથી

આ જ મતલબ આ ફળ છે કે પરંતુ જ્યાં સુધીની ચીજો એકઠી કરો પછી ત્યાગ કરો જો ત્યાગ નહિ કરો તો મોક્ષમાં કેવી રીતે જશો? પરંતુ જો વસ્તુઓ એકઠી ન કરો તો ત્યાગ પણ કયાંથી કરો? તો પરંતુ એકઠી કરો પછી ત્યાગ કરો પછી મોક્ષમાં જશો પણ મોક્ષમાં જશો તો પણ વસ્તુઓ દ્વારા જ વસ્તુઓ પર ચઢીને મોક્ષ જવાનું થશે તો પછી મોક્ષ ઓછો કિંમતનો થઈ ગયો અને વસ્તુ વધુ કીમતી થઈ ગઈ કેમ કે જે પરોક્ષાગી છે એની જ કિંમત છે

કબીરે કહ્યું છે કે ગુરુ ગોવિંદ બેઉ ખડે કાકે લાગૂ પાય ગુરુ અને ગોવિંદ બંને એક જગ્યાએ આવે ઊભા રહી ગયા તો પછી કોને પગે લાગું? પરંતુ ત્યારે કબીરે વિચાર્યું કે ગુરુના જ પગે પડવું યોગ્ય છે કેમ કે એનાથી જ ગોવિંદ મળ્યા છે

તો જો વસ્તુઓથી જ મોક્ષ જવાનું હોય તો વસ્તુઓને શરણે જવું પડે એમના જ પગે પડવું પડે કેમ કે એનાથી જ મોક્ષ મળશે ત્યાગ નહિ કરો તો મોક્ષ નહિ મળે અને ત્યાગ શું કરો? કાર્ય-વ્યાપારે ત્યાગ? સોનું? ત્યાગ પછી વસ્તુઓનું મૂલ્ય સ્થિર રહે છે મોક્ષને માટે પણ ત્યાગી માટે પણ

(૩૦) વૃત્તિ સંક્ષેપથી ભીતરમાં વૃત્તિઓ ઓછી થવાથી બહારનો પરિગ્રહ આપોઆપ ઓછો થતો જાય છે

નહિ મળતી હોય તો આ અર્થ નથી મહાવીર વસ્તુઓનું મૂલ્ય નથી આપી રહ્યા એ તો મારું કહવું છે કે વસ્તુઓનો ત્યાગ કરવાનું મહાવીરનો અર્થ નથી મહાવીર વસ્તુઓનું મૂલ્ય આંકી રહ્યા છે અને એ પણ આપી

શકતા નથી કે એમના ત્યાગનો કોઈ અર્થ છે. ના, મહાવીરનો પ્રયોગ આંતરિક છે

ભીતરમા વૃત્તિ કેન્દ્ર પર સ્થિર થઈ જાય તો બહાર ફેલાવો પોતાની મેળે જ બધ થઈ જાય છે એ એવુ જ હોય છે કે જેવું આપણે એક દીવો પેટાવ્યો હોય અને તેની વાટને આપણે જો અદર નીચેની બાજુએ ઓછી કરી દઈએ, તો બહાર પ્રકાશનો ઘેરાવો ઓછો થઈ જાય છે આ બાજુ દીવાની વાટ જેટલી નાની થતી જાય છે, એટલો જ ત્યા પ્રકાશનો ઘેરાવો ઓછો થતો જાય છે, પરતુ જો તમે વિચારતા હો કે પ્રકાશનો ઘેરાવો ઓછો કરીને આપણે દીવાની વાટ નાની કરી લઈશું, તો તમે મોટી ભૂલમાં છો એ કયારેય નહિ થાય તમે પોતાને છેતરી શકો છો છેતરવાની રીત એ છે કે તમે તમારી આંખ બધ કરતા જાઓ દીવો એટલો જ બળતો રહેશે અને તમે પોતાની આખ ધીમે ધીમે બંધ કરતા જાઓ તો લાગશે કે તમે બિલકુલ અધારામા બેઠા છો પરતુ એ છેતરપિંડી છે આખો ખોલો અને તમે જોશો કે દીવાના પ્રકાશનુ વર્તુળ એટલુ જ છે કેમ કે દીવાનુ મૂલ્ય નથી, એની વાટનુ મૂલ્ય છે એની વાટ નીચે નાની થતી જાય તો બહાર પ્રકાશનું વર્તુળ ખોવાઈ જાય છે

આપણી બધાની બહાર જે પ્રકાશ ફેલાયેલો દેખાય છે. એની વાટ આપણી ભીતર છે આપણ પ્રત્યેકના કેન્દ્ર પર છે, બહાર તો ફક્ત પ્રદર્શન છે. અસલ વાત તો ભીતર છે ભીતર સકોચ થઈ જાય છે તો બહાર બધુ સકોચાઈ જાય છે ધ્યાન રહે, જે બહાર સકોચાવા લાગે છે એ ખોટા, બિલકુલ ખોટા માર્ગથી ચાલે છે એ હેરાન થશે પણ કયાય પહોચશે નહિ.

જો કે કેટલાક લોકો પરેશાનીને તપ સમજી રહ્યા છે જેઓ પરેશાનીને તપ સમજી લે છે. એમની નાસમજનો કોઈ હિસાબ જ નથી પરંતુ લોકો તપને પરેશાની સમજી લે છે ખરેખર એ

પરેશાની નથી એમને દસ કપડાં જોઈએ છે એમણે નવ રાખી લીધાં તો ઘણી પરેશાની છે એ પરેશાની એવી જ છે કે જેટલી દસમાં મળી હતી દસની મળતાં અનુપાત જ પરેશાની બની જશે એક ઓઘુ થઈ ગયું કે પરેશાની શરૂ થઈ ગઈ હવે કેટલાક આ પરેશાનીને જ તપ સમજી બેઠા છે પરેશાની એ તપ નથી

(૩૧) જ્યારે મુલ્લાને વડબ્બી પત્ની ન મળતાં ધ્યાનનું થતું નથી

મેં મુલ્લાની પત્નીની તમને વાત કરી છે એણે જાણીબૂજીને એ સ્ત્રી સાથે લગ્ન કર્યાં આખા ગામને ખબર હતી કે એ ઘણી દુષ્ટ છે કજિયાળી છે ચાલીસ વર્ષ સુધી એને લગ્ન કરવાવાળો મળ્યો નહિ અને જ્યારે નસરૂદ્દીને ખબર આપી કે હું લગ્ન કરવા તૈયાર છું મિત્રોએ કહ્યું તું પાગલ તો નથી થઈ ગયોને? આ સ્ત્રીને કોઈ લગ્ન કરવાવાળું મળ્યું નથી એ ખતરનાક છે તારું ગળું દબાવી નાખશે તારા પ્રાણ લઈ લેશે તને જીવવા નહિ દે તું ઘડી મુકતીમાં પડી જઈશ

નસરૂદ્દીને કહ્યું હું પણ ચાલીસ વર્ષ સુધી અવિવાહિત રહ્યો આ અવિવાહિત રહેવામાં મેં ઘણાં પાપ કરી લીધાં છે એની સાથે લગ્ન કરીને હું પ્રાયશ્ચિત કરવા માગું છું આ એક તપ છે જાણી બૂજીને કરી રહ્યો છું પરંતુ પશ્ચાત્તાપ તો કરવો જ પડશે ને! સ્ત્રીઓથી આટલું સુખ મેળવ્યું હવે એટલું દુઃખ પામું ત્યારે તો સમતોલ થશે ને! અને આ સ્ત્રી જેવું દુઃખ આપી શકે છે એવું કદાચ બીજી કોઈ સ્ત્રી આપી નહિ શકે એ ઘણી અદ્ભુત સ્ત્રી છે અને નસરૂદ્દીને લગ્ન કરી લીધાં.

પરંતુ નસરૂદ્દીનની પત્નીની પાસે એ ખબર પહોંચી ગઈ હતી કે નસરૂદ્દીને એના માટે લગ્ન કર્યાં છે કે જેથી એ સ્ત્રી એને સતાવે અને એનું તપ થઈ જાય. તો એણે કહ્યું તને

ભૂલમાં ન રહો, મારા પર થઈને સ્વર્ગમા નહિ જઈ શકો ક કોઈનું સાધન નથી બની શકતી આજથી મારા કલહ બંધ."

અને કહેવાય છે કે એ સ્ત્રી નસરુદ્દીન સાથે જિંદગીભર ઝઘડી નહિ એને નરકે જવું જ પડયું એ ઝઘડી જ નહિ એણે કહ્યું, "તમે મને સ્વર્ગે જવાનું સાધન બનાવવા માગો છો, એ નહિ થાય એ કચારેય નહિ થાય, તમે નરકમાં જઈને જ રહેશો"

એ આ પૃથ્વી પર જે નરક પેદા કરત, તે એણે ન કર્યું એણે આગળની વ્યવસ્થા કરી લીધી.

(૩૨) તપમાં આનંદ — જયારે વૃત્તિ કેન્દ્ર પર સ્થિર થઈ જાય અને બુદ્ધિની સજગતા હોય ત્યારે

તમે કઈ ચીજને સાધન બનાવીને સ્વર્ગ સુધી જવા માંગો છો? વસ્તુઓને? અપરિગ્રહને? એ નહિ થાય તમે હેરાન ભલે થઈ જાઓ એ તપ નહિ થાય. પરેશાની તપ નથી તપનો મોટો આનંદ છે અને તપસ્વીના આનંદનો કોઈ હિસાબ નથી વસ્તુઓમા દુઃખ છે, પરંતુ એ દુઃખની તમને ત્યારે ખબર પડશે કે જ્યારે તમે તમારો વૃત્તિના કેન્દ્ર પર અનુભવ કરશો, દુઃખ મેળવશો, અને સુખની કોઈ રેખા દેખાશે નહિ અંધારું જ અંધારુ દેખાશે, પ્રકાશની કોઈ જ્યોતિ દેખાશે નહિ. કાંટા જ કાંટા દેખાશે, કોઈ ફૂલ ખીલતુ ણાલૂમ નહિ પડે અંદર કેન્દ્ર વ્યર્થ થઈ જશે, બહારથી આભામંડળ અદૃશ્ય થઈ જશે. અચાનક તમે જાણશો કે બહાર કોઈ માણસ નથી રહી ગયો લોકોને દેખાશે કે તમે બહાર છોડી દીધું પરંતુ તમે બહાર કાંઈ પણ નહિ છોડો, ભીતર જ કાંઈ તૂટી ગયું ભીતર કોઈ જ્યોતિ જ બુઝાઈ ગઈ

તો એક એક કેન્દ્ર પર એની વૃત્તિને સ્થિર કરી દેજો અને બુદ્ધિને સજગ રાખીને જોજો કે વૃત્તિના અનુભવ શુ છે?

ઘણા મનુષ્યોના સંદર્ભમા મોટામાં મોટુ જે આશ્ચર્ય છે તે

એ છે કે જે ચીજને તમે આજે કહો છો કે કાલે મને મળી જાય તો સુખ મળશે એ જ ચીજ કાલે જ્યારે મળી જાય છે ત્યારે તમે એ તુલના નથી કરી શકતા કે કાલે મેં જેટલું સુખ વિચાર્યું હતું એ મળ્યું કે ન મળ્યું ! એથી પણ મોટું આશ્ચર્ય છે કે એથી દુઃખ મળે છે પરંતુ બીજે દિવસે તમે ફરી એની ઇચ્છા કરવા લાગો છો અને ક્યારેય વિચારતા નથી કે કાલે જેનાથી દુઃખ મેળવ્યું હતું આજે ફરી તું દુઃખની શોધમાં જઈ રહ્યો છું આપણે ક્યારે તુલના નથી કરતા બુદ્ધિનું જે કામ છે તે જ આપણે એની પાસેથી નથી લેતા જે ચીજમાં વિચાર્યું હતું કે સુખ મળશે એમાં દુઃખ મળ્યું એ અનુભવમાં આવે છે પણ એ અનુભવને આપણે યાદ રાખી શકતા નથી અને જેમાં દુઃખ મળ્યું એને જ ફરીવાર ઇચ્છવા લાગીએ છીએ

(૩૩) વૃત્તિ સંક્ષેપથી બધી જ વૃત્તિની શક્તિ બુદ્ધિને મળતા જ્ઞાની ખિન્નતાથી, જેનાથી પરમ આનંદની અનુભૂતિ

આખી જિંદગી ફક્ત ઘાણીનો એક બળદ જેવી થઈ જાય છે કે જેમાં તમે એક જ રસ્તા પર રહો છો કોઈ ગતિ નથી કયાંય પહોંચવાનું નથી ફરતા ફરતા મરી જાઓ છો જે જમીન પર ઊભા હો છો એ જ જમીન ઉપર ઊભા ઊભા મરી જાઓ છો કયાંય એક ઇંચ આગળ નથી વધી શકતા વધી પણ નહિ શકો કેમ કે વધવાની જે સંભાવના હતી તે તમારી બુદ્ધિમત્તાને કાજે હતી તમારી પ્રજ્ઞાને કાજે હતી એ જાગી તો કયારેય વિકસિત થતી નથી

એટલા માટે મહાવીર વૃત્તિ-સંક્ષેપ પર ભાર દે છે જેથી પ્રત્યેક વૃત્તિ જેની તીવ્રતામાં જેની મુગ્ધતામાં અનુભવમાં આવી જાય અને અનુભવ કહી જાય કે ત્યાં દુઃખ છે સુખ નથી અને

બુધ્ધિ એ અનુભવને સંગૃહીત કરે. એ અનુભવને જીવે, પીએ અને બુધ્ધિના રોમે રોમમાં એ સમાઈ જાય તો તમારી અંદર તમારી વૃત્તિઓથી ઉપર તમારી પ્રજ્ઞા, બુધ્ધિમત્તા ઊઠવા લાગશે. બુધ્ધિમત્તા ઉપર ઊઠે છે તેમ તેમ વૃત્તિઓ સંકોચાતી જાય છે. અહી વૃત્તિઓ સંકોચાય છે. ત્યાં બુધ્ધિમત્તા ઉપર ઊઠે છે અને બહાર પરિગ્રહ ઓછો થતો જાય છે. જેવી બુધ્ધિમત્તા ઉપર ઊઠે છે તેવો જ બહાર સંસાર ઓછો થતો જાય છે.

જે દિવસે તમારી સમગ્ર શક્તિ વૃત્તિઓથી મુક્ત થઈને બુદ્ધિને મળી જાય છે, એ જ દિવસે તમે મુક્ત થઈ જાઓ છો. જે દિવસે તમારી બધી શક્તિ વૃત્તિઓથી મુક્ત થઈને પ્રજ્ઞાની સાથે ઊભી રહી જાય છે એ જ દિવસે તમે મુકત થઈ જાઓ છો જે દિવસે કામવાસનાની શકિત પણ બુધ્ધિને મળી જાય છે, જે દિવસે ક્રોધની શકિત પણ બુધ્ધિને મળી જાય છે, જે દિવસે મોહની શકિત પણ બુધ્ધિને મળી જાય છે, જે દિવસે સમગ્ર શકિતઓ બુધ્ધિની તરફ પ્રવાહિત થવા લાગે છે, જેમ કે નદીઓ સાગરની તરફ જઈ રહી હોય તેમ, તે દિવસે બુધ્ધિનો મહાસાગર તમારી ભીતર ફલિત થઈ જાય છે એ મહાસાગરનો આનંદ, એ મહાસાગરની પ્રતીતિ અને અનુભૂતિ દુઃખની નથી, પરેશાનીની નથી—પરમ આનંદની છે એ પરમ પ્રફુલ્લતાની અનુભૂતિ છે એ કોઈ ફૂલના ખીલી જવા જેવી છે એ કોઈ દીવાના પ્રગટી જવા જેવી છે એ કચાક મૃતક મા જીવન આવી જવા જેવી છે

આજે આટલું જ. કાલ આગળ ચોથા તપ પર વાત કરીશું

卐

બાહ્ય તપ રસ-પરિત્યાગ અને કાયા-ક્લેશ

પ્રવચનના મુખ્ય મુદ્દાઓ

(૧) આતર જગતને સક્ત કરવા માટે આપણી પાસે કોઈ ભાષા નથી — સ્થૂળ દ્વારોનો ઉપયોગ એ એક લાચારી

(૨) પદાર્થ જાણો કે સ્વાદ કયા છે? સ કયા છે?

(૩) માનસિક બીમારી દૂર કરવા મન અને ચેતનાની વચ્ચેના સબંધને ક્ષણ વાર માટે તોડવા માટેની શોક ટ્રીટમેન્ટ — ઐધિક સાધીન દૃષ્ટાન્ત

(૪) કોઈ પણ વસ્તુનો રસ એ એ વસ્તુ અને જોનારની આખ વચ્ચેનો સબંધ છે જોનાર ન હોય તો વસ્તુ રસહીન

(૫) સ્વા એ વસ્તુ મને ખાનારની વચ્ચેનો સબંધ તેમ આ એ સ્ત્રી અને બાળકની વચ્ચેનો સંબંધ

(૬) વસ્તુને છોડવાથી રસ અપ્રસ્થ થાય છે રસ પરિત્યાગ થતો નથી

(૭) વસ્તુને જોનારને રસ અંદરથી ખૂબ તીવ્ર થવાથી તે વસ્તુથી ભયભીત થાય છે

(૮) ઇન્દ્રિયને નષ્ટ કરવાથી કે સંવેદનહીન કરવાથી પણ રસ પરિત્યાગ થતો નથી

(૯) મન વિપરીતમાં રસ લેતું હોવાથી મનને દબાવવા જતાં તે વધુ રસપૂર્ણ થાય છે — મલ્લીની બોધકથા

(૧૦) મનને સમ ઉપર દબાવવા કે ભુલાવવાથી પણ રસ પરિત્યાગ થતો નથી

(૧૧) રસ-પરિત્યાગની વાસ્તવિક પરિણતિ : મન અને ચેતનાની વચ્ચેનો સંબંધ તૂટવાથી

(૧૨) મૃત્યુની સુનિશ્ચિતતામા તૂટતો ચેતના અને મનની વચ્ચેનો સંબધ, એને પરિણામે થતુ રસ-વિસર્જન

(૧૩) રસ-પરિત્યાગની પ્રક્રિયા — મન સાથેના તાદાત્મ્યને તોડવા માટે મનના પ્રતિ સાક્ષી-ભાવની

(૧૪) રાગને કારણે વિકૃતરસ સયુક્ત થઈ જવાથી મન દ્વારા રસની થતી પુનરાવર્તનની માગ — શીલરનુ દૃષ્ટાંત

(૧૫) ધૂમ્રપાનનુ પુનરાવર્તન — સુખઃ ક્ષણ સંયુક્ત થઈ જવાથી અથવા એકલતાના અનુભવને કારણે

(૧૬) અંગૂઠો ચૂસનાર બાળકનો માની સાથે પ્રેમ ઓછો થાય છે અને તે પોતાનામા સીમિત થઈ જાય છે, મોટુ થઈને એ બાળક વધુ ધૂમ્રપાન કરે છે

(૧૭) દારૂ પીવાના પુનરાવર્તનની પણ માગ — જગત અને ચિંતાઓથી અલગ થઈ જવાને કારણે

(૧૮) મુલ્લાની બોધ-કથા : મનુષ્યના દંભ — અંદર કાંઈ, બહાર કાંઈ, બતાવવા માટેની

(૧૯) પ્રત્યેક ઇન્દ્રિય અને વૃત્તિ પ્રત્યે દ્રષ્ટાભાવ ખીલવવાથી થતો સહજ રસ-પરિત્યાગ

(૨૦) રસના ચક્કરને આતર કેન્દ્રમાથી તોડવા છતા પણ રસ-પરિત્યાગ બાહ્ય તપ છે, કેમ કે સાક્ષી થવુ એ પણ બાહ્ય છે, જ્યારે દેવલી સાક્ષી પણ નથી હોતો, જ્ઞાતા પણ નથી હોતો. માત્ર જ્ઞાન હોય છે

(૨૧) મહાવીરનુ પાચમું બાહ્ય તપ : કાયા-ક્લેશ, જેના અર્થ વિશે સૌથી વધુ ગેરસમજ થઈ છે, દેહદમનની વાત મહાવીર નથી કરતા

(૨૨) મહાવીરનું વાળલોચન કરવાનું કારણ

(૨૩) પ્રમુખ વ્યક્તિને માટે થતી પીડા જે જેમાં પીડા થાય એવા ખ્યાલને કે એ વધુ દોષ છે — સારે જ્યાં આ ભ્રમ તોડાવીને હજારો સ્ત્રીઓને ઉલટ પીડા એ કરાવેલી પ્રકૃતિ

(૨૪) મહાવીરના અનુયાયી પામવાનું કામ કરે ?

(૨૫) પાદરીનું પ્રવચન અને મુનિની ઉક્તિ

(૨૬) મહાવીર પોતાને રાતાવી નહોતા ત્યા પણ ઉપરઉક્ત જોઈને આત્મપીડા લાગેલા તેમના અનુયાયીઓ

(૨૭) મહાવીરનો કાયા ક્લેશનો અર્થ બાહ્ય કલેશ છે શરીર દુઃખ છે — ધ્યાનમાં ગા... જતા સાધકમાં આગળ જતા સાધકને થતી આ વાતની પ્રતીતિ

(૨૮) મહાવીર કહે છે દુઃખ એ જે પ્રતીતિ થાય છે તેનો સ્વીકાર કરો

(૨૯) દુઃખમાંથી બચવાની કોશિશ અવિદ્યાના સ્વપ્નમાં સુખના ભ્રમમાં સર્જાય છે — કાયા ક્લેશની સાધના દુઃખના સમગ્ર સ્વીકાર દ્વારા દુઃખમાંથી મુક્તિની છે

(૩૦) કાયા ક્લેશનો બીજો ભાગ — દુઃખની ઓટલી પ્રબળ સ્વીકૃતિ કે ક્લેશનો ભાવ પણ બની જાય

(૩૧) અપેક્ષાને કારણે જે જેવા થતાં દુઃખ

(૩૨) સ્વીકારની સાથે દુઃખ વિસર્જિત થઈ જાય છે અસ્વીકારની સાથે અનેકગણું વધી જાય છે

(૩૩) મહાવીરની કાયા ક્લેશની સાધના કોઈ સુખની અપેક્ષાથી નથી

(૩૪) દુઃખ ન તો વધારી શકાય કે ન તો ઘટાડી શકાય — વિકલ્પ ફક્ત એના સ્વીકારમાં કે અસ્વીકારમાં છે

(૩૫) મહાવીરના દાનમાં બીજાના કોમ્પ્રોમાઈઝ બનાવનો ભાવ સ્વીકારને કારણે ઉપર ઊઠી જાય

卐

(૧) આંતર જગતને વ્યક્ત કરવા માટે આપણી પાસે કોઈ ભાષા નથી — સ્થૂળ શબ્દનો ઉપયોગ એ એક લાચારી

બાહ્ય તપનું ચોથું ચરણ છે — રસ-પરિત્યાગ. રસ-પરિત્યાગ એટલે કેટલાક રસોનો, કેટલાક સ્વાદોનો નિષેધ, એટલી સ્થૂળ વાત નથી. ખરેખર તો સાધનાના જગતમા સ્થૂળમા સ્થૂળ દેખાતી વાત પણ સ્થૂળ નથી હોતી. ગમે તેટલા સ્થૂળ શબ્દોનો ઉપયોગ કરવામા આવે, તોયે વાત તો સૂક્ષ્મ હોય છે સ્થૂળ શબ્દોનો ઉપયોગ કરવો પડે છે, એ એક લાચારી છે. કેમ કે સૂક્ષ્મને માટે કોઈ શબ્દ નથી એ જે આતર જગત છે, ત્યા સુધી અંગુલનિર્દેશ કરી શકે તેવા કોઈ શબ્દ આપણી પાસે નથી. આતર જગતની કોઈ ભાષા આપણી પાસે નથી. એટલા માટે લાચાર થઈને બાહ્ય જગતના શબ્દો વાપરવા પડે છે. એ લાચારીને લીધે નુકસાન પણ થાય છે. કેમ કે ત્યારે એ શબ્દોનો સ્થૂળ અર્થ થવા માડે છે.

ઉપલક દૃષ્ટિએ રસ-પરિત્યાગનો એવો અર્થ સમજાય છે કે કયારેક ખાટી વસ્તુનો ત્યાગ કરો, કયારેક મીઠી વસ્તુનો ત્યાગ કરો, કયારેક ઘીનો ત્યાગ કરો, કયારેક બીજા કશાનો ત્યાગ કરો. પરંતુ મહાવીરનો રસ-પરિત્યાગ કરવાનો હેતુ એવો નથી મહાવીરનો હેતુ શો છે, તે બે ત્રણ ભાગમા સમજી લેવુ જરૂરી છે.

(૨) પહેલાં જાણો કે સ્વાદ કયાં છે? રસ કયાં છે?

પહેલી વાત તો એ છે કે રસની પૂરી પ્રક્રિયા શી છે? જ્યારે તમે કોઈ સ્વાદ લેતા હો છો ત્યારે સ્વાદ શામા હોય છે? — વસ્તુમા હોય છે? કે તમારી જીભમા હોય છે? કે પછી પાછળ એ અનુભવ કરવાવાળુ જે મન છે તેમા સ્વાદ રહેલો છે? યા સ્વાદ એ મનની સાથે તમારી ચેતનાનુ જે તાદાત્મ્ય છે, એમા હોય છે? સ્વાદ કયા છે? રસ કયા છે?

એ જાણી લો, પછી પરિત્યાગનો ખ્યાલ આવી શકશે. જે

સ્થૂળ દૃષ્ટિએ જુએ છે, તેને લાગે છે કે સ્વાદ એ રસ વસ્તુમાં હોય છે એટલે તેઓ કહે છે કે વસ્તુને છોડી દો વસ્તુમાં સ્વાદ નથી હોતો વસ્તુ કેવળ નિમિત્ત બને છે અને જો અંદર રસની આખી પ્રક્રિયા કામ કરતી ન હોય તો વસ્તુ નિમિત્ત બનવા અસમર્થ હોય છે

દા. ત. તમને હાંસીની સજા આપવામાં આવતી હોય અને તમને ખાવા માટે મીઠાઈ આપવામાં આવે તો એ ગળી નહિ લાગે જોકે મીઠાઈ તો ગળી જ છે પણ જલ્લાદને જો ખોલવી શકતો હતો, જે મિષ્ટાન્નનો સ્વાદ માણતો હતો તે બિલકુલ ઊડી ગયો છે સ્વાદતંત્ર હજુ પણ ખબર આપશે કેમ કે એને કાંઈ પણ ખબર નથી કે હાંસી દેવાવાની છે અને એને ખબર હોઈ પણ ન શકે એટલે સ્વાદતંત્રના સંવેદનશીલ સ્વાદકણો હજુ પણ અંદર ખબર મોકલશે કે મીઠાઈ મોંમાં છે, જીભ પર છે પરંતુ મન એ ખબરને ઝીલવાની તૈયારી નહિ બતાવે. કદાચ મન એ ખબર લઈ લે તોયે મનની પાછળ જે ચેતના છે એની અને મનની વચ્ચેનો સેતુ તૂટી ગયો છે સંબંધ તૂટી ગયો છે મૃત્યુની ક્ષણે એ સંબંધ નથી રહેતો એટલા માટે જીભે જે ખબર આપી તે મન સ્વીકારે તોયે કશી ખબર નહિ પડે.

(૩) માનસિક બીમારી દૂર કરવા મન અને ચેતનાની વચ્ચેના સંબંધને ક્ષણવાર માટે તોડવા માટેની 'શોક ટ્રીટમેન્ટ'—'ઈલેક્ટ્રિક' સાધ્વીનું દૃષ્ટાંત

તમારા વ્યક્તિત્વને બદલવા માટે જ્યારે પણ કોઈ ગૂંચ પેદા થાય છે ત્યારે ચિકિત્સક ઘણી વાર શોક ટ્રીટમેન્ટનો ઉપયોગ કરે છે કેટલીયે વાર એનાથી ઊંડી ગૂંચ ઊકલી પણ જાય છે શોક ટ્રીટમેન્ટનો અર્થ એટલો જ છે કે તમારી ચેતના અને તમારા મન વચ્ચેનો સેતુ ક્ષણ વાર માટે તૂટી જાય એ સેતુ

તૂટતા જ તમારી અંદરની બધી વ્યવસ્થા અવ્યવસ્થિત અને અસ્ત વ્યસ્ત થઈ જાય છે અને કોઈ પણ વ્યક્તિ પોતાની નવી વ્યવસ્થા વિકૃત કરવા, છિન્નભિન્ન કરવા નથી ઇચ્છતી, એટલા માટે 'શૉક ટ્રીટમેન્ટ' પરનો વિશ્વાસ એટલા પૂરતો હોય છે કે એક વાર વ્યવસ્થાનું માળખું તૂટી જાય, તો કદાચ તમે એ માળખું પાછું બનાવી ન શકો.

મે સાભળ્યુ છે કે એક ખૂબ મોટા મનોચિકિત્સક પાસે એક રોગી કૅથલિક સાધ્વીને લાવવામાં આવી. એને છ મહિનાથી હેડકી આવ્યા કરતી હતી. તે બધ થતી નહોતી. ઊંઘમા પણ ચાલુ રહેતી. બધી જાતના ઉપચાર, બધા પ્રકારના ઉપાયો કરવામા આવ્યા પણ એની હેડકી બધ થતી નહોતી. છેવટે ડૉકટરો થાકી ગયા, એમણે કહ્યુ કે હવે અમારી પાસે કોઈ ઉપાય નથી. કદાચ મનોચિકિત્સક કંઈક કરી શકે.

એટલે એને એક મનોચિકિત્સકની પાસે લઈ ગયા. એ સાધ્વીને માનનારા, તેનો આદર કરનારા ઘણા લોકો એની સાથે આવ્યા હતા. સાધ્વી પ્રભુનુ ભજન કરતી અદર દાખલ થઈ અને સતત પ્રભુનું સ્મરણ કરતી રહી. ખબર નહિ કે ચિકિત્સકે એને શુ કહ્યુ, પણ બે ક્ષણ પછી એ રડતી રડતી બહાર નીકળી. આ જોઈને એના ભક્તો ખૂબ નવાઈ પામ્યા એમણે જોયુ કે એ રડે છે ખરી, પરંતુ એની હેડકી બધ થઈ ગઈ છે. એ સાધ્વી દોડતી બહાર જતી રહી પાછળથી ચિકિત્સક બહાર આવ્યો. ભક્તોએ એને પૂછ્યું કે તમે એને એવુ તે શું કહ્યુ કે એને આટલી બધી વ્યથા થઈ?

ચિકિત્સકે કહ્યું, 'શૉક' આપ્યો. હેડકી તો કાઈ નથી મે કહ્યું કે તમે ગર્ભવતી છો (You are pregnant). કૅથલિક સાધ્વી ગર્ભવતી હોય, એથી મોટો 'શૉક'—આઘાતજનક વાત બીજી કોઈ નથી. એના ભક્તોએ કહ્યુ કે તમે આ શું કહો છો? પેલા ચિકિત્સકે કહ્યું કે તમે ગભરાઓ નહિ. એવું કહ્યા સિવાય

એની હેડકી બંધ થઈ શકત નહિ. પીજણીના શોક પણ એ સાધ્વી જીરવી શકી પરંતુ હવે હેડકી બંધ થઈ ગઈ તો શું થયું?

કેવળિક મન આજીવન બ્રહ્મચર્યનું વ્રત લઈને પ્રવેશ કરે છે એ સમજાઈ છે એ સાંભળીને એને જબરદસ્ત આઘાત લાગ્યો મન અને ચેતનાનો જે સંબંધ હતો ચેતના અને શરીરની વચ્ચેનો જે સેતુ હતો તે એકદમ તૂટી ગયો અને હેડકી બંધ થઈ ગઈ કેમ કે હેડકીની પોતાની એક અવસ્થા હતી એ બધી અવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ હેડકી આવા માટે પણ એક સગવડ જોઈએ છે એ સગવડ ન રહી. કોઈ દવા નહોતી અપાઈ કશો ઇલાજ કરવામાં નહોતો આવ્યો તેમ છતાં હેડકી કેવી રીતે મટી ગઈ?

મનોચિકિત્સક કહે છે કે જો ચેતના અને મનના સંબંધોમાં ક્યાંય પણ જરાક અંતર પડી જાય એક ક્ષણ માટે પણ તોપણ માણસનું વ્યક્તિત્વ બદલાઈ જાય છે એ બીજો જ માણસ બની જાય છે એની જૂની અવસ્થા તૂટી જાય છે રસ પરિત્યાગ એ અવસ્થાને તોડવાની પ્રક્રિયા છે

(૪) કોઈ પણ વસ્તુનો રંગ એ એ વસ્તુ અને જોનારની આંખ વચ્ચેનો સંબંધ છે, જોનાર ન હોય તો વસ્તુ રંગહીન

રસ વસ્તુમાં નથી હોતો વસ્તુમાં ફક્ત રસનું નિમિત્ત હોય છે આને આપણે દૃષ્ટાંતથી લઈને સમજીએ તો સરળતા થશે તમે આ ઓરડામાં આવ્યા છો એની દીવાલો એક રંગની છે લાદી બીજા રંગની છે, ખુરશીઓ ત્રીજા રંગની છે જુદા જુદા લોકોએ જુદા જુદા રંગનાં કપડાં પહેર્યાં છે સ્વાભાવિકપણે તમે એમ માનતા હશો કે આ બધી ચીજોમાં રંગ છે અને જ્યારે તમે આ ઓરડામાંથી બહાર ચાલ્યા જશો ત્યારે ખુરશીઓ એક રંગની રહેશે દીવાલ બીજા રંગની રહેશે, લાદી ત્રીજા રંગની રહેશે જો

તમે આવુ માનતા હશો તો તમે આધુનિક વિજ્ઞાનની કોઈ પણ મહત્ત્વની શોધથી પરિચિત નથી.

જ્યારે આ ઓરડામા કોઈ નહિ રહે, ત્યારે વસ્તુઓમા કોઈ રંગ નથી રહી જતો. આપણને મન થાય છે કે આપણે કોઈ છિદ્રમાથી જોઈએ કે રગ છે કે નહિ. પરંતુ જેવા તમે જોશો તેવો જ વસ્તુઓમા રગ દેખાવો શરૂ થઈ જાય છે. વૈજ્ઞાનિક કહે છે કે કોઈ પણ વસ્તુમા કોઈ રંગ નથી હોતો, વસ્તુ તો તમારા મનમાં રંગ ઉત્પન્ન કરવાનું માત્ર નિમિત્ત છે. જ્યારે તમે નથી હોતા, જ્યારે જોનારો (observer) નથી હોતો, ત્યારે વસ્તુ રગહીન (colourless) થઈ જાય છે.

વસ્તુત. પ્રકાશના કિરણો જ્યારે કોઈ વસ્તુ પર પડે છે, ત્યારે વસ્તુ પ્રકાશના કિરણોને શોષી લે છે. જો એ બધાં કિરણોને શોષી લે, તો એ કાળી દેખાય છે. જો એ બધા કિરણોને પાછા ફેંકે, અને શોષે નહિ, તો એ સફેદ દેખાય છે. જો એ લાલ રંગના કિરણને પાછા ફેકે અને બાકીના કિરણોને શોષી લે તો એ લાલ દેખાય છે. હવે તમને એ જાણીને નવાઈ લાગશે કે જે વસ્તુ લાલ દેખાય છે એ લાલ સિવાયના બધા રંગના કિરણોને શોષે છે, ફક્ત લાલ રંગના કિરણોને પાછાં ફેકે છે, એ પાછુ ફેંકાયેલુ લાલ કિરણ તમારી આખ પર પડે છે અને એ કિરણને લીધે વસ્તુ તમને લાલ દેખાય છે. પરતુ જો કોઈ આખ જ ન હોય, તો લાલ રગ કોને દેખાશે ? એ કિરણને ઝીલવા માટે આખ જોઈએ, તો એ લાલ દેખાશે.

એટલે તમારે બહાર જવાની પણ જરૂર નથી જો તમે આંખ મીંચી લો તો વસ્તુઓ રગહીન (colourless) થઈ જાય છે, કોઈ રગ નથી રહેતો. એનો અર્થ એ પણ નહિ કે બધી એક જેવી જ થઈ જાય છે, કેમ કે જો તે બધી એક જેવી થઈ જાય તો જ્યારે તમે આંખ ખોલો ત્યારે એ બધામા એકસરખો રગ દેખાય. તેઓ રગહીન

થઈ જાય છે, પરંતુ એમનામાં રંગોની સંભાવના (potentiality) કાયમ રહે છે. જ્યારે તમે આંખ ખોલશો ત્યારે લાલ વસ્તુ લાલ હશે લીલી વસ્તુ લીલી હશે જ્યારે આંખ મીંચી જશો ત્યારે લાલ વસ્તુ લાલ નહિ રહે લીલી વસ્તુ લીલી નહિ રહે

આને એવી રીતે સમજો કે લાલ રંગની વસ્તુ ફક્ત વસ્તુનો રંગ નથી વસ્તુ અને તમારી આંખની વચ્ચેનો સંબંધ (relationship) છે આંખ બંધ થઈ ગઈ એટલે એ સંબંધ તૂટી ગયો ખુરશી લાલ રંગની નથી તમારી આંખ અને ખુરશીની વચ્ચે લાલ રંગનો સંબંધ છે જો આંખ નથી તો સંબંધ તૂટી ગયો

(૫) સ્વાદ એ વસ્તુ અને ખાનારની વચ્ચેનો સંબંધ, તેમ જ એ સ્ત્રી અને બાળકની વચ્ચેનો સંબંધ

જ્યારે તમે કોઈ ચીજને મીઠી કહો છો ત્યારે પણ એ જગપણ વસ્તુ અને તમારા સ્વાદતંત્રની વચ્ચેનો સંબંધ જ વસ્તુ મીઠી નથી આનો અર્થ એ નથી કે કડવી અને મીઠી વસ્તુમાં કોઈ ફરક નથી. એમનામાં ફરક તો છે જ મૂળભૂત (initial) ફરક છે પરંતુ જો વસ્તુને જીભ પર મૂકવામાં ન આવે તો કોઈ ફરક નથી લીમડો કડવો છે કે નહિ તે જ્યાં સુધી તમે એને જીભ પર નથી મૂકતા ત્યાં સુધી નથી કહી શકતા તમે કહેશો કે હું જીભ પર મૂકું કે ન મૂકું જીભ પર ન મૂકું તોયે લીમડો તો કડવો જ હશે પરંતુ અહીં જ તમારી ભૂલ થાય છે કેમ કે કડવા હોવું એ તમારી જીભ અને લીમડાની વચ્ચેનો સંબંધ છે લીમડાનો પોતાનો સ્વભાવ નથી, ફક્ત સંબંધ છે

એ રીતે આને સમજવા એક દૃષ્ટાંત લઈએ એક સ્ત્રીને બાળક થયું જ્યારે બાળક પેદા થાય છે ત્યારે એકલું બાળક જ નથી પેદા થતું મા પણ પેદા થાય છે કેમ કે મા એક સંબંધ છે એ સ્ત્રી બાળક પેદા થયા પહેલાં મા નહોતી અને જો બાળક

મરી જાય તો પછી મા નહિ રહે. આમ મા થવુ એક સબધ છે, એ બાળક અને એ સ્ત્રીની વચ્ચે જે સંબધ છે, એનુ નામ છે. બાળક વગર એ મા નથી હોઈ શકતી. બાળક પણ મા વગર નથી હોઈ શકતુ.

એ વાત ધ્યાનમા રાખો કે આપણા બધા રસ વસ્તુઓ અને આપણી જીભની વચ્ચેના સંબધ છે.

(૬) વસ્તુને છોડવાથી રસ અપ્રગટ થાય છે, રસ-પરિત્યાગ થતો નથી

પરતુ જો એટલી જ વાત હોત તો સંદર્ભ બે પ્રકારે તૂટી શકત. યા તો આપણે જીભને સંવેદનહીન કરી લઈએ, એની કાર્ય-શીલતા(activity)ને મારી નાખીએ, જીભને બાળી નાખીએ તો જીભ નષ્ટ થઈ જશે. કા તો પછી આપણે વસ્તુનો ત્યાગ કરી દઈએ, તો રસ નષ્ટ થઈ જશે; મહાવીરની પર પરામા ચાલવાવાળો સાધુ સામાન્ય-પણે એમ જ કરે છે. એ વસ્તુને છોડી દે છે. એ એવુ વિચારે છે કે એમ કરવાથી રસથી મુક્તિ મળી જશે. પરંતુ રસથી મુક્તિ નથી મળતી. વસ્તુમા હજુ પણ એટલો જ રસ છે અને જીભમાં હજુ પણ એટલી જ સવેદનશીલતા(sensitivity)છે, હજુ પણ જીભ અનુભવ કરવાને સમર્થ છે; અને વસ્તુ અનુભવ કરાવવાને સમર્થ છે. માત્ર જીભનો સંબધ તૂટી ગયો છે, એટલા માટે રસ અવ્યક્ત રહ્યો છે, અપ્રગટ થઈ ગયો છે. પણ એ ગમે ત્યારે પ્રગટ થઈ શકે છે. ફરી બંનેને જોડી દેવામ, તો એ તરત પ્રગટ થશે

તમે વિદ્યુતનુ બટન બધ કરી દો એટલે વિદ્યુત નષ્ટ નથી થઈ જતી ફક્ત વિદ્યુતના પ્રવાહ અને ગોળાની વચ્ચેનો સબધ તૂટી જાય છે. ગોળો પણ હજુ વિદ્યુત પ્રગટ કરવા માટે સમર્થ છે. વિદ્યુતનો પ્રવાહ પણ ગોળા દ્વારા પ્રગટ થવા સમર્થ છે ફક્ત એ બે વચ્ચેનો સંબંધ તૂટી ગયો છે. વિદ્યુત નષ્ટ નથી થઈ ફરી તમે બટન 'ઑન'

કરો એટલે તરત તુરત એનાથી અલગ થઈ જશે પ્રવાહ ચાલુ થશે અને એ રહેશે સાગરમાં

માણસ વસ્તુઓનો ત્યાગ કરીને એમ માને છે કે રસનો પરિણામ થઈ ગયો પરંતુ વાસ્તવમાં તે ફક્ત રસને અપ્રગટ કરી રહ્યો છે પરિણામ નહિ મહાવીરે રસને અપ્રગટ કરવા નથી કહ્યું અત્યારે રસ પ્રગટ નથી થઈ રહ્યો એનો અર્થ એ નથી કે એ નષ્ટ થઈ ગયો. વર્તમાને વસ્તુઓ અનેક પ્રસંગે પ્રગટ નથી થતી કોઈ માણસ તમારી છાતી સામે ઝરો ધરે ત્યારે કામવાસના પ્રગટ નથી થતી પરંતુ તમે એનાથી મુક્ત નથી થઈ જતા ફક્ત છુપાઈ જાઓ છો તમે તેટલી મુક્ત લાગેલી હોવ અને એક માણસ આવીને તમારી પાછળ પડે તો તરત તમારી મુક્તિ મરી જાય છે પણ આનો અર્થ એવો નથી કે તમારી મુક્તિ મરી ગઈ એ ફક્ત છુપાઈ ગઈ છે અત્યારે પ્રગટ થવાનો વખત નથી, એટલે ફક્ત છુપાઈ ગઈ છુપાઈ જવું એને ત્યાગ ન સમજશો

(૭) વસ્તુને છોડવાનો રસ અંદરથી ખૂબ તીવ્ર થવાથી તે વસ્તુથી અલગ થાય છે

અને મોટે ભાગે વાત એવી હોય છે કે જે છુપાઈ જાય છે એ છુપાઈને વધુ પ્રબળ અને સશક્ત થઈ જાય છે એટલા માટે જે માણસ રોજ મીઠાઈ ખાતો હોય છે એને ઝાઝપણનો જેટલો અનુભવ હોય છે એના કરતાં જેણે ઘણા દિવસ સુધી મીઠાઈ ખાધી નથી અને પછી મીઠાઈ ખાય છે તેનો અનુભવ વધારે સઘન હોય છે કેમ કે આટલા દિવસ સુધી રોકાઈ ગયેલા રસનું જે અપ્રગટ રૂપ હોય છે એ એક પ્રકારથી પૂરનો બાકર (flooded) પ્રગટ થાય છે એમાં ભરતી આવી જાય છે એ ભરતી આવશે જ એટલા માટે જે માણસ વસ્તુઓ છોડવાનું શરૂ કરશે એ વસ્તુઓથી અલગ થવા લાગશે એ ડરશે કે કદાચ વસ્તુ પાસે

આવી ન જાય, નહિ તો એમા રસ પેદા થઇ જશે!

(૮) ઇન્દ્રિયોને નષ્ટ કરવાથી કે સંવેદનહીન કરવાથી પણ રસ-પરિત્યાગ થતો નથી

એક બીજો ઉપાય છે કે તમે ઇન્દ્રિયને નષ્ટ કરી દો, જીભને બાળી નાખો—જેવી રીતે તાવમા થાય છે, લાખી માદગીમા થાય છે, ઇન્દ્રિયના જે સવેદનશીલ તતુ છે, એ રુગ્ણ થઇ જાય છે, બીમાર થઇ જાય છે, સૂઇ જાય છે. પરંતુ તમારે પણ રસનો કોઇ અંત નથી હોતો જો મારી આંખ ફૂટી જાય, તો પણ રૂપ જોવાની મારી આકાક્ષા જતી નથી આંખ ફૂટી જવાથી જ રૂપ જોવાની આકાક્ષા જતી હોત, તો ઘણું સહેલુ થઇ જાત. પરતુ આખ હટી જવાથી, તૂટી જવાથી, ફૂટી જવાથી રૂપની આકાક્ષા તૂટતી નથી. કાન ફૂટી જાય, તોપણ ધ્વનિનો રસ છૂટી નથી જતો. મારા પગ ભાગી જાય તોપણ ચાલવાનુ મન નષ્ટ નથી થઇ જતુ.

જાણકાર લોકો કહે છે કે આખુ શરીર છૂટી જાય, તોપણ જીવેષણા નષ્ટ નથી થતી, નહિ તો પછી ફરી જન્મ થવો અસંભવ છે. જો આખું શરીર છૂટી જવા છતા પણ આપણે નવું જીવન ફરીથી પકડી લઇએ છીએ, તો એક-એક ઇન્દ્રિયને મારવાથી શું થશે? મૃત્યુ તો બધી ઇન્દ્રિયને મારી નાખે છે. બધી ઇન્દ્રિયો મરી જાય છે. તેમ છતાં આપણે ફરી ઇન્દ્રિયોને પેદા કરી લઇએ છીએ. કેમ કે બધી ઇન્દ્રિયો મૂળ નથી, મૂળ તો કચાક ઇન્દ્રિયોની પણ પાછળ છે. એટલા માટે સમજી લો કે જે આખ-કાન તોડવામા મચ્યો છે, એ બાલિશ વાતોમાં લાગેલો છે, એ અણસમજની વાતોમા પડેલો છે. એનાથી રસ નષ્ટ નહિ થાય. ઇન્દ્રિયના નષ્ટ થવાથી રસ નષ્ટ નહિ થાય.

(૯) મન વિપરીતમાં રસ લેતુ હોવાથી મનને દબાવવા જતા તે વધુ રસપૂર્ણ થાય છે—મુલ્લાની બોધકથા

તો શું આપણે મનને મારી નાખવું ? મનને મારવામાં પણ એ વાત મનને છે આપણે વિચારીએ છીએ કે મનને દબાવી દબાવીને મારી નાખીએ પરંતુ મન બહુ શેતુ છે મનનો નિયમ જ એ છે કે જે વાતને આપણે મનથી નષ્ટ કરવા ઇચ્છીએ છીએ મન એ જ વાતમાં વધુ રસ લેતું થઈ જાય છે !

એક દિવસે સવારે મુલ્લાંના ગામમાં એના મકાનની સામે મોટી ભીડ જામી હતી એ પોતાના મકાનના પાચમે માળેથી ઝપલાવવા તૈયાર થઈને ઊભો છે પોલીસ પણ આવી પહોચી, પરંતુ એણે બધા દાદર ઉપર તાળા માર્યા હતા કોઈ ઉપર ચડી શકતું નહોતું ગામનો મેયર પણ આવી ગયો આખુ ગામ ધીરે ધીરે એકઠું થઈ ગયુ મુલ્લાં ઉપર ઊભો છે અને કહે છે કે હું ઝંપાપાત કરીને મરી જઈશ

આખરે મેયરે એને સમજાવ્યો કે કાઈક તો વિચાર તારા આ બાપનો તો વિચાર કર'

મુલ્લાંએ કહ્યું મારાં આ બાપ મરી ગયાં છે એમનો વિચાર કરૂ તો એવુ થાય છે કે વહેલો મરૂ

મેયરે બૂમ પાડીને કહ્યું તારી પત્નીનો વિચાર કર

એણે કહ્યુ એની તો યાદ જ ન આપો નહિ તો એકદમ ઝપલાવીશ

મેયરે કહ્યું 'કાનૂનનો વિચાર કર જો આપઘાતની કોશિશ કરીશ તો ફસાઈશ

મુલ્લાંએ કહ્યું મરી જઈશ તો કોણ ફસાશે ?'

આખનો મુરકેલ હતો મેયર કોઈ રીતે સમજાવી ન શક્યો. છેવટે ગુસ્સામાં આવીને એણે કહ્યું તારી જો એવી જ મરજી છે તો કૂદ અત્યારે જ કૂદીને મરી જા

મુલ્લાંએ કહ્યું, "તું કોણ છે, મને સલાહ આપવાવાળો? નહિ મરું, જા!"

માણસનુ મન આમ જ વિચારે છે. જો તમને કોઈ સમજાવે કે મરી જાઓ તો જીવવાનું મન થાય છે. કોઈ તમને સમજાવે કે જીવો, તો મરવાનું મન થાય છે. મન વિપરીતમાં રસ લે છે. એટલા માટે જે લોકો મનને મારવાના પ્રયત્ન કરે છે તેઓનું મન હજુ પણ રસપૂર્ણ થતું જાય છે.

(૧૦) મનને સમજાવવા, દબાવવા કે ભુલાવવાથી પણ રસ-પરિત્યાગ થતો નથી

રસનો પરિત્યાગ નથી વસ્તુને છોડવાથી થતો કે નથી ઇન્દ્રિયને મારવાથી થતો, તેમ મન સાથે લડવાથી પણ થતો નથી આપણે બધા તો મન સાથે લડીએ છીએ, પરંતુ કયા રસનો પરિત્યાગ થાય છે? પ્રમાણમા ભલે ફેર હોય, પણ આપણે બધા જ મન સાથે લડવાવાળા છીએ. આપણે મનને ગમે તેટલુ દબાવીએ, ગમે તેટલુ સમજાવીએ, પરંતુ કયારેય એનાથી ફરક નથી પડતો. જે વસ્તુને માટે તમે મનને સમજાવો છો, એની જ માગ મન વધારતુ જાય છે. ખરી વાત એ છે કે જ્યારે તમે સમજાવો છો, ત્યારે તમે સ્વીકારી લો છો કે તમે નબળા છો અને મન શક્તિશાળી છે અને તમે એક વાર પોતાના મનની સામે પોતાની નબળાઈ સ્વીકારી લો છો, ત્યારે મન તમારી ગળચી દબાવતું જાય છે. તમે મનને કહો છો, આ ન માગ, આ ન માગ, આ ન માગ. અને તમે જેમ જેમ માગવાની ના કહેતા જાઓ છો તેમ તેમ મનનો રસ તેમા વધતો જાય છે. આપણે મનનાં જેટલા દ્વાર બંધ કરીએ છીએ, એટલી જ એની જિજ્ઞાસા વધતી જાય છે. એની કોઈ દ્વાર ખોલીને એમાં ડોકિયું કરીને જોઈ લેવાની ઇચ્છા તીવ્ર થાય છે.

એટલે જે કોઈ મનની સાથે લડવાનો પ્રયત્ન કરશે, એ રસને

જાગ્રત કરવાનો પ્રયત્ન કરશો એ ધ્યાન રાખો કે મન પાસે આપણે જે વસ્તુને ભુલાવવાની કોશિશ કરીએ છીએ ત્યાં આપણે એક ખૂબ જ અમનોવૈજ્ઞાનિક કામ કરી રહ્યા છીએ કેમ કે ભુલાવવાની બધી કોશિશ યાદ કરાવવાની વ્યવસ્થા છે એટલા માટે કોઈ પણ માણસ કોઈને પણ ભુલાવી શકતો નથી ભૂલી શકે છે ભુલાવી શકતો નથી જો તમે કોઈને ભુલાવવા ઇચ્છો છો તો તમે કયારેય ભુલાવી નહિ શકો કેમ કે જ્યારે પણ તમે ભુલાવો છો ત્યારે તમે ક્યાંથી યાદ કરો છો આખરે ભુલાવવા માટે પણ યાદ તો કરવું જ પડશે અને ત્યારે યાદ કરવાનું કામ સઘન થતું જાય છે અને યાદની રેખા પાકી અને ઊંડી થતી જાય છે એટલા માટે તમે જેને યાદ રાખવા માગતા હો એને ભૂલવાની કોશિશ કરજો અને જેને તમે ભૂલવા માગતા હો એને ભૂલવાની કોશિશ કયારેય પણ ન કરશો

આખી દુનિયામાં પ્રેમીઓને આ જ દુઃખ છે તેઓ કોઈ પ્રેમીને ભૂલી જવા માગે છે એ જેટલું ભૂલવા ઇચ્છે છે એટલા જ મુશ્કેલીમાં પડી જાય છે ભૂલવા માટેની સૌથી શ્રેષ્ઠ યુક્તિ એ છે કે લગ્ન કરી લેવાં અને પ્રેમીને ઘરમાં લઈ આવવું પછી એની બિલકુલ યાદ નહિ આવે. મનના નિયમને બરાબર સમજી લો નહિ તો ઘણી મુશ્કેલી થાય છે

નામધારી સાધુ અને તપસ્વીઓ મનના આ ઊંડા નિયમને ન સમજવાને લીધે ખૂબ ગૂંચવણમાં મુકાઈ જાય છે કોઈ સ્ત્રી નજરે ન પડી જાય એટલા માટે તેઓ આખ બંધ કરવામાં ગૂંથાયા છે ભોજન ન દેખાય એટલા માટે ઇન્દ્રિયોને સંકોચવામાં રત છે કયાંય કોઈ રસ આવી ન જાય એ ખાતર મનને ત્યાંથી કોઈ ઊલટી દિશામાં વાળવામાં મચેલા છે પરંતુ મનને દબાવવા સમજાવવા ભુલાવવાની કોઈ વ્યવસ્થા રસ પરિત્યાગ નથી લાવતી

તો પછી રસ પરિત્યાગ કેવી રીતે ફલિત થાય છે ?

મુલ્લાંએ કહ્યું, "તું કોણ છે, મને સલાહ આપવાવાળો ? નહિ મરું, જા !"

માણસનુ મન આમ જ વિચારે છે. જો તમને કોઈ સમજાવે કે મરી જાઓ તો જીવવાનુ મન થાય છે. કોઈ તમને સમજાવે કે જીવો, તો મરવાનું મન થાય છે. મન વિપરીતમા રસ લે છે. એટલા માટે જે લોકો મનને મારવાના પ્રયત્ન કરે છે તેઓનું મન હજ પણ રસપૂર્ણ થતું જાય છે.

(૧૦) મનને સમજાવવા, દબાવવા કે ભુલાવવાથી પણ રસ-પરિત્યાગ થતો નથી

રસનો પરિત્યાગ નથી વસ્તુને છોડવાથી થતો કે નથી ઇન્દ્રિયને મારવાથી થતો, તેમ મન સાથે લડવાથી પણ થતો નથી. આપણે બધા તો મન સાથે લડીએ છીએ, પરંતુ કચા રસનો પરિત્યાગ થાય છે ? પ્રમાણમા ભલે ફેર હોય, પણ આપણે બધા જ મન સાથે લડવાવાળા છીએ. આપણે મનને ગમે તેટલુ દબાવીએ, ગમે તેટલુ સમજાવીએ, પરંતુ કચારેય એનાથી ફરક નથી પડતો. જે વસ્તુને માટે તમે મનને સમજાવો છો, એની જ માગ મન વધારતુ જાય છે. ખરી વાત એ છે કે જ્યારે તમે સમજાવો છો, ત્યારે તમે સ્વીકારી લો છો કે તમે નબળા છો અને મન શક્તિશાળી છે. અને તમે એક વાર પોતાના મનની સામે પોતાની નબળાઈ સ્વીકારી લો છો, ત્યારે મન તમારી ગળચી દબાવતુ જાય છે તમે મનને કહો છો, આ ન માગ, આ ન માગ, આ ન માગ અને તમે જેમ જેમ માગવાની ના કહેતા જાઓ છો તેમ તેમ મનનો રસ તેમા વધતો જાય છે. આપણે મનનાં જેટલા દ્વાર બધ કરીએ છીએ, એટલી જ એની જિજ્ઞાસા વધતી જાય છે. એની કોઈ દ્વાર ખોલીને એમાં ડોકિયુ કરીને જોઈ લેવાની ઇચ્છા તીવ્ર થાય છે.

એટલે જે કોઈ મનની સાથે લડવાનો પ્રયત્ન કરશે, એ રસને

જાગ્રત કરવાનો પ્રયત્ન કરજો, એ ધ્યાન રાખો કે મન પાસે આપણે જે વસ્તુને ભુલાવવાની કોશિશ કરીએ છીએ ત્યાં આપણે એક ખૂબ જ અમનોવૈજ્ઞાનિક કામ કરી રહ્યા છીએ કેમ કે ભુલાવવાની બધી કોશિશ યાદ કરાવવાની વ્યવસ્થા છે એટલા માટે કોઈ પણ માણસ કોઈને પણ ભુલાવી શકતો નથી ભુલી શકે છે ભુલાવી શકતો નથી જો તમે કોઈને ભુલાવવા ઇચ્છો છો તો તમે કયારેય ભુલાવી નહિ શકો કેમ કે જ્યારે પણ તમે ભુલાવો છો ત્યારે તમે ફરીથી યાદ કરો છો આખરે ભુલાવવા માટે પણ યાદ તો કરવુ જ પડશે! અને ત્યારે યાદ કરવાનું કર્મ સઘન થતું જાય છે અને યાદની રેખા પાકી અને ઊંડી બની જાય છે એટલા માટે તમે જેને યાદ રાખવા માગતા હો એને ભૂલવાની કોશિશ કરજો અને જેને તમે ભુલવા માગતા હો એને ભૂલવાની કોશિશ કયારેય પણ ન કરો

આખી દુનિયામાં પ્રેમીઓને આ જ દુઃખ છે તેઓ કોઈ પ્રેમીને ભૂલી જવા માગે છે એ જેટલું ભૂલવા ઇચ્છે છે એટલા જ મુશ્કેલીમાં પડી જાય છે ભૂલવા માટેની સૌથી શ્રેષ્ઠ યુક્તિ એ છે કે લગ્ન કરી લેવાં અને પ્રેમીને ઘરમાં લઈ આવવુ પછી એની બિલકુલ યાદ નહિ આવે. મનના નિયમને બરાબર સમજી લો નહિ તો ઘણી મુશ્કેલી થાય છે

નામધારી સાધુ અને તપસ્વીઓ મનના આ ઊંડા નિયમને ન સમજવાને લીધે ખૂબ ગૂંચવણમાં મુકાઈ જાય છે કોઈ સ્ત્રી નજરે ન પડી જાય એટલા માટે તેઓ આખ બંધ કરવામાં ગૂંથાયા છે ભોજન ન દેખાય એટલા માટે ઇન્દ્રિયોને સંકોચવામાં રત છે કયાંય કોઈ રસ આવી ન જાય, એ ખાતર મનને ત્યાંથી કોઈ ઊલટી દિશામાં વાળવામાં મચ્યા છે પરંતુ મનને દબાવવા સમજાવવા ભુલાવવાની કોઈ વ્યવસ્થા રસ પરિત્યાગ નથી લાવતી

તો પછી રસ પરિત્યાગ કેવી રીતે ફલિત થાય છે ?

(૧૧) રસ-પરિત્યાગની વાસ્તવિક પરિણતિ: મન અને ચેતનાની વચ્ચેનો સંબંધ તૂટવાથી

રસ-પરિત્યાગનુ જે વાસ્તવિક રૂપાંતર છે, તે મન અને ચેતનાની વચ્ચેનો સંબધ તૂટી જવાથી ફલિત થામ છે. ખરી ઘટના મન અને ચેતનાની વચ્ચે જ બને છે. જે વાતમા ચેતનાનો સાચો સહકાર (co-operation) હોમ તેમા જ મન રસ લઈ શકે છે. જે વાતમા ચેતનાનો સહકાર ન હોમ, એમા મન રસ નથી લઈ શકતુ.

એક માણસ રસ્તા પરથી દોડતો જઈ રહ્યો છે. રસ્તા પરની દુકાનોની 'શો વિન્ડો'મા જે વસ્તુઓ કાલે સજાવીને મૂકવામા આવી હતી તે જ આજે પણ સજાવેલી હતી પરંતુ આજે એની નજર ત્યા જતી નથી. આજે પણ સુદર શરીર પસાર થામ છે. પરતુ આજે એને તે દેખાતાં નથી. રસ્તા પર અત્યારે પણ સુંદર કારો દોડી રહી છે, પણ આજે તે એને દેખાતી નથી કેમ કે અત્યારે એના ઘરમા આગ લાગી છે, એ કારણે એ દોડતો જઈ રહ્યો છે. ઘરમા આગ લાગી છે, તો શુ થઇ ગયુ? ચીજો તો અત્યારે પણ પસાર થઈ રહી છે. મન પણ એ જ છે, ઇન્દ્રિયો પણ એ જ છે, એના પર એ જ આઘાતો થઈ રહ્યા છે, સંવેદનાઓ પણ એ જ છે, પરતુ આજે એની ચેતના કચાક બીજે છે. આજે એની ચેતના પોતાની ઇન્દ્રિયોની સાથે નથી. આજે એની ચેતના, મકાનમા આગ લાગી છે, ત્યા ભાગી ગઈ છે પરતુ ઘરે પહોચ્યો અને ખબર પડી કે આગ એના નહિ, પણ કોઈ બીજાના મકાનમા લાગી છે. એને ખોટી ખબર મળી હતી. ત્યારે બધુ પાછુ આવ્યુ.

(૧૨) મૃત્યુની સુનિશ્ચિતતામાં તૂટતો ચેતના અને મનની વચ્ચેનો સંબંધ, એને પરિણામે થતું રસ-વિસર્જન

દોસ્તોયેવ્સ્કીને ફાસીની સજા ફરમાવવામા આવી હતી. પરંતુ અણીના સમયે એને માફ કરી દેવામા આવ્યો. બરાબર છ વાગ્યે

જીવન નષ્ટ થવાનું હતું અને છ વાગવામાં પાંચ મિનિટ પહેલાં ખબર આવી કે જાઓ માફ કરવામાં આવે ■ પાછળથી દોસ્તોયેવ્સ્કી કોઈને મળતો ત્યારે કહેતો હતો કે છ વાગવાની એ ક્ષણ જ્યારે નજીક આવી રહી હતી, ત્યારે મારા મનમાં ન તો કોઈ વાસના હતી ન તો કોઈ ઇચ્છા હતી, ન તો કોઈ રસ હતો કાંઈ પણ નહોતું હું એટલો શાંત અને શૂન્ય થઈ ગયો હતો કે સાધુ-સંત જે સમાધિની વાત કરી રહ્યા છે તે શું છે તે મેં એ ક્ષણે અનુભવ્યું.

પરંતુ જેવો ઝારનો આદેશ આવ્યો અને મને સંભળાવવામાં આવ્યો કે મારી ફાંસીની સજા માફ કરવામાં આવી છે અને મને છોડી મૂકવામાં આવ્યો છે તેવો જ હું અચાનક કોઈ શિખર પરથી નીચે ખીણમાં ગબડી પડ્યો. બધું પાછું આવ્યું મારી બધી ઇચ્છાઓ એક ક્ષણ પહેલાં જેનું કોઈ મૂલ્ય નહોતું તે બધી મુદ્દતમ ઇચ્છાઓ પાછી ફરી પગમાં જોડા ડખતા હતા એની ત્યારે ખબર પડવા લાગી નવા જોડા લેવાના છે એની યોજના ચાલવા લાગી બધું પાછું ફરી આવ્યું

દોસ્તોયેવ્સ્કી કહેતો કે એ શિખરને હું ફરી વાર સ્પર્શી ન શકયો કે જે એ દિવસે નજીક આવેલા મૃત્યુ વખતે અચાનક આવી ગયું હતું

આખરે થયું શું ? એમાં થયું એ કે જ્યારે મૃત્યુ આટલું સુનિશ્ચિત હોય ત્યારે ચેતના બધા બંધન છોડી દે છે એટલા માટે બધા સાધકોએ મૃત્યુના સુનિશ્ચિત અનુભવ ઉપર ખૂબ ભાર મૂક્યો છે

બુદ્ધ તો ભિક્ષુઓને ત્રણ મહિના સુધી સ્મશાનમાં મોકલી આપતા હતા કે જેથી તેઓ લોકોને મરતાં જોતા, નાશ પામતાં રાખ થતાં જોઈ શકે અને જેને કારણે એમને પોતાના મૃત્યુનું ચોક્કસ જ્ઞાન થઈ જાય અને જ્યારે ત્રણ મહિના પછી કોઈ સાધક મૃત્યુ પર ધ્યાન કરીને પાછો ફરતો હતો ત્યારે એના મિત્રોને પહેલી જે વાત દેખાતી હતી તે હતી રસ પરિત્યાગ અથવા રસ વિસર્જન

(૧૩) રસ-પરિત્યાગની પ્રક્રિયા—મન સાથેના તાદાત્મ્ય તોડવા માટે મનના પ્રતિ સાક્ષી-ભાવની

રસના વિસર્જન માટેનુ સૂત્ર છે—ચેતના અને મનની વચ્ચેન સંબંધનું તૂટી જવું. એ સંબધ કેવી રીતે તૂટે ?

એ માટે એ જોવું જોઈએ કે એ સંબધ કેવી રીતે ઉત્પ થયો ? જ્યા સુધી હું વિચારુ છું કે 'હું મન છું', ત્યા સુધી એ સંબંધ રહેશે. જ્યા સુધી 'હું મન છું', એ જાતનું તાદાત્મ્ય (identity હોય, ત્યાં સુધી એ સંબધ છે. 'હું મન નથી', એવું જ્યારે પ્રતી થાય ત્યારે એ સબધ તૂટે છે. એનાથી રસ છિન્નભિન્ન થઈ જા છે, ખોવાઈ જાય છે.

રસ-પરિત્યાગની પ્રક્રિયા છે—મન પ્રતિ સાક્ષી-ભાવ (wit nessing).

જ્યારે તમે ભોજન કરી રહ્યા હો તો હુ એમ નહિ કહુ કે તમે આ ભોજન ન કરો, એ રસ-પૂર્ણ છે. હું તમને એમ પણ નહિ કહું કે તમે મનમા એ અનુભવ ન કરો કે એ ખાટો છે કે મીઠો. હુ તમને એમ કહીશ કે ભોજન કરો, જીભને સ્વાદ લેવા દો, મનને સંપૂર્ણ ખબર પડવા દો, પૂરો સંતોષ મેળવવા દો કે ઘણું સ્વાદિષ્ટ ભોજન છે. તમે માત્ર અદર આ બધી પ્રક્રિયાના સાક્ષી બનીને ઊભા રહો. 'હું ફક્ત જોવાવાળો છું, હુ દ્રષ્ટા છું, હુ સાક્ષી છુ', એવુ માનીને તમે જોતા રહો. રસના અનુભવમા ફક્ત આટલો ભાવ ગહન થઈ જાય, તો તમને અચાનક જણાશે કે ઇન્દ્રિયો તો એની એ જ છે, એમને નષ્ટ કરવી નથી પડી. પદાર્થ પણ એના એ જ છે, એને છોડીને ભાગવુ નથી પડ્યું. મન એ જ છે, એ એટલુ જ સંવેદનશીલ છે, એટલુ જ સજગ અને જીવંત છે, પરતુ રસનુ જે આકર્ષણ હતું તે જતું રહ્યું. રસ જે બોલાવતો હતો, પોકારતો હતો, રસની જે પુનરાવૃત્તિની ઇચ્છા હતી (રસનું આકર્ષણ એને ફરી ફરી લેવામા છે)—એના ચક્કરમાં ફરવાનું આકર્ષણ

ચાલ્યુ ગયુ બિલકુલ ખોવાઈ ગયુ એને વારવાર લેવાની કોઈ કોઈ આકાંક્ષા નથી.

(૧૪) સંગને કારણે વિકૃત રસ સંયુક્ત થઈ જવાથી મન દ્વારા રસની થતી પુનરાવર્તનની માગ—શીલરનુ દૃષ્ટાંત

વાસ્તવમા આપણે એવા રસોનો ફરી ફરીને ઉપભોગ કરવા લાગીએ છીએ, પછી ભલે તે જીવનનો નાશ કરનારા જ કેમ ન હોય! એક માણસ દારૂ પીએ છે એ જાણે છે સાંભળે છે વાંચે છે કે દારૂ ઝેર છે પણ એનીયે વારવાર પીવાની માગ છે એનુ મન કહે છે—ફરી પીઓ. એક માણસ ધૂમ્રપાન કરી રહ્યો છે એ જાણે છે કે એ કોણ જાણે કેટલીયે બીમારીને નિમંત્રણ આપતો હશે—એ બહુ સારી રીતે જાણતો હશે જો બીજા કોઈને સમજાવવુ હોય તો એ સમજાવે પણ છે જો પોતાના પુત્રને રોકવો હોય તો એ કહે છે કે ભૂલમા પણ ધૂમ્રપાન કરીશ નહિ પરતુ એ પોતે તો કરી જ રહ્યો છે એને ફરી ફરી ધૂમ્રપાન કરવાની આકાંક્ષા છે આ રીતે વિકૃત રસ જો જોડાઈ જાય અને સંગ (association)ને કારણે બીજા વિકૃત રસો પણ જોડાઈ જાય છે

શીલર નામનો એક જર્મન લેખક હતો જ્યારે એણે પોતાની પહેલી કવિતા લખી ત્યારે વૃક્ષો પર સફરજન પાકી ગયાં હતાં અને નીચે પડી રહ્યાં હતાં. એ જમીનમાં ખોદો હતો કેટલાંક સફરજન પાકીને સડી ગયાં હતાં અને સડેલા સફરજનની ગંધ ચારે બાજુ વાતાવરણમાં ફેલાઈ રહી હતી. ત્યારે એણે પહેલી કવિતા લખી એ પહેલી કવિતાનો જન્મ અને સડેલા સફરજનોની દુર્ગંધ જોડાઈ ગયાં સંયુક્ત થઈ ગયાં ત્યાર બાદ શીલર એના જીવનમાં જ્યાં સુધી ટેબલની આસપાસ સડેલાં સફરજન ન હોય ત્યાં સુધી કશુ લખી ન શક્યો બિલકુલ પાગલપણુ હતું એ પોતે કહેતો

કે બિલકુલ પાગલપણું છે, પરંતુ જ્યા સુધી સડેલાં સફરજનોની ગંધ નથી આવતી, ત્યા સુધી મારામા કાવ્ય સક્રિય નથી થતું. એમા ગતિ નથી આવતી. એ ગંધ વગર હું બિલકુલ સાધારણ માણસ રહું છું — શીલર બની નથી શકતો. જેવી સડેલા સફરજનોની ગંધ ચારે બાજુથી મારા નાકને ઘેરી લે છે કે તરત હું બદલાઈ જાઉં છું, હું બીજો માણસ થઈ જાઉં છું એ કહેતો કે આ સડેલ સફરજન રાખુ છુ એ એક વિકૃતિનુ લક્ષણ છે એ સ્વીકાર કરુ છુ. એવી બીજી પણ ગંધ હોઈ શકે છે, એને બદલે ફૂલ રાખી શકાય. પરંતુ નહિ, તો કાવ્ય જન્મતુ નથી. તે સડેલા સફરજનની ગંધ સાથે જોડાઈ ગયુ છે.

(૨૫) ધૂમ્રપાનનું પુનરાવર્તન — સુખદ ક્ષણ સંયુક્ત થઈ જવાથી અથવા એકલતાના અનુભવને કારણે

કોઈ માણસ સિગારેટ પીવાનુ શરૂ કરે, ત્યારે એનો પહેલો અનુભવ સુખદ નથી, દુઃખદ છે પરતુ જો એ દુઃખદ અનુભવ પણ નિરંતર ખેવડાવવાથી કોઈ સુખની, કોઈ ક્ષણની સુખદ અનુભૂતિ સાથે જો સંયુક્ત થઈ ગયો હોય તો પછી આખી જિંદગી ફરી ફરી વાર માગતો રહેશે. બીજી રીતે પણ એ સંયુક્ત થઈ શકે છે. જ્યારે તમે સિગારેટ પીતા હો છો, ત્યારે તમે એક અર્થમા આખી દુનિયાથી અલગ થઈ જાઓ છો.

મનોવૈજ્ઞાનિક કહે છે કે, સિગારેટ પીવી એ એક અર્થમાં હસ્તમૈથુન (masturbation) છે. તમે ફક્ત તમારા પોતાનામાં જ મસ્ત થઈ જાઓ છો, તમને દુનિયા સાથે કશી લેવાદેવા રહેતી નથી. એકલા ધુમાડો કાઢતા બેઠા છો, જાણે કે દુનિયા છૂટી ગઈ. તમારી અને દુનિયાની વચ્ચે જાણે કે એક ધુમાડાનો પડદો (smoke curtain) આવી ગયો. પત્ની ઘરમાં હશે પણ એની સાથે કોઈ નિસબત નથી, દુકાન ચાલતી હશે કે નહિ, તેની સાથે કોઈ નિસબત

નથી કર્યા [illegible] થઇ રહ્યું છે તેની સાથે કોઈ નિસબત નથી. પુમારો અંદર બેસવા અને બહાર રહવા પૂરતી જ તમને નિસબત છે તમે બાકી જગતથી અલગ (isolate) થઈ ગયા એકલા થઈ ગયા તમને એકલતા (isolation)માં રસ આવે છે એ જ તો એકાંતનો સાધક કરે છે હવે તમે જાણીને નવાઈ પામશો કે એકાંતના સાધકને જે રસ આવે છે એ જ રસ કોઈ દુષ્ટ સિગારેટ પીવામાં તમને મળી રહે છે એ રસ મળી રહે છે કેમ કે સિગારેટ પણ એકલતા પેદા કરે છે એટલા માટે માણસ એકલો બેઠો રહે તો તે સિગારેટ પીવા મંડે છે આખે આજુનો ખ્યાલ જ જતો રહે છે પોતાનામાં સીમિત થઈ જાય છે

(૧૬) અંગૂઠો ચૂસનાર બાળકનો માની સાથે પ્રેમ ઓછો થાય છે અને તે પોતાનામાં સીમિત થઈ જાય છે, મોટું થઈને એ બાળક વધુ ધૂમ્રપાન કરે છે

નાનું બાળક એકલું પડીને અંગૂઠો ચૂસતું રહે એના જેવું જ આ [illegible] નાનું બાળક પોતાનો અંગૂઠો ચૂસતું હોય છે તો તે અલગ થઈ ગયું હોય છે—he is disconnected એનો દુનિયા સાથે કોઈ સંબંધ નથી રહ્યો. દુનિયા સાથે એને કોઈ નિસબત નથી પોતાની મા સાથે પણ હવે એને નિસબત નથી એટલા માટે મનોવૈજ્ઞાનિકો કહે છે કે બાળકને અંગૂઠો બહુ ચૂસવા દેવો નહિ નહિ તો એના જીવનમાં સામાજિકતા ઓછી થઈ જશે જો કોઈ બાળક બહુ દિવસ સુધી અંગૂઠો ચૂસતું રહે તો તે એકાકી અને એકલું થઈ જશે બીજા સાથે મિત્રતા બાંધી નહિ શકે મિત્રતાની કોઈ જરૂર નથી રહેતી પોતાનો જ અંગૂઠો એક મિત્રની ગરજ સારે છે કોઈની સાથે જરાયે નિસબત નથી

જે બાળક અંગૂઠો ચૂસવા લાગશે એને એની મા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન નહિ થાય, કેમ કે મા સાથે જે પ્રેમ ઉત્પન્ન થાય [illegible] તે

એના સ્તનના માધ્યમ દ્વારા જ થાય છે, બીજું કોઈ માધ્યમ નથી. જેટલો રસ એને માના સ્તનમાંથી મળે છે એટલો રસ જો એને પોતાના અંગૂઠા દ્વારા મળવા લાગે તો તે માંથી સ્વતંત્ર (independent) થઈ જશે. હવે એને મા પર અવલંબન (dependence) રહેતું નથી. હવે એને કોઈના આધારની જરૂર નથી. અને જે બાળક પોતાની મા સાથે પ્રેમ કરવા નથી પામતું, તે પછી દુનિયામાં કોઈની સાથે પ્રેમ નહિ કરી શકે. કેમ કે પ્રેમનો પહેલો પાઠ જ પૂરો થવા પામ્યો નથી. એ બાળક પોતાનામાં જ મર્યાદિત થઈ ગયું. એક અર્થમાં હવે એ સમાજનો અંશ નથી રહ્યો.

એ જાણીને તમે નવાઈ પામશો કે જે બાળકો નાનપણમાં અંગૂઠો ખૂબ ચૂસે છે, એ જ બાળકો મોટા થઈને સિગારેટ વધુ પીએ છે. જે બાળકોએ નાનપણમાં અંગૂઠો ઓછો ચૂસ્યો છે યા બિલકુલ નથી ચૂસ્યો, એમના જીવનમાં સિગારેટ પીવાની શક્યતા ઘણી ઓછી થઈ જાય છે. કેમ કે સિગારેટ એ અંગૂઠાનું અવેજી (substitute) છે કારણ કે જો મોટો માણસ અંગૂઠો ચૂસે તો તે જરા બેહૂદું લાગશે. એટલા માટે એણે સિગારેટ શોધી છે, ચિરૂટ શોધી છે, હુક્કો શોધ્યો છે. પરંતુ ખરી રીતે તો એ પેલો અંગૂઠો જ ચૂસી રહ્યો છે. હવે એ મોટો થયો છે, એટલે જો એકદમ સીધો અંગૂઠો ચૂસે તો જરા બેહૂદું લાગશે. લોકો શું કહેશે ? એટલા માટે એણે એક અવેજી વ્યવસ્થા કરી લીધી છે. હવે લોકો કાંઈ નહિ કહે. સિગારેટ પીવાથી લોકો એટલું જ કહેશે કે નુકસાન થાય છે એ કહેશે, શું કરીએ, લાચારી છે. એ નુકસાનકારી છે એ તો હું પણ જાણું છું, પરંતુ આદત પડી ગઈ છે. અંગૂઠો ચૂસે તો એ બુદ્ધિહીન દેખાશે, સિગારેટ પીતો હશે તો સમજદાર દેખાશે. આ પ્રકારના બધા અવેજી માત્ર આપણને છેતરે છે. પરંતુ જો એક વાર રસ પડી જાય, તો ગમે તેવી ખોટી ચીજ પણ તમારી સાથે જોડાઈ જાય છે.

(૧૭) દારૂ પીવાની ફરી ફરી માગ—જગત અને ચિંતાઓથી અલગ થઈ જવાને કારણે

એક દિવસ મુલ્લાની પત્ની જ્યાં મુલ્લાં દારૂ પીતો હતો તે મેડી હાઉસમાં પહોંચી ગઈ મુલ્લાં પોતાના ટેબલ પર ગ્લાસ અને બોટલ લઈને બેઠો હતો પત્ની આવી પહોંચી એટલે મુલ્લાંએ તો ખૂબ પરંતુ જ્યારે આવી જ ગઈ છે તો એક ગ્લાસમાં દારૂ રેડીને એને પણ આપ્યો. એણે દારૂનો એક ઘૂટડો પીધો અત્યંત તીખો અને બેસ્વાદ લાગ્યો. એણે મોં બગાડ્યું અને ગ્લાસ નીચે મૂકી દીધો. એણે કહ્યું, મુલ્લાં, તમે શું આ પીઓ છો?

એટલે મુલ્લાંએ કહ્યું કે તું એમ માનતી હશે કે હું ખૂબ આનંદ માણવા જાઉં છું આ જ દુઃખ ભોગવવાને માટે અમે અહીં આવીએ છીએ સમજી ગઈ ને? હવે ફરી વાર ભૂલમાં પણ એમ ન કહેતી કે તમે ત્યાં ઘણો આનંદ કરવા જાઓ છો.

દારૂનો પહેલો અનુભવ તો દુઃખ જ છે પરંતુ દારૂના તે પછીના અનુભવ ધીરે ધીરે સુખદ લાગવા માંડે છે કેમ કે દારૂ તમને જગતથી અલગ કરી દે છે જગતની ચિંતાઓથી અલગ કરી દે છે જગત મટી જાય છે તમે જ રહી જાઓ છો. એ ઘણી મજાની વાત છે કે ધ્યાન અને જાગરણમાં થોડો અભાવ છે એને તો આ સદીમાં ધર્મ અને નશાની વચ્ચે સંબંધ શોધવા માટે સૌથી વિશેષ સંશોધન કરનારા વિલિયમ જેમ્સે કહ્યું છે કે દારૂનું આકર્ષણ ઘણું આકર્ષણ ઊંડાણમાં ક્યાંક ને ક્યાંક ધર્મ સાથે જોડાયેલું છે એ વિના આટલું આકર્ષણ હોઈ શકે નહિ ક્યાંક ક્યાંક શરાબ એવું કાંઈક કરે છે કે જે મનુષ્યની ઊંડી ધાર્મિક આકાંક્ષાને તૃપ્ત કરે છે આવો હોવાનો સંભવ છે

અને એટલા માટે વેદના ઋષિઓના સોમરસ પાનથી માંડીને આ સદીની એલ.એસ.ડી (L S D)ના સેવન સુધી ધાર્મિક મનુષ્યોનો ઘણો ભાગ નશાનો ઉપયોગ કરતો રહ્યો નશાના

ઉપયોગનો ક્યાંક ને ક્યાંક જરૂર કોઈ સંબંધ છે. એ સંબંધ એટલો જ છે કે દારૂ તમને જગતથી અલગ કરી દે છે, એવી ખરાબ રીતે કે તમે બિલકુલ એકલા થઈ જાઓ છો. એકલા હોવામા એક રસ છે. સંસારની બધી ચિંતાઓ ભુલાઈ જાય છે. તમે એક ઊંડા અર્થમા નિશ્ચિંત જણાઓ છો. પણ એ બહુ વાર ટકતુ નથી. થોડી વારમાં નશો દૂર થઈ જશે અને ત્યારે ચિંતા પાછી આવ. પરંતુ દારૂની સાથે આ નિશ્ચિંતતાનો રસ જોડાઈ જશે. એક વાર જો આ રસ જોડાઈ ગયો, તો પછી તમે દારૂના નામથી ઝેર પીતા રહેશો. રસ જોડાઈ ગયો તો એની ફરી ફરી માગ શરૂ થઈ જાય છે

(૧૮) મુલ્લાંની બોધકથા : મનુષ્યનો દંભ—અંદર કાંઈ, બહાર કાંઈ, બતાવવા માટેની

મુલ્લા નસરુદ્દીન એક દિવસ પોતાના મકાનના દરવાજા પર ઉદાસ થઈને બેઠો હતો. પાડોશી ખૂબ નવાઈ પામ્યો, કેમ કે એ અઠવાડિયાથી એ પહેલા ક્યારેય નહોતો એવો પ્રસન્ન દેખાતો હતો. એને ઉદાસ જોઈને એ પાડોશીએ પૂછ્યું, નસરુદ્દીન, આજે કાંઈ ખૂબ ઉદાસ દેખાઓ છો! શું છે?

નસરુદ્દીને કહ્યું, શું થયુ છે! થયું તો ઘણું છે. આ મહિનાના પહેલા અઠવાડિયામા મારા દાદા મરી ગયા અને મારા નામ પર પચાસ હજાર રૂપિયા મૂકતા ગયા. બીજા અઠવાડિયે મારા કાકા મરી ગયા અને તેઓ મારે નામે ત્રીસ હજાર રૂપિયા મૂકી ગયા, અને હવે ત્રીજું અઠવાડિયુ પૂરું થવા આવ્યુ, પણ હજી સુધી કાંઈ થયું નથી, હજુ સુધી કોઈ મર્યું નથી.

તો મન પુનરાવૃત્તિ માગે છે. એનો તો કોઈ સવાલ નથી કે કોઈ મરશે ત્યારે કાંઈ થશે સ્વજનના મૃત્યુનુ દુઃખ એક બાજુએ રહી ગયું, ને પેલા પચાસ હજાર રૂપિયા મળવાનું સુખ જોડાઈ ગયું. એટલા માટે મનોવૈજ્ઞાનિક કહે છે કે ફક્ત ગરીબ પિતાના સંતાનો

જ તેના મરવાથી દુઃખી થાય છે પણ વિનાની મંતાનો આપણા મરતાં કેવળ દુઃખ પ્રગટ કરે છે. આ વાતમાં સત્ય છે કેમ કે અમીર ઇસ્લામના સંબંધ સાથે અમુકથી પણ કોઈક વિશેષ એવો જનાર અને જેનું ધન પણ મંતાનોના હાથમાં આવે છે તેઓ દુઃખ કેમ કરે છે પણ આ દુઃખ ઉપર જ્યારે વિચાર કરીએ તો એક વસ્તુ આવી જાય છે એમાં જોઈ અને ખબર પડે કે આપ પાછો હતો મર્યા તો પછી તમને ખ્યાલ આવે કે એની મમીજનો કેવી વર્તી આ! એ પાછા જીવતો નથી થતો એ સ્પષ્ટ વાત છે!

એ જીવનમાં આવી કરીબત આવી હતી. એની પત્ની મરી ગઈ હતી. લોકો જનાજાને ઉપાડી રહ્યા હતા એવામાં એ જનાજાને સામે આવેલા સીમ ના ગાડ સાથે અથડાયો. અંદરથી રડવાકૂટવાના અવાજ આવ્યા. લોકોએ જનાજાને નીચે ઉતાર્યો પત્ની મરી ગઈ હતી. ફક્ત એકાએક મરી ગઈ હતી. મુસ્લિમ પત્નીને જીવતી જોઈને ખૂબ દુઃખી થઈ ગયા છાતી કૂટીને રોવા લાગ્યો પત્ની કેમ તમે વધુ જીવી પાછી મરી અને જ્યારે જનાજાને ઉપાડીને લોકો સ્મશાન લાગ્યા તો મળ્યાં કરીને છાતી કરી રોવા લાગ્યો. જનાજો સીમ ના ગાડ પાસે પહોંચ્યો ત્યારે એનું કહ્યું ભાઈઓ, જરા સબ્રાગાને. ફરીથી અથડાશો નહિ

એટલા માટે એ ખ્યાલમાં રાખો કે માણસ જે પ્રગટ કરે છે, એ જ એની અંદર હોય એવું જરૂરી નથી વધુ સંભવ તો એવો છે કે એ જે પ્રગટ કરે છે એથી ઊલટું જ એની અંદર હોય છે કેમકે એ પ્રગટ પણ એટલા માટે જ કરે છે કે જે અંદર છે તે છુપું રહે પ્રગટ ન થાય. જો બહુ છાતી કૂટીને રોતો હોય તો એટલું દુઃખ હોય એવું કાંઈ નથી અંદર કાંઈક જુદું જ હોય કેમકે ખોટી ચીજો જો એમાં રસ આવી જાય તો ફરી ફરી થવા લાગે છે અને જો ખોટામાં ખોટી ચીજ એ રીતે ફરી ફરી થતી શરૂ થઈ જાય છે, તો પછી સાચી વસ્તુને થવામાં તો શી

મુશ્કેલી આવવાની હતી ?

(૧૯) પ્રત્યેક ઇન્દ્રિય અને વૃત્તિ પ્રત્યે દ્રષ્ટાભાવ ખીલવવાથી થતો સહજ રસ-પરિત્યાગ

પણ આ જોડાણ ક્યારે ઉત્પન્ન થાય છે ? આ કડી (link) ક્યારે બને છે ? આ કડી, આ જોડાણ, આ સંબંધ, ત્યારે બને છે કે જ્યારે વ્યક્તિ પોતાના મનને પોતાથી દૂર નથી કરવા પામતી એ જ એના જોડાવાની રીત છે. તમને ક્રોધ આવે અને તમે કહો કે હું ક્રોધી થઈ ગયો તો તમે મનની સાથે સંબંધ બાંધી લો છો. જ્યારે તમારા જીવનમાં દુઃખ આવે છે અને તમે કહો છો કે હું દુઃખી થઈ ગયો, તો એ બીજુ કશું નથી; તમે મનની સાથે પોતાને એકરૂપ સમજવાના ભ્રમમા પડી ગયા છો. જ્યારે સુખ આવે છે ત્યારે તમે કહો છો કે હુ સુખી થઈ ગયો. આ તમે મનની સાથે તાદાત્મ્ય સાધો છો.

જો રસ-પરિત્યાગનો અમલ કરવો હોય, તો ક્રોધ આવે ત્યારે કહેવું કે ક્રોધ આવ્યો એવું હુ જોઉ છુ. એમ ન કહેવુ કે મને ક્રોધ આવતો જ નથી. કેમ કે એમ કહો એટલે તો તમે ફરીથી જોડાઈ થઈ ગયા. ધ્યાન રહે, જો તમે કહો કે મને ક્રોધ આવતો જ નથી અથવા મને ક્રોધ આવે છે—તો એ બન્નેમા તમે કા તો ક્રોધ સાથે જોડાઓ છો અથવા તો અક્રોધ સાથે, અને બન્ને સ્થિતિમાં રસ-પરિત્યાગ નહિ થાય.

જ્યારે ક્રોધ આવતો હોય ત્યારે રસ-પરિત્યાગની સાધના કરનાર વ્યક્તિ કહેશે કે ક્રોધ આવે છે. ક્રોધ બળી રહ્યો છે, પણ હુ જોઈ રહ્યો છુ. અને સાચું એ જ છે કે તમે જુઓ છો, તમે ક્રોધી નથી થતા. તમે ક્રોધી હો છો એ એક ભ્રમ છે. તમે હમેશા જોવાવાળા પ્રેક્ષક જ હો છો. જ્યારે તમારા પેટમાં ભૂખ લાગે છે, ત્યારે તમે ભૂખ્યા નથી થતા. તમે ફક્ત જાણનારા હો છો કે ભૂખ લાગી છે.

જ્યારે પ્રકર્ષ કરિ પેમી જાય છે ત્યારે તમે પીડા નથી થઈ જતા જાણે તમે એ જાણો છો કે પ્રકર્ષ પીડા થઈ રહી છે પરંતુ આ જાણવાનું જ્ઞાન છે, નથી ખૂબ કીધુ કે એ એટલુ કીધુ છે કે જ્યારે પ્રકર્ષ કરિ જોરથી પેમે છે ત્યારે એ જ્ઞાન ભુલાઈ જાય છે

એ જ્ઞાનને પાકુ કરી લેવુ તેનું નામ રસ પરિણામ. એ જ્ઞાન એટલુ કીધુ થઈ જાય છે કે તમારી જીભ કહે કે વાનગી ખૂબ સ્વાદિષ્ટ છે ત્યારે તમે કહી શકો કે ના કે જીભ કહે છે કે સ્વાદિષ્ટ છે અમુક કે સાંભળું છું એવુ કે જોઉં છું એવુ કે સમજ છે પરંતુ કે એથી અલગ છું, કે તો રસાનુભવની વચમાં સાક્ષીમાત્ર છું કોઈ સ્થાન કરી રહ્યો હોય કોઈ દ્વાર પહેરાવી રહ્યો હોય ત્યારે તમે જાણો છો કે કુલદારો પ્રવેશવામાં આવે છે કોઈ સ્થાન કરી રહ્યું છે અને હું જોઈ રહ્યો છું કોઈ પથ્થર મારી રહ્યો છે કોઈ સલામી આપી રહ્યો છે ત્યારે તમે જાણો છો કે સલામી અપાઈ રહી છે પથ્થર મારવામાં આવી રહ્યા છે અને હું તે જોઉં છું

અને આ વાર આ કષ્ટની સાથે મનમેળ જોડાઈ જાય અને મનની સાથે સંબંધ શિથિલ થઈ જાય તો તમને જણાશે કે બધા સ્વાદ ગયા નથી વસ્તુઓ છોડવી પડતી નથી જીભ કાપવી પડતી નથી આંખ ફોડવી પડતી પરંતુ તેમ છતાંયે રસ ચાલ્યા જાય છે અને જ્યારે રસ જતો રહે છે ત્યારે વસ્તુઓ પોતાની મેળે છૂટી જાય છે ત્યારે બધા રસ છૂટી જાય છે ત્યારે ઇન્દ્રિયો પોતાની મેળે શાંત થઈ જાય છે જ્યારે રસ ચાલ્યા જાય છે ત્યારે મન એની ફરી ફરી માગ કરવાનું બંધ કરી દે છે કેમ કે એને એમાં રસ મળતો બંધ થયો એને રસ મળતો હતો એટલે જ એ માગ કરતું હતું તે બંધ થયું એટલે માગ પણ બંધ થઈ

(૨૦) રસના ચક્કરને ભીતર કેન્દ્રમાંથી તોડવા છતાં પણ રસ-પરિત્યાગ બાહ્ય તપ છે, કેમ કે સાક્ષી થવું એ પણ બાહ્ય છે, જ્યારે કેવળ સાક્ષી પણ નથી હોતો, જ્ઞાતા પણ નથી હોતો, માત્ર જ્ઞાન હોય છે

હવે જ્યારે માલિકને જ રસ નથી મળતો, તો વાત પતી ગઈ, કેમ કે મન આપણુ નોકર છે. એ છાનાની માફક આપણી પાછળ ચાલે છે. આપણે જે કહીએ છીએ એને એ તુરત જ ફરી કહી બતાવે છે. મન જે કહે છે, એને ઇન્દ્રિયો માગવા લાગે છે અને આપણે ઇન્દ્રિયો માગે છે, એવા પદાર્થોને એકઠા કરવામા જ મડી પડીએ છીએ. આવુ આ ચક્કર છે એને તમે પહેલા કેન્દ્રમાથી જ તોડો. છતા પણ મહાવીર એને બાહ્ય તપ કહે છે.

એ ઘણી મજાની વાત છે કે આને તોડવું તો પડશે અદર, પરંતુ છતાયે એ બાહ્ય તપ છે. કેમ કે જેને તમે તોડી રહ્યા છો, એ બહારની ચીજ છે. જો હું સાક્ષી થઈ રહ્યો છુ. તો પણ બહારનો થઇ રહ્યો છુ—વસ્તુઓનો થઈ રહ્યો છુ, ઇન્દ્રિયોનો થઈ રહ્યો છુ, મનનો થઈ રહ્યો છુ એ બધા પારકા છે. એ બધા બહાર છે.

ધ્યાનમાં રહે, મહાવીર કહે છે કે સાક્ષી થવું એ પણ બહાર છે. એટલા માટે જ્યારે કોઈ કેવલી થાય છે, ત્યારે એ સાક્ષી પણ નથી હોતો. કોનુ સાક્ષી થવાનુ છે! એ ફક્ત હોય છે, just being. સાક્ષી પણ નથી હોતો, કેમ કે સાક્ષીમા પણ દ્વૈત છે, કોઈ બીજુ છુ કે જેનો હુ સાક્ષી છુ હજુ કોઈ મોજૂદ છે. એટલા માટે કેવલી સાક્ષી પણ નથી હોતો. જ્યા સુધી હુ જ્ઞાતા છું, ત્યાં સુધી કોઈ ગ્રેય મોજૂદ છે એટલા માટે કેવલી જ્ઞાતા પણ નથી હોતો, માત્ર જ્ઞાન રહી જાય છે.

મહાવીર આને પણ બાહ્ય કહે છે. એ પણ બહાર છે, પરતુ બહારનો અર્થ એ નહિ કે તમે બહારની વસ્તુઓને છોડવાથી આરભ

કરો. બહારની વસ્તુ છૂટવી એ એનું પરિણામ હશે, જો કોઈ વ્યક્તિએ બહારની વસ્તુ છોડવાની શરૂઆત કરી તો એ મુશ્કેલીમાં પડી જશે ગૂંચવાઈ જશે. એ જે વસ્તુને છોડશે એમાં એનું આકર્ષણ વધી જશે. એ જેનાથી ભાગશે એનું નિમંત્રણ આવશે એ જેનો નિષેધ કરે, એનો પોકાર વધશે. જો મનને દબાવશે દબાવશે સમજાવશે, ફુસલાવશે તો મન ઊલટી માગ કરશે ફક્ત એક જ સ્થાન છે કે જ્યાંથી રસ છૂટી જાય છે એ છે—સાક્ષી ભાવ રસ પરિત્યાગની પ્રક્રિયા છે—સાક્ષી-ભાવ

(૨૧) મહાવીરનું પાંચમું બાહ્ય તપ કાયા-ક્લેશ, જેના અર્થ વિશે સૌથી વધુ ગેરસમજ થઈ છે, કાયાને સતાવવાની વાત મહાવીર નથી કરતા

રસ પરિત્યાગ પછી મહાવીરે કાયા કલેશનું તપ લીધું છે મહાવીરની સાધના સૂત્રોમાં સૌથી વધારે ગેરસમજ થઈ હોય તો તે આ સાધના સૂત્રની છે કાયા કલેશ શબ્દ સ્પષ્ટ છે એવું સ્પષ્ટ લાગે છે કે શરીરને કષ્ટ આપો કાયાને કલેશ આપો દેહનું દમન કરો પરંતુ મહાવીર કોઈને પણ કષ્ટ આપવાની વાતમાં કશાને પણ દમવાની વાતમાં સાક્ષી નથી બની શકતા કેમ કે બધી રીતનું દમન હિંસા છે

પોતાના શરીરને દમવું એ પણ હિંસા છે કેમ કે શરીરમાં મારાંતમારામાં કોઈ ફરક નથી હોતો. તમારા શરીરમાં જેવાં હાડકાં છે તેવાં જ [illegible] કાં મારા શરીરમાં પણ [illegible] જો મારા શરીરનું એક [illegible] કે અને તમારા શરીરનું એક હાડકું કાઢીને બહાર મૂકવામાં આવે તો કયું હાડકું મારું છે ને કયું તમારું છે એ કહી નહિ શકે હાડકું હાડકું છે એ મારું-તારું નથી મારું હાડકું જે નિયમથી બન્યું છે એ જ નિયમથી તમારું પણ બને છે એ બધી બહારની જ વ્યવસ્થા છે

એટલા માટે મહાવીર પોતાના શરીરને પણ કષ્ટ આપવાની,

દમવાની વાત નથી કહી શકતા. કેમ કે મહાવીર સારી રીતે જાણે છે કે ત્યાં પોતાનું એવું શું છે. એ પણ બધુ પરાયું જ છે. ફક્ત અંતર(distance)નો જ સવાલ છે. મારું શરીર મારાથી થોડા ઓછા અંતરે છે, તમારુ શરીર મારાથી થોડા વધુ અંતરે છે. માત્ર એટલો જ ફરજ છે. બીજો કશો ફરક નથી. પણ મહાવીરની જે પરંપરા ચાલી તેમા એવી જ સમજ પ્રવર્તી કે કાયાને કષ્ટ આપો. અને એટલા માટે આત્મપીડકોનો એક મોટો વર્ગ મહાવીરની પરંપરામા સામેલ થયો. જેમને જેમને લાગતું હતુ કે આત્મદમનમા, પોતાને કષ્ટ આપવામા આનંદ આવી શકે છે, તે બધા આવીને સામેલ થયા.

(૨૨) મહાવીરનું વાળલોચન કરવાનું કારણ

હવે ધ્યાન આપવા જેવી વાત એ છે કે મહાવીરે પોતાના વાળ ઉખાડીને ફેંકી દીધા, વાળલોચન કર્યું કેમ કે તેઓ કહેતા કે એમ ન કરું તો મારે વાળ ઉખાડવા માટે કોઈ સાધન રાખવું પડે. કોઈ અસ્ત્રો સાથે રાખો યા કોઈ વાળંદ પર આધાર રાખો. કોઈ વાળંદને ત્યા લાઇન લગાવીને બેસો એટલા માટે મહાવીરે કહ્યું કે એમાં નકામો સમય બગાડની જરૂર નથી એ કારણે મહાવીર વાળ લોચન કરતા હતા એટલા માટે નહિ કે વાળ લોચન કરવા જે પીડા થતી હતી, એમા એમને કોઈ રસ આવતો હતો. ખરુ કહીએ તો મહાવીરને વાળ લોચન કરવામાં જરા પણ પીડા નહોતી થતી

આ જરા સમજવા જેવુ છે. તમારા શરીરમા વાળ અને નખ મૃત ભાગ (dead points) છે, જીવંત ભાગ નથી નખ અને વાળ મરેલા ભાગ છે. એટલા માટે એને કાતરથી કાપો તો કોઈ પીડા નથી થતી કાતરથી વાળ કપાય, તો પણ તમને શા માટે પીડા નથી થતી? After all it is a part. જો એ તમારો જ અંશ હોય, તો પીડા થવી જોઈએ, એ જો જીવંત હોય તો

પીડા થવી જ જોઈએ પરંતુ તમારા વાળ કપાતા રહે છે અને તમને ખબર પણ નથી પડતી એટલે વાળ મૃત ભાગ છે અસલમાં વાળ નખ પરસેવો વગેરે શરીરમાં જે જીવ કોષો મરી જાય છે તે જીવ કોષોને બહાર કાઢી નાખવાની યુક્તિ—બચવરયા છે શરીરના મરેલા કોષોને શરીર બહાર ફેંકી દે છે જો મરેલા કોષોને પણ ખેંચવાથી પીડા થાય છે તો તે ભ્રમ છે એ એમ માને છે કે ખેંચવાથી પીડા થશે, એટલા માટે પીડા થશે

(૨) પ્રસૂતિ વખતે માને થતી પીડા, એ એમા પીડા થશે એવા ખ્યાલને કારણે વધુ હોય છે—લોરે લોએ આ ભ્રમ તોડાવીને હજારો સ્ત્રીઓને વગર પીડાએ કરાવેલી પ્રસૂતિ

તમે કહશો કે શું બધા લોકો ભ્રમમાં છે? તો હું તમને એક નાની એવી વૈજ્ઞાનિક ઘટના કહું જેનાથી વાત ખ્યાલમાં આવી જશે ફ્રાન્સમાં લોરે જો નામનો એક માણસ છે એણે પીડા રહિત પ્રસવના હજારો પ્રયોગો કર્યા છે અત્યાર સુધી એણે કોઈ નહિ તો લાખેક સ્ત્રીઓને વગર દર્દ પ્રસવ કરાવ્યા છે—કોઈ પણ જાતની દવા આપ્યા વગર કોઈ પણ એનેસ્થેસિયા આપ્યા વગર બેહોશ કર્યા વગર જેવી હોય છે તેવી જ એને સુવડાવીને પી। વગર બાળકનો પ્રસવ કરાવ્યો છે એ કહે છે કે બાળકનો પ્રસવ થાય તેમાં પીડા થાય છે એ એક ભ્રમ છે એ ફક્ત એક કલ્પના છે અને એવી કલ્પનાને કારણે પ્રસૂતિનો સમય પાસે આવે છે ત્યારે પીડા થશે એવો માતાના મનમાં ભય લાગવા માંડે છે અને જેવો એને પી નો ખ્યાલ આવે છે તેવી જ એ પોતાની બધી માંસ-પેશીઓને સંકોચવા લાગે છે કેમ કે દરદ સંકોચે છે

ધ્યાનમાં રહે, સુખ ફેલાવે છે અને દુ ખ સંકોચે છે જ્યારે મે દુ ખમાં હો છો ત્યારે તમે સંકોચાઓ છો. જો એક માણસ

તમારી છાતી પર છરો લઈને ઊભો થઈ જાય, તો મારી બધી માસપેશીઓ અદંર સંકોચાઈ જાય છે. કોઈ તમારા ગળામાં ફૂલહાર નાખી દે, તો તમારું અસ્તિત્વ ફૂલી જાય છે. ફૂલહાર નખાવીને કયારેય વજન ન કરાવશો, કેમ કે ત્યારે વજન આવી શકે છે. તમે નવાઈ પામશો, પણ એ વિજ્ઞાને અવલોકેલુ તથ્ય છે કે ભગતસિહનું વજન ફાંસીના માચડા પર વધી ગયું હતુ. જેલમા એનું વજન કરવામા આવ્યુ અને જેલમાંથી લઈ જઈને ફાંસીના માચડા પર એનુ વજન કરવામાં આવ્યુ જ્યારે ફાંસી દેવાની હતી ત્યારે ભગતસિહનુ વજન દોઢ રતલ વધી ગયુ. ભગતસિહ એટલો બધો પ્રસન્ન હતો કે એ ફૂલી ગયો જ્યારે તમે દુ:ખી હો છો, ત્યારે તમે રક્ષણ માટે સકોચાઈ જાઓ છો.

તો માતાને ડર લાગે છે કે હવે પીડા થવાની છે, બાળકનોપ્રસવ થવાનો છે, એટલે એ પોતાની માસપેશીઓને અદર સંકોચવા લાગે છે. જ્યારે એ માસપેશીઓને અંદર સંકોચવા લાગે છે અને બાળક અદરથી બહાર નીકળવા માટે ધક્કા દે છે, ત્યારે પીડા શરૂ થાય છે, દર્દ શરૂ થાય છે. અને દર્દ શરૂ થાય છે, તો માને ખાતરી થઈ જાય છે કે દર્દ શરૂ થઈ ગયું, એટલે એ વધુ જોરથી સંકોચાય છે. એ જેટલા જોરથી સકોચાય છે, એટલા જ જોરથી બાળક ધક્કો મારે છે, કેમ કે એણે બહાર નીકળવાનુ હોય છે. બંનેના સઘર્ષમા પીડા થાય છે.

લોરે જો કહે છે કે આ પીડા મા કરાવે છે—એના પોતાના સૂચવેલા વિચાર (suggestion)થી થાય છે, એના પોતાની કલ્પનાથી થાય છે. એ સિવાય પીડા થવાની કોઈ જરૂર નથી હોતી. કોઈ જનાવરને પીડા નથી થતી. જંગલી આદિવાસી સ્ત્રીઓને પીડા નથી થતી. આદિવાસી સ્ત્રીને જંગલમાં બાળક જન્મે છે, તો એને ટોપલીમાં મૂકીને પોતાના ઘરે ચાલી નીકળે છે. એને આરામની પણ કોઈ જરૂર નથી રહેતી. કેમ કે જ્યારે દર્દ જ થયુ નથી તો

આરામની શી જરૂર? દર્દ થાય તો પછી આરામની જરૂર હોય ☒ લોરેન્જો કહે છે કે આ આખી પ્રક્રિયા માનસિક છે અને હવે તો લોરેન્જની આ પદ્ધતિ રશિયા, અમેરિકા વગેરે બધી બાજુએ વિસ્તરતી જાય છે

એ માતાને ફક્ત એટલું સમજાવે છે કે પોતાની માંસપેશીઓને ખેંચ નહિ શિથિલ (relaxed) રાખ બાળકને બહાર આવવામાં સહકાર આપ—co-operate with the child તું વિચાર ■ કે બાળક બહાર આવી રહ્યું છે લોરેન્જો એ પણ કહે ■ કે માતા જો પોતાના બાળકને જન્મતાંમાં સત્કાર નહિ આપે તો પછી પણ નહિ આપી શકે જે બાળક સાથે પહેલો અનુભવ દુઃખનો થઈ ગયો એ બાળકની સાથે સુખનો અનુભવ લેવાનું પણ કઠણ થઈ જશે કેમ કે એ વખતે અનુભવનું પહેલું જે અકન (exposure) થાય છે તે જીવાણુમાં ઊતરી જાય છે કે જ બાળકે પહેલે જ દિવસે પીડા આપી તે હવે પીડા જ આપશે એ પ્રતીતિ ખૂબ દૃઢ થઈ જાય છે એટલા માટે મા બુલાપામાં વધુ કહેતી રહે છે કે મેં તને નવ મહિના સુધી પેટમાં રાખીને દુઃખ સહ્યું એ ભૂલતી નથી ભાગ્યે જ કોઈ મા બાળકની સાથે સુખનો અનુભવ કહેતી હોય તેવી જોવા મળે ઘણે ભાગે દુઃખનો અનુભવ કહેતી જ જોવા મળે ભાગ્યે જ કોઈ મા કહેતી હશે કે મેં તને નવ મહિના રાખીને કેટલું સુખ મેળવ્યું અને જે મા એવું કહી શકશે એના આનંદનો કોઈ પાર નહિ રહે પરંતુ એ કહેવાનો સવાલ નથી અને જે માએ બાળકને નવ મહિના પેટમાં રાખીને આનંદ ન મેળવ્યો હોય ફક્ત દુઃખ જ મેળવ્યું હોય અને જેની સાથે એટલું દુઃખ પામી તેની સાથે દુઃખની સભાવનાનું સૂત્ર જ દૃઢ થઈ ગયું

લોરેન્જોએ લાખો બાળકોને દર્દ વગર પ્રસૂતિ કરાવીને એ સાબિત કરી આપ્યું છે કે દર્દ એ આપણી કલ્પના છે જો

વગર દર્દે પ્રસવ થઈ શકતો હોય તો તમે શું વિચારી શકો છો કે વગર દર્દે વાળ નીકળી શકતા નહિ હોય? ઘણી સરળ વાત છે. મહાવીર પોતાના વાળ ઉખાડીને ફેંકી દેતા હતા.

(૨૪) મહાવીરના અનુયાયી પાગલોનું કામ કરે?

પરંતુ મનોવૈજ્ઞાનિકો કહે છે કે પાગલોનો એક ખાસ વર્ગ છે કે જે વાળ ઉખેડવામાં રસ લે છે, જેમને વાળ ઉખેડવામાં ઘણો રસ આવે છે, એ જો એમ જ બજારમાં ઊભો રહીને વાળ ખેંચે, તો તમે એને પાગલ જ કહેશો પણ જો મહાવીરનો અનુયાયી થઈને વાળ ખેંચે, તો તમે એને પગે પડશો. કેટલાક પાગલ હોય છે કે જેમને નગ્ન હોવામાં રસ આવે છે મનોવૈજ્ઞાનિક એમને પ્રદર્શનવૃત્તિવાળા (exhibitionist) કહે છે. જો તેઓ અમસ્તા જ નગ્ન ઊભા હો, તો પોલીસ એમને પકડીને લઈ જશે. પરંતુ મહાવીરને નગ્ન જોઈને એમને ઘણી મજા આવશે. તેઓ નગ્ન ઊભા રહી જશે ત્યારે તમે એમનો ચરણસ્પર્શ કરવા પહોંચી જશો.

એ વાતની શોધ કરવી ઘણી મુશ્કેલ છે કે તેઓ નગ્નતાને કારણે મહાવીરના અનુયાયી થઈ ગયા કે મહાવીરના અનુયાયી થવાને કારણે નગ્ન થઈ ગયા; વાળ ખેંચવામાં એમને મજા આવે છે એટલા માટે મહાવીરની સાથે ચાલ્યા ગયા, કે મહાવીરની સાથે ગયા પછી એ રહસ્યને શોધી લીધુ કે જ્યાં વાળ ખેંચવામાં કોઈ દર્દ જ નથી થતું. એ નક્કી કરવું ખૂબ મુશ્કેલ છે. માણસની અંદર શું ચાલી રહ્યું છે, એની બહારથી શોધ કરવી ઘણી મુશ્કેલ છે.

(૨૫) પાદરીનું પ્રવચન અને મુલ્લાંની છત્રી

એક દિવસે મુલ્લા ચર્ચમાં પ્રવચન સાંભળવા ગયો. એક મોટો પાદરી પ્રવચન આપવા આવ્યો હતો. એક ઈસાઈ મિત્રે મુલ્લાને વાત કરી એટલે એ ગયો અને જઈને બેસી ગયો. આગળ જ બેઠો આમ તો પ્રભાવશાળી માણસ હતો જ, એટલે પાદરીની નજર પણ એના

પર વારવાર જતી હતી જ્યારે પાદરીએ દસ આજ્ઞાઓ (Ten Commandments) પર બોલવાનું શરૂ કર્યું, એક આજ્ઞા પર— Thou shalt not steal તું ચોરી કરશે નહિ—પર ઘણી વાતો સમજાવી મુલ્લાં ઘણો બેચેન થઈ ગયો એના માથે પરસેવો વળી ગયો પાદરીને પણ ખ્યાલ આવ્યો કે આ માણસ ખૂબ બેચેન છે વાત શું છે? એટલો બેચેન છે કે લાગે છે ક્યાંક ઊઠીને ચાલ્યો ન જાય! એના હાથ પગ સીધા રહેતા નથી

પછી પાદરી બીજી આજ્ઞા પર આવ્યો—Thou shalt not commit adultery તું વ્યભિચાર કરશે નહિ. મુલ્લાં હસવા લાગ્યો ખૂબ પ્રસન્ન થયો ઘણો શાંત અને પ્રસન્ન દેખાવા લાગ્યો પાદરી પણ નવાઈ પામ્યા કે આને થાય છે શું?

જ્યારે સવા સાત થઈ ગયા અને પ્રવચન પૂરું થયું ત્યારે એણે મુલ્લાંને પકડ્યો અને પૂછ્યું કે તને શું થતું હતું? મેં જ્યારે કહ્યું કે ચોરી ન કર, ત્યારે તું ઘણો હેરાન હતો તારા માથા પર પરસેવો આવી ગયો અને જ્યારે મેં કહ્યું કે વ્યભિચાર ન કર ત્યારે તું બહુ આનંદમાં આવી ગયો આ શું છે?

મુલ્લાંએ કહ્યું કે તમે નથી માનતા તો હું કહું છું જ્યારે તમે કહ્યું કે ચોરી ન [illegible] ત્યારે મને ખ્યાલ આવ્યો કે મારી છત્રી કોઈ ચોરી ગયું [illegible] છત્રી દેખાઈ નહિ એટલે હું મુશ્કેલીમાં પડી ગયો કે જરૂર કોઈ ચોર [illegible] મને ગુસ્સો આવ્યો કે આ કેવું ગજબ છે જ્યાં બધા ચોર એકઠા થયા છે પરંતુ જ્યારે તમે કહ્યું કે વ્યભિચાર ન કર ત્યારે મને તુરત ખ્યાલ આવ્યો કે રાત્રે હું ક્યાં છત્રી ભૂલી આવ્યો છું

(૨૬) મહાવીર પોતાને સંયમી નહોતા કહ્યા, પાંચ ઉપરછંદનું જીતીને આત્મપીડામાં લાગેલા તેમના અનુયાયીઓ

એટલા માટે કહું છું કે અંદર શું ચાલે છે એને બહારથી જોઈને જાણવું બહુ મુશ્કેલ છે માણસનું અંતર સૂક્ષ્મ છે ત્યાં કોઈ

બને છે, ત્યારે બહારનાં પ્રતીકોથી જાણવાનું ઘણુ મુશ્કેલ છે.

ઘણું કરીને બન્યુ છે એવુ કે, જેમની અંદર બીજું હતું એવ લોકો પણ મહાવીરની પાસે એકઠા થઈ ગયા. અને જેમ જેમ મહા વીરથી અંતર વધતું જશે, તેમ તેમ એમની સંખ્યા વધતી જશે એક સમય એવો આવશે કે મહાવીરની પાછળ ચાલનારાઓની— એમના અનુયાયીઓની ભીડમા વધારે લોકો એવા હશે કે જેઓ એ વાતોને કારણે ઉત્સુક થવા જોઈતા હતા તે વાતોનો ખ્યાલ જ મટી જશે. કેમ કે જે વાતોથી ઉત્સુક થવુ જોઈએ એ વાતો તો ગહન છે, ઊંડી છે. જે વાતોથી આપણે ઉત્સુક થઈએ છીએ તે વાતે ઉપરછલ્લી છે. છીછરી છે.

લોકોએ જોયું કે મહાવીર પોતાના વાળ ઉખાડી રહ્યા છે, ભૂખ્યા ઊભા છે, નગ્ન ઊભા છે, ઠંડી, ગરમી, વરસાદમા ઊભા છે. જે લોકો પોતાને કષ્ટ આપવા માગે છે, તેઓ મહાવીરને ઓથે ખૂબ સહેલાઇથી એ કરી શકે છે. પરતુ મહાવીર પોતાને કષ્ટ નથી આપતા. મહાવીરને માટે કાયા-કલેશનો અર્થ દમન કરવું એવો નથી.

(૨૭) મહાવીરનો કાયા-કલેશનો અર્થ કાયા કલેશ છે, શરીર દુઃખ છે—ધ્યાનમાં ઊંડા જતાં, સાધનામાં આગળ જતાં સાધકને થતી આ વાતની પ્રતીતિ

તો પછી આ શબ્દનો પ્રયોગ શા માટે કર્યો? આને જરા સમજીએ. મહાવીરનો જે અર્થ છે, તે એ છે કે કાયા કલેશ છે, શરીર દુઃખ છે. શરીર જ દુઃખ છે. શરીરની સાથે ક્યારેય સુખ મળતુ નથી, દુઃખ જ મળે છે. એટલા માટે સાધક આગળ વધશે તેની સાથે જ અત્યાર સુધી ન દેખાયેલાં ઘણાં દુઃખ શરીરમાથી વીખરાવા લાગશે એ પોતાના મોહ અને ભ્રમમાં જીવતો હતો.

મારી પાસે લોકો આવે છે. તેઓ કહે છે કે ધ્યાન શરૂ કર્યું,

તારથી મનમાં બહુ અશાંતિ અનુભવાય છે હું કહું છું કે ધ્યાનથી અશાંતિ નથી આવી શકતી જો ધ્યાનથી અશાંતિ થશે તો શાંતિ કોનાથી થશે? હું જાણું છું કે વધુ ધ્યાન કરવાથી અશાંતિ અનુભવાય છે કેમ કે જે અશાંતિ તમે કયારેય પોતાની અંદર જોઈ નથી એ ધ્યાનની સાથે દેખાવા લાગે છે એ દેખાતી નહોતી એટલે તમે વિચારતા હતા કે એ છે જ નહિ જ્યારે દેખાય છે ત્યારે ખબર પડે છે કે એ છે

એટલા માટે ધ્યાનનો પહેલો અનુભવ અશાંતિના વધવાનો અનુભવ છે જેમ જેમ ધ્યાન વધે છે તેમ તેમ અશાંતિ વધુ ને વધુ પ્રગટ થતી જાય છે એક સમય એવો આવશે કે ત્યારે એવો ભય લાગશે કે હું પાગલ તો નહિ થઈ જાઉં ને? પરંતુ જો એ સમયને પાર કરી ગયા તો અશાંતિ મટી જશે. જો તમે એ સમયને પાર ન કરો, તો તમે તમારી અશાંતિની દુનિયામાં ફરી પાછા આવી જશો એક માણસ સૂતેલો છે એને ખબર નથી પડતી કે એના પગમાં દર્દ છે જ્યારે જાગે છે ત્યારે ખબર પડે છે પરંતુ જાગવાથી દર્દ નથી થતું જાગવાથી ખબર પડે છે

(૨૮) મહાવીર કહે છે કે દુઃખની જે પ્રતીતિ થાય છે તેનો સ્વીકાર કરો

મહાવીર જાણે છે કે કાયા ક્લેશ વખતે કોઈ વ્યક્તિ સાધનામાં જીતવશે તેની સાથે જ એની કાયા એને વધુ દુઃખ દેતી માલૂમ પડશે. કેમ કે સુખ આપવાનું તો બંધ થઈ જશે આમ તો કાયાએ કયારેય સુખ આપ્યું જ નહોતું માત્ર એ એમ માનતો હતો કે આપશે. આ જે આપણી ભ્રમ હતો આપણો કે પના હતો એનો પડદો ઊડી જશે અને ત્યારે દુઃખ જ દુઃખ દેખાશે એ દુઃખને જોઈને પાછા ન ફરશો

મહાવીર કહે છે કે એ કાયા-ક્લેશને સહન કરવો આ કાયા ક્લેશ નથી કાયાનાં દુઃખ દેખાવાં શરૂ થઈ જશે એની બીમારીઓ

દેખાશે. તણાવો દેખાશે, અગવડો દેખાશે, રુગ્ણતા, બુઢાપો આવશે, મોત આવશે — આ બધુ દેખાશે. જન્મથી માંડીને મૃત્યુ સુધીની એક લાબી માત્રા દેખાશે પણ ગભરાવું નહિ. એ કાયા-કલેશને સહન કરવો. એને જોવુ એનાથી રાજી રહેવું. એનાથી નાસવુ નહિ તો કાયા-કલેશનો અર્થ એ નથી કે દુઃખ આપવું. કાયા-કલેશનો અર્થ છે કે દુ ખ આવશે, દુઃખ પ્રતીત થશે, દુઃખ અનુભવમા ઊતરશે. એનાથી તમે બચાવ ન કરશો. સ્વીકાર કરશો.

(૨૯) દુઃખમાંથી બચવાની કોશિશ ભવિષ્યના સ્વપ્નમાં, સુખના ભ્રમમાં લઈ જાય છે — કાયા-કલેશની સાધના દુઃખના સમગ્ર સ્વીકાર દ્વારા દુઃખમાંથી મુક્તિની છે

મહાવીર એમ નથી કહેતા કે તમે દમન કરો. મહાવીર કહે છે કે દમન કરવાની જરૂર નથી. કાયા પોતે જ એટલુ દમે છે કે હવે તમે એને વધુ શું દમશો ? કાયાના પોતાના જ દુઃખ એટલાં છે કે હવે વધુ દુઃખ ઊભા કરવાની કોઈ જરૂર નથી. પરતુ કાયાના દુઃખની ખબર ન પડે, એટલા માટે આપણે સુખ ઊભા કરીએ છીએ, સુખનુ આયોજન કરીએ છીએ. આજે ન મળ્યુ, તો કાલે મળશે, પરમ દિવસે મળશે. આ રીતે કાલ પર ટાળતા જઈએ છીએ, સ્થગિત કરતા જઈએ છીએ આજનુ દુ ખ ભૂલવવા માટે કાલનુ સુખ બનાવતા કરતા રહીએ છીએ આજ પર પડદો પડી જાય, એટલા માટે કાલની તસવીર બનાવતા રહીએ છીએ. એટલા માટે કોઈ માણસ આજમાં જીવવા નથી માગતો. આજ ખુબ દુઃખદ છે. બધુ કાલ પર નાખતા રહે છે.

મહાવીર જાણે છે કે સાધનામા જેવો અ તમા પ્રવેશ થશે, તેવી કાલ તૂટવા લાગશે, આજમાં જીવવાનુ થશે અને બધાં દુઃખ તીવ્રપણે ખૂચશે બધી બાજુથી દુઃખ ઊભાં થઈ જશે બધી બાજુ બુઢાપો અને મોત દેખાવા લાગશે. ક્યાય સુખનો કોઈ સહારો નહિ રહે. તમે વિચારતા હતા કે કાગળની જે નાવ પાર કરાવી દેશે તે

તૂટી જશે તમે વિચારતા હતા કે જે સહારો છે, એ ખોવાઈ જશે જે ભ્રમોને આધારે તમે જીવતા હતા તે તૂટી જશે જ્યારે બિલકુલ બધ બન્ધ થઈને તમે જ્યારે સાગરમાં ઉભેલા ડૂબતા રહેશો ન તો નાવ હશે ન તો સહારો હશે અને ન તો કોઈ કિનારો દેખાતો હશે ત્યારે પણ કલેશ થશે એ કલેશને સહેવા એ કલેશનો સ્વીકાર કરવો. એમ જાણવું કે એ જીવનની નિયતિ છે એમ જાણવું કે એ પ્રકૃતિનો સ્વભાવ ■

કાયા કલેશનો અર્થ ■ કે જે કાંઈ આવે તેનો સ્વીકાર કરવો એનાથી નાસવાની કે ચિંતા ન કરવી. એનાથી નાસવાની કોશિશ જીવનના સ્વપ્નમાં લઈ જાય છે એનો વિપરીત સુખ બનાવવાની ચિંતામાં ન પડવું કેમ કે સુખ બનાવવાની ચિંતા એને જોવા નથી દેતી જાણવા નથી દેતી ઓળખવા નથી દેતી. ખ્યાલ રહે આ જીવનમાં જેણે મુક્તિ પામી છે તેણે દુઃખથી જ મુક્ત થવાનું હોય છે સુખથી કોઈ મુક્ત નથી થઈ શકતું સુખ છે જ નહિ તો એનાથી મુક્ત પણ કયાંથી થશે? એ ભ્રમ છે દુઃખથી મુક્ત થવાનું હોય છે અને દુઃખથી મુક્તિ દુઃખની સ્વીકૃતિ (acceptibility)માં છુપાયેલી છે— સમગ્ર સ્વીકાર (total acceptibility)માં તો કાયા કલેશનો અર્થ એ છે કે કાયા દુઃખ છે, એનો સમગ્ર સ્વીકાર એ સ્વીકાર એટલો થઈ જવો જોઈએ કે તમારા મનમાં એ સવાલ ન ઊઠે કે કાયા દુઃખ છે

(૩૦) કાયાક્લેશનો બીજો ભાગ—દુઃખની એટલી પૂર્ણ સ્વીકૃતિ કે કલેશનો બોધ પણ મરી જાય

કાયા કલેશનો બીજો હિસ્સો હું તમને જણાવું છું જો તમને એમ લાગતું હોય કે કાયા દુઃખ ■ તો એનો અર્થ એ થયો કે તમને કાયાથી સુખ મળવાની આશા છે જો હું એમ માનતો હોઉં કે મારા મિત્ર મને દુઃખ દઈ રહ્યો ■ તો એનો અર્થ એટલો જ છે કે હજુ હું એમ માનું છું કે મને મારા મિત્ર પાસેથી કોઈ સુખ

મળવુ જોઈએ. જો હું કહું છું કે મારું શરીર દુઃખ આપે છે, તો એનો અર્થ એ કે મારી અંદર શરીરમાથી સુખ મેળવવાની કયાંક આશા રહેલી છે.

કામા-કલેશનો અર્થ એ છે કે દુખનો સ્વીકાર કરી લો એટલો સ્વીકાર કરી લો કે તમને કલેશનુ ભાન પણ મટી જાય જે દિવસે પૂર્ણ સ્વીકૃતિ હશે એ દિવસે કલેશનુ ભાન મટી જશે. એટલા માટે મહાવીર બધા દુખોની વચમા આનંદથી ઘૂમતા રહે છે. તેઓ જ્યારે વરસાદમા ઊભા હોય છે, યા તડકામા ઊભા હોય છે, યા નગ્ન હોય છે, યા વાળલોચન કરી રહ્યા હોય છે, યા ભોજન નથી કરતા, તો કોઈ દુઃખમા નથી. એમને દુખની ખબર જ નથી. કામા-કલેશની સ્વીકૃતિ એટલી ગહન થઈ ગઈ છે કે દુઃખની કોઈ પણ ખબર નથી પડતી તેઓ કેવી રીતે કહે કે આ દુઃખ છે?

(૩૧) અપેક્ષાને કારણે પેદા થતાં દુઃખ

હુ રસ્તા પરથી પસાર થાઉ, ત્યારે તમે લોકો મને નમસ્કાર કરો એવી હુ અપેક્ષા રાખુ અને જો તમે નમસ્કાર ન કરો, તો મને દુઃખ થશે પણ જો હુ અપેક્ષા જ ન રાખુ, તો દુખ કેવી રીતે થશે? જો તમે મને ગાળો દો અને મન દુઃખ થાય તો એનો અર્થ છે કે મેં અપેક્ષા રાખી હતી કે તમે ગાળ નહિ દો. તમે ગાળ ન દેત, તો મને સુખ થાત, દો છો તો દુઃખ થાય છે. પરતુ જો મારી જો કોઈ અપેક્ષા ન હોય અને તમે ગાળ દો તો હુ જાણીશ કે એ જ નિર્યાત છે. આ ક્ષણે ગાળ પણ પેદા થઈ શકતી હતી, તે થઈ ગઈ. તમારી પાસેથી ગાળ મળી શકતી હતી, તે મળી ગઈ. એમા વિપરીત કયાય કોઈ બીજી આકાક્ષા નહિ હોય, તો પછી કોઈ દુઃખ નથી રહેતું.

(૩૨) સ્વીકારની સાથે દુઃખવિસર્જિત થઈ જાય છે. અસ્વીકારની સાથે અનેકગણું થઈ જાય છે

કામા કલેશની સાધના શરૂ થાય છે—દુઃખના સ્વીકારથી અને

પૂર્ણ થાય છે—દુઃખના વિસર્જન થી ધ્યાન રહે કે દુઃખ વિસર્જિત નથી થતું જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી તો એ રહેશે પરંતુ જે દિવસે સ્વીકાર પૂરો થઈ જાય છે એ દિવસે તમારા માટે દુઃખની હસ્તી નથી કેમ કે સ્વીકારની સાથે એટલું મોટું રૂપાંતર (transformation) જેની આપણને ખબર જ નથી.

યુદ્ધના મેદાન પર સૈનિક જાય છે તો જ્યાં સુધી તે જતો નથી ત્યાં સુધી તે ભયભીત રહે છે ખૂબ ગભરાય છે બચવાની કોશિશમાં લાગેલો રહે છે કે કોઈ પણ રીતે બચી જાઉં પરંતુ યુદ્ધના મેદાન પર પહોંચે છે ત્યાં બૉમ્બ પડી રહ્યા છે ગોળીઓ ચાલી રહી છે ત્યાં એક બે દિવસ તો એની હાલત ખરાબ થઈ જાય છે એ સૂતા નથી પામતો વારવાર ચમકી ઊઠીને જાગી જાય છે પણ બેચાર દિવસ પછી તમે ચકિત થશો કે એ જ સૈનિક બૉમ્બની વર્ષા વચ્ચે, ગોળીઓની રમઝટ વચ્ચે સૂઈ રહ્યો છે એ જ સૈનિક બાજુમાં લાશો પડી હોય અને ભોજન કરી રહ્યો છે એ જ સૈનિક પાસેથી સનનન કરતી ગોળીઓ છૂટતી હોય છે અને એ પત્તા રમી રહ્યો હોય છે એનામાં શું થઈ ગયું ? એક વાર યુદ્ધની સ્થિતિનો સ્વીકાર થઈ ગયો હકીકત (fact) થઈ ગઈ કે એ ઠીક છે એ અને વાત ખતમ થઈ ગઈ

બીજા મહાયુદ્ધમાં લંડન પર બૉમ્બમારો થતો હતો. લોકો ચિંતિત હતા કે શું થશે ? પરંતુ બેચાર દિવસ પછી બૉમ્બમારો ચાલતો રહ્યો લોકો બજારમાં સામાન ખરીદવા નીકળવા લાગી બાગકો રમતમાં જતુવા જવા લાગ્યા બૉમ્બમારાનો સ્વીકાર થઈ ગયો તે એક હકીકત થઈ ગયો એવું નથી હોતું કે યુદ્ધમાં પાસે જે લાશ પડી હોય છે એ લાશ નથી હોતી અને એવું પણ નથી કે એ માણસ નઠોર થઈ ગયો છે એ માણસ એનો એ જ છે પરંતુ હકીકતની સ્વીકૃતિ આખી સ્થિતિને બદલી નાખે છે જ્યાં સુધી તમે અસ્વીકાર કરશો, ત્યાં સુધી તમને હકીકત સતાવશે. જે દિવસે

સ્વીકાર કરી લેશો, કે બસ, વાત પૂરી થઈ ગઈ. જો હું એ જાણી લઉં કે શરીરની સાથે મોત અનિવાર્ય છે, તો મોતનુ દુઃખ નષ્ટ થઈ જાય.

(૩૩) મહાવીરની કાયા-કલેશની સાધના કોઈ સુખની અપેક્ષાથી નથી

કાયા-કલેશની સાધના દુઃખની સ્વીકૃતિ દ્વારા દુ ખથી મુક્તિનો ઉપાય છે. પરતુ કાયાને કષ્ટ દેવાની કોશિશ એ કાયા-કલેશની સાધના નથી. કેમ કે જે માણસ કાયાને દુ.ખ દેવામાં લાગેલો છે. એ માણસ ફરી કોઈ સુખની આકાક્ષામાં પડયો છે. આપણે બધા પ્રયત્ન સુખને માટે જ કરીએ છીએ. જ્યા સુધી આપણે કોઈ સુખ માટે પ્રયત્ન કરીએ છીએ, ત્યા સુધી આપણે સુખની જ આકાક્ષાથી કરીએ છીએ. એક માણસ પોતાના શરીરને પણ દમી શકે છે એ ફક્ત એ આશામાં કે મોક્ષ મળશે, આનદ મળશે, આત્મા મળશે, પરમાત્મા મળશે. તો સુખની આકાક્ષા ચાલુ જ છે.

મહાવીરની કાયા-કલેશની ધારણા કોઇ સુખને અર્થે શરીરને દુઃખ દેવા માટે નથી. પરપરાગત વ્યાખ્યામા લોકો એ અર્થ ઘટાવે છે કે જેવી રીતે માણસ ધન કમાવાને માટે દુઃખ ઉઠાવે છે, એવી જ રીતે મોક્ષ મેળવવા માટે પણ દુ.ખ ઉઠાવવા પડશે પરતુ આ ખોટુ છે જેવી રીતે કોઈ માણસ વ્યાયામ કરે છે, તો શરીરને કષ્ટ આપે છે કે જેથી સ્વાસ્થ્ય ઠીક થઈ જાય એવી જ રીતે કાયા-કલેશ કરવો પડશે.

(૩૪) દુઃખ ન તો વધારી શકાય કે ન તો ઘટાડી શકાય— વિકલ્પ ફક્ત એના સ્વીકારમાં કે અસ્વીકારમાં છે

કાયા તો કલેશ જ છે હવે વધુ કલેશ તમે એમા ઉમેરી શકતા નથી. કલેશ ઉમેરવો એ તમારા હાથની બહાર છે. જો કલેશ ઉમેરવો એ તમારા હાથની વાત હોત, તો કલેશ ઓછો કરવો એ

[illegible] તમારા [illegible] વાત [illegible] અને જરા બરાબર સમજી લો. જો તમારા દુઃખમાં દુઃખ ઉમેરી શકાય છે, તો ઘટાડી કેમ નથી શકતા ? અને દુઃખ ઉમેરી શકાય છે તો દુઃખ ઘટાડી પણ શકાય છે. [illegible] વધારવાનું થઈ શકે ત્યાં ઘટાડવાનું પણ થઈ શકે છે. આપણા મારે શરીરે ને દુઃખી કહેવા નામધારી ધર્મિષ્ઠ માણસમાં, અને દુઃખિયાંમાં દુઃખ ઓછાં કરવામાં લાગેલા લોકોમાં—એમાં કોઈ તફાવત નથી. આપણા મણિલમાં કોઈ ફરક નથી. એમનો મણિલનો [illegible] આ જ છે.

ઝવેરીલાલ કહે છે કે નથી તમે વધારી શકતા, કે નથી તમને ઘટાડી શકતા જે છે એનો તમે સ્વીકાર કરી લો. અને [illegible] તે અસ્વીકાર કરી લો. તમે માત્ર આટલું જ કરી લો. [illegible] જે નિશ્ચય છે તે સ્વીકાર અને અસ્વીકારમાં છે. ઘટાડવા અને વધારવામાં નથી. ખ્યાલ રહે સ્વીકાર કરી લેશો તો દુઃખ શબ્દ અર્થ કરી અસ્વીકાર કરો તો દુઃખનો જેટલો અસ્વીકાર કરીશું તેટલા અંશે તે વધારે થઈ જશે. આ રીતે કાયા કલેશનો અર્થ [illegible] પણ સ્વીકૃતિ જે છે એનો એ રૂપે સ્વીકાર.

(૩૫) ઝવેરીલાલના કાનમાં ખીલા ઠોકવાના બનાવનો બોધ : સ્વીકાર કરવાનું ઉપર ઊતરી જવું

[illegible] કહે છે કે ઝવેરીલાલના કાનમાં જે રીતે ખીલા ઠોકવામાં આવ્યા તે [illegible] આ રીતે ઝવેરીલાલે કહ્યું કે આપ અને આટલા આપ [illegible] અમને આવ્યા [illegible] એટલા [illegible] તમારા જેવા નિશ્ચાન [illegible] કે [illegible] ખીલા [illegible] તમને [illegible] ઠોકાવ કરે [illegible]

[illegible] ખીલા ઠોકવા [illegible] તો તમને [illegible] તે [illegible] ખીલા ઠોકવા [illegible]

ઇન્દ્ર કાંઈ સમજ્યો નહિ. એણે કહ્યું, જરૂર થાય છે. તો હું આપની રક્ષા કરવા માટે આવી જાઉં?

મહાવીરે કહ્યું, તમે ખાતરી આપો છો કે તમારી રક્ષાથી મારા દુઃખ ઓછાં થશે?

ઇન્દ્રે કહ્યું, કોશિશ કરી શકું છું. ઓછાં થશે કે નહિ, એ હું નથી કહી શકતો

મહાવીરે કહ્યું, મેં પણ જન્મોજન્મ સુધી કોશિશ કરી જોઈ પણ દુઃખ ઓછું થયું નથી. હવે મેં કોશિશ છોડી દીધી છે. હવે હું એટલી પણ કોશિશ નહિ કરું કે તમને હું રક્ષા માટે રાખી લઉં. નહિ, તમે જાઓ. જે ભૂલ કાનમાં ખીલા ઠોકનારાએ કરી તે જ તમે પણ કરો છો. ખીલા ઠોકનારો માનતો હતો કે ખીલા ઠોકીને એ મારું દુઃખ વધારી દેશે. તમે માનો છો કે મારી સાથે રહીને તમે મારું દુઃખ ઘટાડી દેશો. તમારું બંનેનું ગણિત એક જ છે. મને છોડી દો. જે છે, એનો મને સ્વીકાર છે. એણે ખીલા જરૂર ઠોક્યા, પણ મારા સુધી એ ખીલા પહોચ્યા નથી. હું ઘણો દૂર ઊભો છું મે સ્વીકાર કરી લીધો છે.

જેવો કોઈએ સ્વીકાર કરી લીધો, એ એની ઉપર ઊઠી જાય છે. જે સ્થિતિનો તમે સ્વીકાર કરો છો, એની ઉપર તમે ઊઠી જાઓ છો, તત્કાળ તમે ઉપર થઈ જાઓ છો. કામા-ક્લેશનો એ જ અર્થ છે.

મહાવીરનું છઠ્ઠું બાહ્ય તપ છે—સંલીનતા, આપણે એના પર કાલે વાત કરીશું.

શુભેચ્છા સાથે —

મહાવીરે પહેલા જે પાંચ બાહ્ય-તપ કહ્યા છે તે શક્તિ સંરક્ષણને માટે છે આ જે છઠ્ઠું તપ સંલીનતા કહ્યું છે, એ સંરક્ષિત શક્તિનો અંતર પ્રવાહ છે શક્તિ બચે અને શક્તિ પાછી ફરે. આ શક્તિના અંદર પાછા ફરવા માટે તમારે ત્રણ પ્રયોગ કરવા પડશે. એક તો પોતાના શરીરની ગતિવિધિઓને જોવી પડશે. બીજું, શરીરની ગતિવિધિઓ અને મનની ગતિવિધિઓને તોડવી પડશે. ત્રીજું, શરીરની ગતિવિધિઓ અને મનની ગતિવિધિઓની પાર થવું પડશે ત્યારે તમે જાણશો કે તમે સંલીન થવાના શરૂ થઈ ગયા છો. પોતામાં ડૂબવા લાગ્યા છો, પોતામાં ઊતરવા લાગ્યા છો, પોતાની અંદર અને અંદર ગહનતામાં જવા લાગ્યા છો.

—શ્રી રજનીશજી

[મહાવીર-વાણી ના આગામી પુસ્તકમાંથી]

કાન્તિલાલ ધનજીની કું.

કરીયાણા ખાતુ

શ્રીફળના જથ્થાબંધ તેમ જ છૂટકના વેપારી

અને કમિશન એજન્ટ

ફોન
૩૨૯૧૮૩/૮૪

ગ્રામ
KISHORDHAN

૩૧ કાન્તિ હાઉસ
બાંદ્રા બજાર ફુવારા સામે,
મુંબઈ-૪૦૦ ૯

શુભેચ્છા સાથે :—

મહાવીરે પહેલું અંતરસ્તપ પ્રાયશ્ચિત્ત કહ્યું છે પ્રાયશ્ચિત્તનો અર્થ પશ્ચાત્તાપ નથી બંનેમા આસમાન-જમીનનો ફરક છે પશ્ચાત્તાપનો અર્થ છે, જે તમે કર્યું છે, તેને માટે પસ્તાવો. પરંતુ તમે જે છો તેને માટે પસ્તાવો નથી. તમે ચોરી કરી હોય તો ચોરીને માટે પસ્તાવ છો તમે હિંસા કરી હોય તો તમે હિંસાને માટે પસ્તાવ છો તમે બેઈમાની કરી હોય તો બેઈમાનીને માટે પસ્તાવ છો. તમારા માટે નહિ, તમે તો ઠીક જ છો. પશ્ચાત્તાપ તમને બદલતું નથી. એ તમે જે હતા, એ જ રહેવા દેવાની વ્યવસ્થા કરે છે. પશ્ચાત્તાપ તમારા અંતરાત્મામા કોઈ ફરક નથી લાવતો. પશ્ચાત્તાપ કર્મ ગલત થવાના બોધ સાથે સંબંધિત છે પ્રાયશ્ચિત્ત એ બોધ સાથે સંબંધિત છે કે હું ગલત છુ. પશ્ચાત્તાપ કરવાવાળો ત્યાનો ત્યા જ હોય છે. પ્રાયશ્ચિત્ત કરવાવાળાએ પોતાની જીવનચેતનાને રૂપાંતરિત કરી નાખવાની હોય છે, કે જેનાથી પછી ગલત કામ થાય જ નહિ પ્રાયશ્ચિત્તનો અર્થ છે એ માણસનુ મૃત્યુ કે જે ભૂલો કરી રહ્યો હતો, એ ચેતનાનુ મૃત્યુ કે જેનાથી ભૂલો થઈ રહી હતી.

ભગવાન શ્રી રજનીશ

['મહાવીર વાણી'ના આગામી પુસ્તકમાથી]

પારસ સિરામિક સેંટર

૦ મારબલ ૦ ગ્લેઝ્ડ ટાઈલ્સ ૦ સેનિટરી વેર
૦ બાથરૂમ ફિટિંગ્ઝ ૦ પ્લમ્બિંગ એક્સેસરીઝ

ફોન :
૨૬૮૪૯૪

૭૯, મિન્ટ રોડ,
મુંબઈ-૪૦૦૦૦૧

(અનુસંધાન પાના નં. ૯૬ નું ચાલુ ઉપર)

નિર્ધાર કે મરણે કેવાયે કિસ્સા અનશન થઈ ગયા છે એવા પ્રસંગોમાં મનની સમયનો અનુભવાઈ છે પરંતુ તો સંસારીઓ સાથેનું જે બંધન હતું તે તૂટતું અનુભવાતું છે પછી શરીર સાથેનું તાદાત્મ્ય અને ત્યારે બાદ મનની સાથેનું તાદાત્મ્ય તૂટતું જોવા મળ્યું છે, અનુભવવા મળ્યું છે સાથે સાથે ગાડીમાં ખુલ્લા તરીકે મુસાફરી કરતા કરતા પાયખાનાની બાજુમાં સૂતા સૂતા કે સ્ટેશન પર કે કોઈની દુકાનના ઓટલા પર કે ક્યાંક બસ સ્ટેન્ડ પર સૂતા સૂતા કડકડતી ઠંડીમાં રાત્રે માત્ર એક પાતળી તગી ઓઢીને સૂતા સમાજના નીચલાં, પીડિત વિગેરેની સાથે જે તાદાત્મ્ય અનુભવ્યું છે એને મરણે એક પીડાનો એક ઝરૂખાનો જન્મ થયો છે કે ત્યારે રજનીશજી જેવી સાક્ષાત્ ભગવાનની કોઈ વ્યક્તિ હાજર છે ત્યારે જે મૂડીભર ધનવાનોએ એમને ધનની લાલચમાં લપેટી લીધા છે તેમાંથી બહાર આવીને જન-સુખને માટે તેમને મદદ કરવા

જોકે આ પડેવાના પણ એવા ઘણાયે પ્રસંગો છે કે જેમાં અનંતની આરાધના કરતા નીકળેલા અને અનંતનું અવતરણ થાય તે માટે મથતા ધનસુખની આત્મિક પ્રતિભાનું સર્જન થયેલું છે રજનીશજીએ સંન્યાસ લેવા માટે પૂછ્યું ત્યારે મીંયો ઝવેરી પણ કરેલો છે હું નહીં લેવા માગતો તારે જો સંન્યાસ લેવાનો હોય તો થોડા એવું કહીને ઘરાક પોતે લેવા નથી ગયો યારે રજનીશ વતી સ્વામી વિવેક સાગરે એના પર સંન્યાસ લોધ્યો અને પછી રજનીશજીએ નામ મોકલ્યું — સ્વામી અનંત ત્યા એ ઝવેરી પણ

વાચકો ને મિત્રો આપણે અની સાથે અનંતના સંચારે જઈએ અને ભગવાનને જવા માટે મુક્ત કરવાના પ્રયાસમાં ટેકો પુરાવીને મહાઆનંદના સહભાગી બનીએ

—સ્વામી ગોવિંદ ચૈતન્યના પ્રણામ

卐 卐 卐

(અનુસંધાન ટાઈટલ પેજ ૩ નુ ચાલુ)

પણ એ આ બધુ શા માટે કરે છે? જો એ જાણવું હોય તો એના જીવનમાં સહેજ ઊંડા ઊતરવુ પડશે.

એક પ્રસંગ લઈએ. ગયા વર્ષના નવેમ્બર મહિનાની વાત છે. ઑફિસમાંથી લાંબી રજા મંજૂર થઈ હતી. આગળ એક વખત વિચાર કરેલો, દક્ષિણ ભારતના યાત્રા-ધામોનુ દર્શન કરવાનો, એ પાકો બન્યો. પણ એવુ નક્કી કર્યું કે આ પ્રવાસ તદ્દન અજ્ઞાત રહીને ઘેરથી એક પણ પૈસો લીધા વગર કરવો, સાથે કોઈ પણ જાતની સાધનસામગ્રી રાખ્યા વગર, પહેરેલે કપડે અને તે પણ એક વીટાળેલી લુગી અને બીજી એક વધારાની બદલવા માટેની લુગી—બસ એ જ. એથી વિશેષ કાંઈ નહિ. બિલકુલ અસુરક્ષામા વળી નક્કી કર્યું કે ભોજન માટે પણ કોઈની પાસે કાંઈ માગવુ નહિ. કોઈ સામેથી નિમંત્રણ આપે તો જ જમવું. આવા સંકલ્પ સાથે તે નીકળી પડયો.

પોરબંદરથી ચોરવાડ અને સોમનાથ થઈને નડિયાદ ઊતરવાનુ થયુ. ત્યાથી આગળ વધી મુંબઈ ઊતર્યા વગર પૂના થઈને પંઢરપુર પહોંચ્યો. ત્યાથી દક્ષિણની મુસાફરી આગળ ચાલી અને આંધ્રમાં થઈ અરુણાચલમમાં રમણ મહર્ષિનો આશ્રમ, પોંડિચેરીનો અરવિંદ આશ્રમ, તિરુપતિ, કોઈમ્બતુર, નગરકોઈલ વગેરે જગ્યાએ ફરતા ફરતાં રામેશ્વર અને વિવેકાનંદ-શિલાના પણ દર્શન કર્યા. ત્યાંથી પાછા ફરતાં મદ્રાસ થઈને શિરડી અને નાસિક થતા થતાં કલ્યાણ આવીને હાજી-મલંગ થઈને મુંબઈ પહોંચી બરાબર રજનીશજીના જન્મદિન ૧૧મી ડિસેમ્બરે તેમનાં દર્શન કરીને અજ્ઞાત યાત્રા પૂરી કરી.

આ પ્રવાસની બહારની વાતો તો રસિક છે જ. પણ એનો સૌથી વધુ રસિક અને મહત્ત્વનો ભાગ આંતરિક છે. શરીર તો બહારનો પ્રવાસ કરતું રહ્યું. પણ એની સાથે સાથે ભીતરની જે અંતર્યાત્રા ચાલી છે, એ ઘણી મહત્ત્વની છે. ભોજન માટે માગવુ પણ નહિ એવા

(અનુસંધાન પાના ન. ૯૫ ઉપર)

(અનુસંધાન પાછલા પૃષ્ઠ ૪૮નું ચાલુ)

અપ્રિય [illegible] શિક્ષણની [illegible] પ્રવચનની આખરી ઘંટી [illegible] શિક્ષણ [illegible] માટે [illegible] વિશ્રામ [illegible] સૌજન્ય [illegible] ન રાખવા [illegible] — [illegible] પોતાના [illegible] સાથીઓની મદદથી [illegible] [illegible] નરોની [illegible] તો [illegible] લોકો [illegible] શિક્ષણાર્થીઓ [illegible] પાની [illegible] ખાઈ [illegible] રાખવાનું [illegible] પ્રીતિ [illegible] કરતા [illegible] પ્રેમથી [illegible] કરતા [illegible] અને [illegible] પ્રેમ અને [illegible] — [illegible] તો [illegible] કે [illegible] [illegible] [illegible]